આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૧૦
સળંગ અંક : ૯૫૭
જાન્યુઆરી-૨૦૨૦



## પ્રજાસત્તાક દિન : ૨૬ જાન્યુઆરી

# સરસ્વતી વિદ્યામંડળ - અમૃતપર્વની શિક્ષણયાત્રામાં
# સારસ્વતોનું ૭૫મું ભવ્ય સ્નેહમિલન

સરસ્વતી નાગરીક સમાજ

## ૭૫મી ગોઠડી



હસતાં મળીએ,
હસતાં રહીએ...

**ડૉ. જગદીશ ત્રિવેદી**
(આંતરરાષ્ટ્રીય હાસ્યકલાકાર)
















email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૭ | જાન્યુઆરી - ૨૦૨૦



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


ભૂત હોય ? ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

શિક્ષણના સિતારા ડૉ. ઈશ્વર પરમાર / ૬

વિશ્વની પ્રથમ સંપૂર્ણ લોકતાંત્રિક શાળા - સમરહિલ હીરજીભાઈ નાકરાણી / ૧૩

શિક્ષકની ચેતના ડૉ. અરુણ જે. કક્કડ / ૨૨

અમૃત ગોઠડી સારસ્વતો તણી... કેશુભાઈ પટેલ / ૨૮

મને કેમ વિસરે રે.... હરિતકુમાર પંડ્યા / ૩૦

વર્તમાન યુવાઓ માટે ગાંધીની પ્રસ્તુતતા હરેશ ધોળકિયા / ૩૫

'સંતાનમાં સંસ્કારનું સિંચન કોણ કરશે ?' ડૉ. ઉર્મિલા શાહ / ૩૯

પ્રજાસત્તાક દિન અશોક સોમપુરા / ૪૧

સાર્ધ શતાબ્દી વંદના રમેશ ઓઝા / ૪૨

પ્રકૃતિના ખોળે રમીએ રાજેશ બારૈયા 'વનવાસી' / ૪૨



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


**આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ભૂત હોય ?

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**

૩૦૨, યશ એક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ભણતાં-ભણાવતાં અલક-મલકની વાતો પણ થાય. એમાં કોઈ અભ્યાસક્રમ ના હોય કે ના હોય કોઈ વિષયની મર્યાદા. એમાં ભૂતની વાતો પણ થાય. એક દિવસ બાળકોએ ઋતુ શાહને પૂછ્યું, મેમ, ભૂત હોય ? તમે ભૂત જોયું છે ? ઋતુ શાહે જવાબ આપ્યો કે ઈશ્વર એટલે કે ભગવાન હોય ? બધાં બાળકો કહે,હોય. ઋતુ કહે કે એ દેખાતા નથી છતાં પણ આપણે કેમ માનીએ છીએ કે ભગવાન છે ? બાળકો કહે કે એવી શ્રદ્ધા છે. એ પછી ઋતુએ બાળકોને શાંતિથી સમજાવ્યું કે જેમ આપણામાં શ્રદ્ધા હોય છે તે રીતે જ ડર પણ હોય છે. ડરને કારણે આપણે એવું માનીએ છીએ કે ભૂત હોય છે. આપણા મનની ખૂબ શક્તિઓ હોય છે. જો મન નબળું હોય અને આપણે સતત ભૂતના વિચારો કરીએ તો આપણને ભૂત દેખાય.

ભૂત હોતું નથી, પરંતુ તેના ડરને કારણે, આપણા નબળા મનને કારણે આપણે ભૂતમાં માનવા લાગીએ છીએ. એ પછી તો બાળકોએ ભૂત અંગે ઋતુ શાહને અનેક સવાલો કર્યા. ઋતુએ શાંતિથી તેના જવાબો આપ્યા.

ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતાં અને શ્રમિકોનાં આ સંતાનોના મનમાં ભૂતનો ખ્યાલ ઘર કરી ગયો હોય. તેમના પરિવારજનો ભૂત-પ્રેતમાં, વડગાડ વગેરેમાં ખૂબ માને. દર બીજા ઘરે ભૂતની વાત હોય જ. કોઈ માંદુ પડે તોય તરત માનવામાં આવે કે તેને કોઈ વડગાડ હશે. આવી સ્થિતિમાં ઋતુએ બાળકોને ખૂબ શાંતિથી સમજાવ્યાં.

ઋતુએ કહ્યું કે આપણે આપણા મનને એકદમ મજબૂત રાખવાનું. આપણે આપણી જાતમાં વિશ્વાસ રાખવાનો. જો આપણે ડરી જઈએ તો આપણા મનમાં ભૂત ઘુસી જાય.

એ દિવસે બાળકોએ ભૂતની આ વૈજ્ઞાનિક વાતો ખૂબ જ રસથી સાંભળી. એ પછી બાળકોના મનમાંથી ભૂતનો ડર ઘણા બધા અંશે દૂર થઈ ગયો.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## શિક્ષણ સંસ્થાનું ઈન્સપેકશન અને સુપરવિઝન

તાજેતરમાં અમદાવાદની જાણીતી અને કહેવાતી પ્રતિષ્ઠિત શાળાની માન્યતા રદ કરવામાં આવી. શાળા આઠ વર્ષથી કાર્યરત હતી. એડમીશન માટે વાલીઓ પડાપડી કરતા હતા. આવી પ્રતિષ્ઠિત અને કહેવાતા ભદ્ર વર્ગના બાળકોની શાળાની માન્યતા એકાએક રદ કરવામાં આવી. શાળાની આ અનિયમિતતા રાજ્યના શિક્ષણવિભાગ દ્વારા ધ્યાન પર નથી આવી પણ એક અન્ય પોલીસ કેસ દરમિયાન ધ્યાન ઉપર આવી.

અમારી દૃષ્ટિએ CBSC અને રાજ્ય સરકારની બેદરકારીનું આ પરિણામ છે. એકાદ બે વર્ષ પહેલા રાજકોટની એક શાળા પાસે CBSCની માન્યતા જ ન હતી અને છતાં વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા અન્ય શાળાના Enrolmentના આધારે આપી હતી.

CBSC સંલગ્ન શાળાઓની ઘનિષ્ટ તપાસ થાય તો આવી અનેક શાળાઓ રાજ્યમાં કાર્યરત જોવા મળશે.

રાજ્યના બોર્ડની કે CBSCની સંલગ્નતા મેળવવાના નિયમો અને કાર્યપ્રણાલી જટીલ હોવા છતાં સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ જાય તે CBSC અને રાજ્ય સરકાર માટે શરમજનક છે. આવી અમાન્ય શાળામાંથી આઠ વર્ષ દરમિયાન કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા ?

એકાદ ઘટના બને એટલે સરકાર સફાળી જાગે અને હરકતમાં આવે છે. (સુરતની ઘટના) ''કડક હાથે કામ લેવામાં આવશે.'' મોટા ચમરબંધીઓને પણ નહીં છોડવામાં આવે તેવા હાકલા પડકારા જોર-શોરથી કરવામાં આવે છે. અંતે ''ઘીના ઠામમાં ઘી''. થોડા સમય પછી એજ શિથિલતા, ઉદાસીનતા, સાચા ખોટા વ્યવહારો, ગેરકાયદેસર કામોને કાયદેસર કરવાની ઘર કરી ગયેલી સર્વસ્વીકૃત પ્રક્રીયા, રાબેતા મુજબ ચાલે છે. આ અમારુ અવલોકન છે.

અમે અગાઉ પણ આ કોલમમાં જણાવ્યું છે કે સરકારે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ શિક્ષણ અધિકારીના કાર્યાલયને વધુ મજબુત કરવાની જરૂર છે. જિલ્લા શિક્ષણ અધિકારીઓનો મોટા ભાગનો સમય સરકારશ્રી દ્વારા કરવામાં આવતા ઉત્સવો, મેળાઓ, બિન શૈક્ષણિક કામો તેમજ જરૂરી માહિતીઓ પૂરી પાડવામાં જાય છે. પરિણામે જિલ્લા શિક્ષણ અધિકારી અસરકારક સુપરવિઝન અને ઈન્સપેકશન કરી શકતા નથી અથવા પૂરતો ન્યાય આપી શકતા નથી. સ્ટાફ ઓછો છે સાથે સાથે તાલીમી સ્ટાફની પણ અછત છે. ઈન્સપેકશન એક કર્મકાંડ થઈ ગયું છે. તેમાં પણ વ્યવહારનું દૂષણ ઘર કરી ગયું છે.

ઈન્સપેકશન અને સુપરવિઝનનો અભિગમ અને કાર્યપદ્ધતિ પણ ફેરફાર માંગે છે. ઈન્સપેકશન અને સુપરવિઝનનું કામ માત્ર દંડાત્મક પગલા લેવાનું નથી. સમયસર અનિયમિતતા શોધવી અને તે અંગે જરૂરી માર્ગદર્શન આપવું. સમગ્ર વિશ્વમાં ઈન્સપેકશન અને સુપરવિઝનનો અભિગમ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડનો રહ્યો છે. આ કામ BRC કે CRC ન કરી શકે. આ કામ વિશિષ્ટ તાલીમ અને વિશાળ દૃષ્ટિવાળા તજજ્ઞ જ કરી શકે.

આપણે ઈચ્છીએ શિક્ષણમાં આવી અનિયમિતતા સમયસર ધ્યાન ઉપર આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર
દેવભૂમિ દ્વારકા.

વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્દ, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.

## 'સર' નહીં, સરતાજ !
## શ્રી તખ્તસિંહજી પરમાર

'શિક્ષક સાથે કેમ બોલાયે તે પણ આજે વિદ્યાર્થીઓને શીખવવું પડે છે; તેમના દ્વારા અશુદ્ધ ઉચ્ચારો સાથે બોલાતું 'સાહેબ' કેવું જુનવાણી લાગે છે ! હું તો દરેક વર્ષના આરંભે ક્લાસે ક્લાસે જઈને, ખાસ તો નવા સ્ટુડન્ટ્સને કહી દઉં છું - 'મને સાયેબ નહીં, સર કહેવાય !'

— આવું કહેતો સરેરાશ શિક્ષક પોતાની નિવૃત્તિ લગી 'સર' રહીને પછી વિદ્યાર્થીઓની સ્મૃતિમાંથી સરી કે ખરી જાય છે; જ્યારે કોશકોશ શિક્ષક તો 'સાહેબ' કે 'સર' નો તબક્કો ઝડપથી વટાવીને બની રહે છે વિદ્યાર્થીઓના સરતાજ ! ભાવનગરના પરમારસાહેબ જેવા તો વર્ગમાં જાતે સૂચના આપ્યા વગર નિવૃત્તિ પછી આજેય ઓળખાય છે ગુરુજી, બાપુજી કે દાદાજી તરીકે !

આ તખ્તેશ શિક્ષક શ્રી તખ્તસિંહજી પરમાર આજે એંસીના આરે હોવા છતાં, અનેક વિદ્યાર્થીઓ, છાત્રો, શિક્ષકો, વાલીઓ, સર્જકો, પત્રકારો, કૅટો, નાટ્યરસિકો અને વિદ્યાપ્રેમીઓના મનેસરતાજ છે. જિવાતા જીવનની પ્રત્યેક ક્ષણનો સાહજિક રીતે સ્વીકાર કરતા આ વિદ્યાપુરુષની, સ્વામી રામતીર્થ - રામ બાદશાહેબ - કહેલી આ રહી મસ્તીભરી જીવનભાવના :

'હમ રાજી હૈં ઉસ મેં, જિસ મેં તેરી રજા હૈ;
હમ તો યૂં ભી વાવા હૈ, ઔર યૂં ભી વાવા હૈ !'

વંદનીય શિક્ષક તખ્તસિંહજી પરમારના પિતાજી વ્હેરાભાઈ વ્યાજે લઈને ઉછીના આપે એવા ભોળા ! માતા વાખતુબા પારકી છઠ્ઠીનાં જાગતલ. જન્મસ્થળ : સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાનું ખોબા જેવડું ગામ : કુકડા.

તખુભા બચપણમાં ભાત આપવા જતા; કાલાં વીણતા; સાંઠિયું ખોદતા; સાંતી હાંકતા; ખળાવાડમાં સૂતા; ઢોર ચારતા; ગરમીમાં રમઝટ બોલાવતા; ને ગેડીદડાની ગમ્મત માણતા. આ બધાની સાથોસાથ એમણે પરિવારમાંથી પ્રેમ, પ્રામાણિકતા અને પરોપકારના સંસ્કાર પચાવ્યા.

કિશોર તખુભા પડોશી કહે તો એમને શાક લાવી આપે, એમનું અનાજ દળાવી આપે પણ બીડીની ઝૂડી લાવી આપવાનું કહે તો ચટ્ટ ચોખ્ખી ના !

એમના પ્રાથમિક શિક્ષણનો આરંભ ગામ જાંબુડાથી અને પછી કુકડામાં. ત્રીજા ધોરણમાં હતા ત્યારે હરિજન બાળકોને શીખવવાની જવાબદારી એમના શિક્ષક પોપટલાલ રાવળે તેને સોંપેલી ! એ વત્સલ શિક્ષક સાંજે ફરવા જતી વખતે વારતારસિયા કિશોરોને રામાયણ - મહાભારતની વાતો કરતા. એમણે તખુભાને દક્ષિણામૂર્તિ સાહિત્યનો પરિચય કાવ્યો. આથી એણે ગિજુભાઈ બધેકા અને નાનાભાઈ ભટ્ટનાં પુસ્તકો એકથી વધુ વાર વાંચવા માંડ્યાં. ઉપરાંત, નાનસેન, મંગોપાર્ક ને લિવિંગ્સ્ટનની વાચન દ્વારા આંગળી પકડીને અજાણ્યા, વિકટ ને રોમાંચક મલકમાં મનોવિહાર કરવા માંડ્યો.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ચૌદ વર્ષની વયે સને ૧૯૩૩ થી ભાવનગર રહેવાનું થયું. અહીંની સનાતન ધર્મ હાઈસ્કૂલમાં (૧૯૩૩-૩૪), એ. વી. સ્કૂલમાં (૧૯૩૪-૩૫) અને પછી ઑલફ્રેડ હાઈસ્કૂલમાં (૧૯૩૫-૩૯) એમણે માધ્યમિક શિક્ષણ લીધું.

હાઈસ્કૂલમાં શિક્ષક મનુભાઈ ભટ્ટે વર્ગમાં એકવાર કહેલું : 'ઈતર સાહિત્ય વાંચ્યા વિના વિકાસ ન થાય.' બસ તે દિ'જ તખુભા શહેરની બાટરન લાઈબ્રેરીના સભ્ય થઈ ગયા અને પછી એક પછી એક શિષ્ટ લેખકોને વાંચવા માંડ્યાં. અન્ય શિક્ષક રવિશંકર મહેતાએ એક વખત કવિ ઈન્દુલાલ ગાંધીની રચના કાળા પાટિયા પર લખીને તેનો રસાસ્વાદ કરાવ્યો ને ત્યારથી તખુભાને સાહિત્યનો રંગ લાગ્યો.

પરમાર પરિવાર ભાવનગરના નવા પરામાં રહે. હાઈસ્કૂલમાં રાજપૂત છાત્રાલયના કોઈ ને કોઈ છાત્ર તખુભા સાથે ભણતા હોય એટલે એને સહેજેય છાત્રાલયમાં જવાનું બને. ભણવાનું ને રમવાનું એ છાત્રો સાથે ને જમવા-રહેવાનું ઘેર. આમ દિવસનો ઘણો સમય છાત્રાલયમાં પસાર થાય. ભવિષ્યમાં સફળ હાઉસ માસ્ટર (ગૃહપિતા) થવાની ભૂમિકા તેનામાં અનાયાસ રચાવા માંડી. એણે વીસ વર્ષની વયે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. (૧૯૩૯)

તખ્તસિંહજીએ ઉચ્ચ અભ્યાસ ભાવનગરની શામળદાસ કોલેજમાં કર્યો. (૧૯૩૯-૪૫) આ કાળમાં વાચન બાબત એવી આદત કેળવાઈ કે જે લેખકનું પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે ભણવાનું આવે તેનું બીજું બધું સાહિત્ય પણ વાંચી જવું.તેઓ વાંચવામાં શિષ્ટ લેખકો જ પસંદ કરતા તેથી નકામું વાંચવામાંથી બચી ગયા. વિવેચન અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પુસ્તકો વાંચવાની પણ શરૂઆત થઈ ચૂકી. શિષ્ટ સાહિત્યના વિશાળ વાચન દ્વારા પ્રભાવી પ્રાધ્યાપક થવાની ભૂમિકા અનાયાસ રચાવા માંડી.

એમના પ્રાધ્યાપકો પણ ક્યાં ઓછા પ્રભાવી હતા ? પ્રા. રવિશંકર જોષી ને પ્રા. નાદીરશાહ ભરૂચા તો વિદ્યાર્થીઓને પોતાને ઘેર બોલાવીને પુસ્તકો વાંચવા આપતા; જરૂરી જાણકારી આપતા; આર્થિક સહાય કરતા કે મેળવી આપતા. પ્રિ. શહાણીની કુનેહ, રાષ્ટ્રપ્રેમ, સાદગી, નિયમિતતા ને વાક્છટાથી કૉલેજિયન પરમાર પ્રેરિત અને પ્રભાવિત થયા. આવા શિક્ષકોને સમાજમાં સન્માનિત થતા જોઈને એમણે ભવિષ્યમાં શિક્ષક જ થવાનું વિચારી રાખ્યું. શિક્ષક તરીકેનો અનુભવ મેળવવા હોંશીલા યુવાન તખ્તસિંહે વડવામાં વગર વેતને રાત્રિશાળા ચલાવી.

ગુજરાતી-સંસ્કૃત સાથે બી.એ. (૧૯૪૩) અને એમ.એ. (૧૯૪૫) ઉચ્ચ મધ્યમ વર્ગમાં પાસ થયેલા તખ્તસિંહજી છાત્રાલયમાં ગૃહપિતા તરીકેની ફરજ બજાવતા થયા હતા.

એમ.એ. થયા પછી એમણે તત્કાળ તો ભાવનગર રાજ્યના પોસ્ટવૉર રિકન્સ્ટ્રક્શન ડિપાર્ટમેન્ટમાં પ્રો. ઠાકર સાથે ખંડ સમયના અન્વેષક તરીકે કામગીરી બજાવી. બે વર્ષ વળા યુવરાજ પ્રવીણચંદ્રસિંહજીના ટ્યૂટર-ગાર્ડિયન પણ રહ્યા. અન્ય રાજ્યોના કુંવરોના ટ્યૂટર થવાનાં કહેણ પણ આવેલાં. જામનગરના રેવન્યુ ખાતામાં જોડાવાની તક હતી પણ... એમને તો શિક્ષક જ થવું હતું. આમેય, ત્રીજા ધોરણથી માંડીને એમ.એ. લગી તેઓ કેટલાક સહાધ્યાયીઓને ભણાવતા જ આવ્યા હતા ને ?

અમદાવાદ અને ભાવનગર જિલ્લાનો પગપાળો પ્રવાસ (૧૯૪૭) કરનાર તખ્તસિંહજીએ તારુણ્યકાળમાં કરેલ સંકલ્પ મુજબ શિક્ષણક્ષેત્રે જ કારકિર્દી અપનાવી. તેઓ ભાવનગરની ઑલફ્રેડ હાઈસ્કૂલમાં એક વર્ષ (૧૯૪૭-૪૮) મદદનીશ શિક્ષક તરીકે રહ્યા. કોઈના હૈયામાં સ્થાન પામી શકાય; આપણે પામ્યા હોઈ તે આપી શકાય; કશુંક વાવીને ઉગાડી શકાય; આ તેમની ભાવના.

તા. ૨-૮-'૪૭ના ઑલફ્રેડ હાઈસ્કૂલમાં જોડાયેલા તખ્તસિંહજીને તે શાળામાંથી નિવૃત્ત થતા શિક્ષક સાકરલાલ ભટ્ટ આઠમા ધોરણમાં લઈ ગયા ને તેમનો પરિચય કરાવ્યો. તેમના વર્ગમાંથી ગયા પછી નવા શિક્ષકે બધા વિદ્યાર્થીઓનાં વારાફરતી નામ પૂછ્યાં. તાસ પૂરો થયો. ટણક ટાબરિયાંઓને થયું : દરબાર માસ્તર મારકણા તો નથી

લાગતા !

પખવાડિયામાં તો તખ્તસિંહજીએ પ્રેમના પ્રભાવે વિદ્યાર્થીઓને જીતી લીધા. તેમના શોખ જાણીને તેને અનુરૂપ પ્રવૃત્તિઓ યોજવા માંડી. શિહોરનો પ્રવાસ યોજ્યો. તે વખતે પોતે વિદ્યાર્થીઓ સાથે નાહ્યા, રમ્યા ને ગીતો ગાયાં. શાળામાં હસ્તલિખિત અંક 'અંકુર' તૈયાર કરાવ્યો ને તેનું વિમોચન થયું તે વખતના સૌરાષ્ટ્રના કેળવણીપ્રધાન નાનાભાઈ ભટ્ટના હાથે.

લાડીલા શિક્ષક તખ્તસિંહજીને હવે અધ્યાપક તરીકે શહેરની શામળદાસ કૉલેજમાં જવાનું થયું ત્યારે મુગ્ધ વિદ્યાર્થીઓ ખૂબ બેચેન થઈ ગયા.

સરકારી અધ્યાપકને એક જ કૉલેજમાં સળંગ શિક્ષણકાર્ય કરવાનું તો ક્યાંથી સાંપડે ? સને ૧૯૪૮-'૭૯ના ત્રીસ વર્ષના ગાળા દરમ્યાન એમણે શામળદાસ કૉલેજ, ભાવનગર; બી.એમ.શાહ કૉલેજ, ભાવનગર; ડી.કે..વી. કૉલેજ, જામનગર; ગુજરાત કૉલેજ, અમદાવાદ; બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ ને વળિયા કૉલેજ, ભાવનગરમાં શિક્ષણકાર્ય કર્યું. તેઓ મોટેભાગે અધ્યાપકપદે ને થોડો સમય આચાર્યપદે રહેલા. એકંદરે ભાવનગર અને જૂનાગઢ મુકામે સવિશેષ સમય શિક્ષણકાર્ય કર્યું. તેઓ ગમે તે કૉલેજમાં હોય પણ અધ્યાપક તરીકે સખ્તસિંહજી પરમારનો વ્યવહાર વહાલભર્યો ને વિદ્યારસથી ભરપૂર !

શીખવવાનો વિષય જૂનો હોય કે નવો, પૂરતો સ્વાધ્યાય કર્યા વિના તેઓ વર્ગ-પ્રવેશ ન કરે. પૂર્વતૈયારી માટે ક્યારેક તો વહેલી સવારે અઢી વાગ્યે બેસી ગયા હોય; ક્યારેક ઘોડાગાડીમાં કૉલેજ જાય ત્યારે ચાલતી ગાડીએ વાંચતા હોય. દળદારગ્રંથો સાથે જ હોય. કોઈ કારણસર ક્વચિત વંચાયું ન હોય તો તેની વિદ્યાર્થીઓ સમક્ષ નિખાલસતાથી કબૂલાત કરે ને વર્ગમાં ગપસપ કરે. પરમારસાહેબની ગપસપ એટલે સાહિત્યના સાંપ્રત પ્રવાહોની ચર્ચા ! વર્ગમાં શીખવતા હોય ત્યારે પિરિયડ પૂરો થયાનું સૂચવતો ઘંટનાદ ક્યારેક તો પોતે કે વિદ્યાર્થીઓએ પણ સાંભળ્યો ન હોય એવું બનતું.

એમનો કોર્સ અધૂરો ન રહે. નોટ્સ ન લખાવે, પખવાડિક કસોટી લે ને તેની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓને પરત કરતી વખતે વ્યક્તિગત રીત અક્ષર, જોડણી અને શૈલી અંગે સૂચન કે પ્રશંસા કરે. દોઢસો કરતાંય વધુ ઉત્તરવહીઓ તપાસી હોય ને તેમાંથી વ્યક્તિગત વિશેષતાઓ પકડીને જે તે વિદ્યાર્થીને કહ્યું હોય - "પછી મળજો મને." તેઓ વર્ગમાં પાઠ્યક્રમની જ નહીં, જીવન-મૂલ્યોની સમજણ પણ વાતવાતમાં વેરી દે.

પરમારસાહેબને મન વિદ્યાર્થીઓ દેવસ્વરૂપ. એમની બનતી મદદ એ જ ખરી સેવા-પૂજા. તેઓ વિદ્યાર્થીઓને અટક દ્વારા નહીં નામ દ્વારા હેતપૂર્વક બોલાવે. તેમના અંગત પુસ્તકાલયને સહારે અનેક વિદ્યાર્થીઓએ આકંઠ વિદ્યારસ પીધો. ક્યારેક પ્રા. તખ્તસિંહજી ગરીબ વિદ્યાર્થીઓની ફી, તેમને કહ્યા વગર ભરી દેતા. નાટક, રમત, વક્તૃત્વ, સાહિત્ય : વિદ્યાર્થીને જે શોખ હોય તે જાણીને તેમને પ્રેમ સાથે પ્રેરણા-માર્ગદર્શન આપે. બાપા ઘરમાં બંસી ન વગાડવા દે તેને 'બાપુજી'ને ઘેર સૂરસાધના કરવાની છૂટ. માના મૃત્યુ પછી ગુમસૂમ થયેલ વિદ્યાર્થીની સાથે ખાસ્સો સમય બેસીને તેઓ તેનો શોક હળવો કરે. અંગત વાત સંકોચ વગર 'ગુરુજી' ને કરી શકાય. ગેરહાજર ને બીમાર વિદ્યાર્થીની તેઓ પૃચ્છા કરે. સારે પ્રસંગે નોતરું મળતાં તેને ત્યાં હાજરી આપે ને માઠા પ્રસંગની જાણ થતાં પોતે તેને ત્યાં તરત જાય. સ્મશાને પણ તે ગયા હોય.

કૉલેજમાં તોફાની છોકરાઓ તખતસિંહની આમન્યા જાળવે. એમનો ધબ્બો ખમી લે. કોઈ બાબતે ઉકેશાઈને એકઠું થયેલું વિદ્યાર્થીઓનું ટોળું 'ગુરુજી'ના આગમન સાથે ઓગળી જાય ! વિદ્યાર્થીઓ માટે તિરસ્કાર તલમાત્ર નહીં. કૉલેજના પ્રિન્સિપાલ પર ખુન્નસપૂર્વક છરી લઈને ધસવા જતા ખૂંખાર વિદ્યાર્થીને બથ ભરીને જકડી શકતા તખ્તસિંહજી, કેવળ દિલના જોરે !

દિલે ને ડિલે જોરાવર તખ્તસિંહજી એક વખત વર્ગમાં ગયા. એ વખત હતો તેઓ ભાવનગર હતા ત્યારનો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

(૧૯૫૫). તે વખતે ફર્સ્ટ ઈયરના વર્ગમાં જઈને બોલવાની હજુ માંડ શરૂઆત કરી ત્યાં તો છેક છેલ્લા બાંકડા પર બેઠેલા એક બારકસ વિદ્યાર્થીએ બારીમાંથી બહાર કૂદકો માર્યો ! વર્ગમાં તો ઘણાખરાને આની તત્કાળ ખબર પણ ન પડી પરંતુ પરમારસાહેબના ધ્યાનમાં એ ગેરવર્તન આવી ગયું. હાથમાં પુસ્તક સાથે એમણે પણ ઝડપથી એ જ રીતે બહાર કૂદકો માર્યો ! છલાંગો ભરીને પેલા ભાગતા છોકરાનો કાંઠલો પકડ્યો. તેને વર્ગમાં ખેંચી લાવ્યા. એ ધ્રૂજતો હતો. તેની પીઠ પર હાથ મૂકીને પ્રોફેસર પરમારે હેતપૂર્વક પૂછ્યું, "દીકરા, નથી ગમતું ભણવાનું ?"

પેલો ચૂપચાપ પાછલી પાટલી પર બેસી ગયો ને સાહેબે ભણાવવાનું આગળ ચલાવ્યું.

ભણાવવામાં જેવા પાવરધા તેવા જ પાવરધા પરીક્ષાની મોસમમાં. નામચીન પરીક્ષાર્થીઓને એમની હાજરીની ખબર પડી જાય તો તેઓ ટપોટપ ડ્રોપ લેવા માંડે – પરીક્ષા આપવાનું જ માંડી વાળે. રીઢા પરીક્ષાર્થીને મીઠાશથી ટપારીને એની પાસેથી ચિઠ્ઠી ચોપડી કઢાવી લે; ને પરીક્ષા-સંચાલનમાં કોઈ ગંભીર ક્ષતિ થઈ જવા પામે ત્યારે તેનું નિવારણ પણ આ પાવરધા પ્રાધ્યાપક કરી શકે : પ્રેમના જોરે !

એક વખત બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં વાર્ષિક પરીક્ષા ચાલતી હતી (૧૯૬૫) તે વખતે સવારે અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓને બપોરનું પેપર અપાઈ ગયું અને સવારના પેપરનું બંડલ તો પ્રેસમાં પડ્યું હતું !બનેલું એવું કે કર્મચારીની શરતચૂકથી સવારના પેપર પર બપોરની કાપલી અને બપોરના પેપર પર સવારની કાપલી લાગી ગઈ હતી.

આ બાબતે દેકારો થયા તે પહેલાં પરમારસાહેબ તત્કાળ પ્રેસમાંથી કૉલેજમાં આવ્યા. એમણે પરીક્ષાખંડમાં જઈને સંબંધિત વિદ્યાર્થીઓને અપીલ કરી કે તમે બપોરનું પેપર અત્યાર – સવારે લખવાનું ચાલુ રાખો અને પૂરું કરો. લખી લીધા પછી કોઈ પરીક્ષાખંડની બહાર જશો નહીં. તમને સવારનું પેપર અપાશે તે લખશો.

પરીક્ષાર્થીઓએ આ અપીલ સ્વીકારી. તેઓ બપોરનું પેપર સવારે લખીને બેઠા રહ્યા ને પછી બપોરે સવારનું પેપર લખવા માંડ્યા. આ ઘટનાને વિદ્યાકીય જાદુ કહીશું કે પ્રેમનો પ્રતાપ ?લાગે છે કે વિદ્યાર્થીઓ માટેની એમની નિસબતનાં નીર અખૂટ હતાં. વિદ્યાર્થીઓ – વહાલા દીકરાઓ પર ગર્જના સાથે સંકટ ત્રાટકે એટલે તરતોતરત વીજળીવેગે તેઓ હાજર !

સને ૧૯૬૭માં કૃષિ યુનિવર્સિટીના વડા મથક અંગે રાજ્યમાં ખેંચતાણ ચાલતી હતી. જૂનાગઢનો આગ્રહ જૂનાગઢ માટે ને સરકારનો મતાગ્રહ નોખો. આથી શહેરની હાઈસ્કૂલો-કૉલેજમાં હડતાલ-આંદોલન શરૂ થયાં. એક સાંજે કૉલેજ-હૉસ્ટેલ પર પોલીસવાન આવી. વિદ્યાર્થીઓ અને પોલીસો વચ્ચે ઝપાઝપી શરૂ થઈ. તેવામાં જ હૉસ્ટેલ-રેક્ટર પી. વી. ઝાલા સ્થળ પર પહોંચી ગયા ને પોલીસ-ઑફિસર સાથે ચર્ચા કરવા માંડી એજ વખતે થોડે દૂર રહેતા પરમારસાહેબ ઘરના વેશમાં જ ત્યાં દોડી આવ્યા ને ચર્ચામાં જોડાયા. છેવટે પોલીસોને પાછા બોલાવી લેવામાં આવ્યા. પોલીસવાન પાછું ગયું. આ પછી પરમારસાહેબ પોતાને ઘેર પાછા ન ફર્યા પણ ઘાયલ વિદ્યાર્થીઓની પાટાપીંડી કરવામાં લાગી ગયા. એ પતાવીને ઘેર જવા નીકળ્યા ત્યારે રાતના બે વાગ્યા હતા !આ ઘટના વખતે, પોતે રેક્ટર ન હતા છતાંય દોડી આવ્યા; કારણ દીકરા જેવા લાગતા વિદ્યાર્થીઓ માટેની નિસબત !

પરમારસાહેબ સ્કૉલર હોવા ઉપરાંત સોલ્જર પણ ખરા જ ! અધ્યાપક તરીકે તેઓ કૉલેજમાં જોડાયા તે કાળથી તેઓ એન.સી.સી.માં પ્રવૃત્ત રહ્યા ને તેમાં ક્રમશઃ પદોન્નતિ પામતા ગયા. લેફટેનન્ટ, કૅપ્ટન અને પછી મેજરની રેન્ક લગી પહોંચેલા તખ્તસિંહજી મેદાન પર સખતસિંહજીમાં ફેરવાઈ જતા ! પરેડગ્રાઉન્ડ પર તેઓ શિસ્તના સખત આગ્રહી. પોઝિશનમાં સહેજ ભૂલ થાય તો કૅડેટને ઠમઠોરે ને દૂર સુધી દોડાવે. હા, પરેડ પૂરી થાય તે પછી તે કૅડેટ સાથે આત્મીયભાવે પારિવારિક પૃચ્છા કરે !

કૉલેજમાં રમતોત્સવ વખતે પ્રોફેસર ઈન ચાર્જ

પરમારસાહેબની હાજરી સતત રહેતી. ખીર શિંગ ખાઈને દિવસ આખો પસાર કરી નાખે. વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે તેમની નજર રંગમંચ ઉપરાંત પ્રેક્ષકો પર પણ રહે; ત્યાં બેઠેલ તોફાની વિદ્યાર્થીઓની વચ્ચે જઈને બેસે કે તરત તેમના સંભવિત ‘પરાક્રમ’માં પંચર ! નાટ્યપ્રવૃત્તિમાં પણ પ્રવીણ. પ્રા. પરમાર પડકારરૂપ કહેવાય તેવા શિષ્ટ-ગંભીર નાટકોનું કુશળ દિગ્દર્શન કરતા. આ સમયે એમના ઘરનો એક ઓરડો નાટકશાળામાં ફેરવાઈ જતો.

સતત પ્રવૃત્તિ એ જ જાણે એમનો ખોરાક. પદોન્નતિ અંગે કોઈ લાલચ કે તલપ નહીં. એમને સને ૧૯૫૭ના ગાળામાં કેટલાક સિનિયર અધ્યાપકો નિવૃત્ત થયા. તેમની ખાલી પડેલ જગાઓ ઉપર પ્રમોશન માટેના સરકારના હુકમો નીકળવા લાગ્યા. પહેલો વારો આવ્યો પરમારસાહેબનો - સિનિયર લેક્ચરર થવા માટે. પ્રમોશન સ્વીકારનારને બીજે ગામ પણ જવું પડે. પ્રમોશન સ્વીકારવા અંગે એમણે પોતાનાં માતૃશ્રીની સંમતિ માંગી. મા કહે. “ભાઈ તખુ, આપણે નથી જવું. અહીં સારું છે.”

બસ, તખ્તસિંહજીએ પ્રમોશન સ્વીકાર્યું નહીં. તેમનાથી જુનિયર્સને પ્રમોશન્સ મળી ગયાં. ઘણાં વર્ષ પછી સરકારે ફરી પ્રમોશન માટે તેમને પુછાવ્યું, એમણે માતૃશ્રીને પૂછ્યું. એમણે હા પાડી ! માતાને ખબર ક્યાંથી હોય કે પહેલી વાર ઑફર થયેલું પ્રમોશન ન સ્વીકારવાથી કેટલું બધું નુકસાન થયું ! પુત્ર તખુભાભાઈને - ય આનો કશો હરખ-શોક નહીં ! પૂજ્ય માનું દિલ ન દૂભવ્યાનો સંતોષ !

નિવૃત્તિની પૂર્વે ત્રણેક વર્ષ (૧૯૭૭-૭૯) ભાવનગરની શામળદાસ કૉલેજમાં ને તે પહેલાં તે જ શહેરની વળિયા કૉલેજમાં બે’ક વર્ષ (૧૯૭૫-’૭૭) આચાર્યપદને પણ એમણે સાર્થક કરી બતાવ્યું હતું. આચાર્ય તખ્તસિંહજીની હાજરીમાં અધ્યાપકો વચ્ચે વિખવાદ વિખરાઈ જતો; સમયપાલનના પોતે તો પ્રથમથી જ ચુસ્ત આગ્રહી. કોઈ અધ્યાપક મોડા આવે તો કંઈ ન કહે, કેવળ ઘડિયાળ તરફ જુએ ! આટલું બસ થઈ પડતું.

પ્રા. તખ્તસિંહજી પરમારની સક્ષમ સેવાઓ કૉલેજ ઉપરાંત ભાવનગર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને વખતોવખત સુલભ રહી. તેની ગુજરાતી વિષયની અભ્યાસક્રમ સમિતિ, છાત્રાલય સમિતિ, ક્રિકેટર્સ પસંદગી સમિતિ, રમતગમત સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, ગ્રંથાલય સમિતિમાં તેમણે સેવાઓ આપ્યા કરી.

પ્રા. તખ્તસિંહજી પરમાર ‘ગુરુજી’ તરીકે જાણીતા થયા તે તેમની જ્ઞાતિના રાજપૂત છાત્રાલય થકી. નામ એનું મનહરકુંવરબા રાજપૂત વિદ્યાલય, ભાવનગર. આ છાત્રાલયની સ્થાપના સને ૧૯૦૮માં થયેલી. સંસ્થાના સુદીર્ઘ ઈતિહાસમાં પ્રા. તખ્તસિંહજીનો ત્રણેક દાયકા (૧૯૫૩-૮૦) નો પ્રાણવાન સાથ દીર્ઘ જ ગણાય. હજારો ક્ષત્રિય તરુણોના જીવનનું ઘડતર કરવાના કામને અગત્ય આપીને એમણે પોતાની અક્ષરસાધનાને પણ ગૌણ માની.

સને ૧૯૫૩માં મદદનીશ ગૃહપિતા તરીકે તેઓ નિમાયા તે દિવસે પ્રાર્થના સભામાં મુખ્ય ગૃહપતિએ એમનો પરિચય આપ્યો. પછી બે શબ્દો કહેવા સૂચવ્યું. ચોત્રીસ વર્ષના લાગણીશીલ તખ્તસિંહજી ઊભા થયા ને છલકાતી આંખે આટલું જ બોલી શક્યા : “હું આજે નહીં બોલી શકું !”

ગૃહપિતા - “ગુરુજી” છાત્રોની વ્યક્તિગત સંભાળ લે. પરીક્ષામાં સમયાભાવે પૂરું ન લખી શક્યાનો રંજ રાખતા છાત્રને કે ઘેરથી પૈસા ન આવતા મૂંઝાયેલા ગરીબ છાત્રની બેચેની દૂર કરે. આર્થિક મદદ જરૂરતમંદ છાત્રોને કરે અને વખતોવખત માંડવાળ પણ કરતા રહે ! છાત્રાલયમાં નિયમપાલનનો આગ્રહ અચૂક; પણ માનવતાના મુદ્દે છૂટછાટ પણ આપે.

ત્રણ વર્ષ પછી, મુખ્ય ગૃહપિતાના પદેથી એમણે છાત્રોની દયપૂર્વકની સંભાળ લીધા કરી. નવું-પહેલું સત્ર શરૂ થાય ત્યારે ગુરુજી જૂના વિદ્યાર્થીઓને સૂચના આપે : “દીકરાઓ, આ નવા દીકરાઓનું ધ્યાન રાખજો. એમને અહીં ગમે એવું કરજો. એમની સાથે હળજો - મળજો એટલે એ નવા દીકરાઓને અહીં ગમવા માંડશે.”

ગુરુજી પોતે પણ રાતે એમને વાર્તા કહે. કોઈ છાત્ર


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

છાનોમાનો રોતો તો નથી ને, તેની તપાસ કરી ઠંડીમાં રાતે, ન ઓઢ્યા હોય તેને ગોદડું ઓઢાડે. કોઈને ઊંઘમાંથી ઉઠાડીને પેશાબ કરાવે. છાત્રાલય છાત્રોને ઘર જેવું લાગવું જોઈએ આ તેમની ભાવના.

ચોમાસામાં, ગુરુજી, દર રવિવારે છાત્રોને ઉકાળા પાય. બીમાર માટે જરૂર પડ્યે ચા કૉફી ઘેરથી લાવી આપે. સુદર્શનચૂર્ણ અને વિક્સ પણ ઘેરથી છાત્રો માટે લાવે. તેમનાં ધર્મપત્ની રામકુંવરબા છાત્રને વિક્સ ચોળી દે. જરૂર ઊભી થયે એ 'બા' છાત્રાલયમાં રસોઈ કરવા પણ બેસી જતાં.

ઈન્દ્રવિજયસિંહ ગોહિલ નામના છાત્રને કૉલેજમાં કોઈ વિદ્યાર્થી સાથે ઝગડો થયો હતો. તે વિદ્યાર્થીના વાલી રાતે છાત્રાલયમાં ફરિયાદ કરવા ગુરુજી પાસે આવ્યા. ઈન્દ્રવિજયસિંહને તેડાવીને એમણે પૂછ્યું, "તમે આજે કોઈની સાથે ઝગડ્યા છો ?' મૂક રહેલા એ છાત્રને એમણે ફરી કહ્યું, "ભાઈ, દીકરા, તને પૂછું છું : ઝગડ્યા છો ?" 'જી, હા' કહીને કબૂલ કરનાર એ છાત્ર સાથે આગળ વાત કર્યા વિના ગુરુજીએ પેલા વાલીની માફી માગી ! છાત્ર અવાક્ થઈને ઊભો હતો. વાલીના ગયા પછી ગુરુજી એ છાત્ર પાસે ગયા. તે ધ્રૂજતો હતો. તેને માથે ને વાંસે ગુરુજીએ હાથ ફેરવ્યો. છાત્રની આંખો વરસવા માંડી. તેને પડખામાં લઈને એમણે કહ્યું, "બેટા, દીકરા ઈન્દ્ર મારો દીકરો છે ને ? હવે આવી ભૂલ નહીં કરતો હોં !" ને પછી કદી ઝગડો ન કરવાનો મનોમન નિશ્ચય કરનાર તે છાત્રને ગુરુજીએ પાણી પાયું !

શામળદાસ કૉલેજ, ભાવનગરના અધ્યાપક અને પછી આચાર્યપદેથી ૩૦મી નવેમ્બર, ૧૯૭૯ના નિવૃત્ત થયેલા બાપુજી તખ્તસિંહજી પરમારના સન્માનના એક સુમનરૂપે એક અભિનંદનગ્રંથ "અક્ષરલોકની યાત્રા" નું પ્રકાશન કરવામાં આવ્યું. (૧૯૮૦) નિવૃત્ત બાપુજીને પ્રવૃત્તિની ક્યાં ખોટ હતી ?

નિવૃત્તિ પછી તેમને સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા દક્ષિણામૂર્તિમાં વહીવટ અને વિદ્યાકીય બાબતે સંકળાવાનો યોગ થયો. અખંડ શિક્ષક મૂળશંકરભાઈ ભટ્ટના પ્રેમાગ્રહને વશ થઈને તેઓ સંસ્થામાં નિયામક તરીકે જોડાયા. (૧૯૮૦-૮૩) એ દરમ્યાન સને ૧૯૮૩ના ફેબ્રુઆરી માસમાં સ્વાધ્યાયપ્રવૃત્તિના પ્રેરક આઠવલે પાંડુરંગદાદાએ ક્ષત્રિયવયસ્થ સંમેલન માટે સંમતિ આપી હતી. સંમેલનના પ્રચારાર્થે 'બાપુજી' મિત્રો સાથે ગામડાંઓમાં જતા.

આ પ્રવૃત્તિ કોમી ને રાજકીય હેતુવાળી હોઈ શકે તેવી વાત કોઈએ મૂળશંકરભાઈ ભટ્ટને કરી ત્યારે એમણે કહ્યું, "પરમારસાહેબ કદી કોમી અને રાજકીય પ્રવૃત્તિમાં ઘસડાય નહીં, એટલે આ સંમેલન તે સાંસ્કૃતિક પ્રવૃત્તિ જ હશે." ને છેવટે એ સિદ્ધ પણ થયું કે ક્ષત્રિય - સંમેલન શુદ્ધ સાંસ્કૃતિક હતું.

સંસ્કૃતિ (કે જેમાં સાહિત્ય સમાવિષ્ટ છે)ના ચાહક એવા કે જૂનાઢ કે ભાવનગરની સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમની પ્રેરક હાજરી સદા હોય જ હોય. જૂનાગઢનું મંગળવારિયું તથા ભાવનગરની બુધસભા એટલે કવિઉછેર- કેન્દ્ર ! અન્યને અક્ષરસાધના માટે પ્રોત્સાહક માર્ગદર્શન આપતા પ્રા. તખ્તસિંહજી પરમારે યુવાનીમાં મોંપાસા અને ચેખોવની વાર્તાઓ વાંચી. તે પછી તેમને પોતાની વાર્તાઓ પોતાને એવી તો તદ્દન સામાન્ય લાગી કે વાર્તા લખવાનું જ બંધ કર્યું !

હા, શિષ્ટ સામયિક 'નવચેતન'માં નિયમિત ગ્રંથ-અવલોકનો ને સાહિત્ય-પ્રવાહો વિશે લખતા રહ્યા. એમણે નવચેતનના તંત્રી ચાંપશીભાઈ ઉદેશી અને આચાર્ય નરેન્દ્ર દેવનાં ચરિત્રો લખ્યાં; નોંધપાત્ર અનુવાદો ને સંપાદનો પણ કર્યાં.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીને શ્રેષ્ઠ પુસ્તક-પુરસ્કાર અંગે નિર્ણાયક તરીકે સેવાઓ આપતા રહેતા પ્રા. તખ્તસિંહજી પરમાર ભાવનગરની સાહિત્યસભા, શિશુવિહાર, દિવ્ય જીવન સંઘ અને ગાંધીસ્મૃતિ ગ્રંથાલયમાં પૂરતા સક્રિય. સાહિત્ય પરિષદ દ્વારા નવોદિત સર્જકોને તેમના નામે શ્રેષ્ઠતાના ધોરણે પુરસ્કાર અપાય તેવું ગોઠવાયું છે. ગુજરાત રાજ્યની રાષ્ટ્રીય એકતા સમિતિના તેઓ સભ્ય હતા. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ગુજરાતના માધ્યમિક કક્ષાનાં પાઠ્યપુસ્તકો માટે તેમનાં માર્ગદર્શક સૂચનો પરામર્શકને

નાતે મેળવતું રહ્યું છે.

દસમા ધોરણના ગુજરાતી પાઠ્યપુસ્તકના પરામર્શન નિમિત્તે અમદાવાદ મુકામે ડૉ. મફતભાઈ ઓઝા (તંત્રી : ‘તાદર્થ્ય’)ના નિવાસસ્થાને પધારેલા શ્રદ્ધેય શ્રી તખ્તસિંહજી પરમારને મળવાની તક મળી ત્યારે તેમણે સામેથી મારા લઘુ કથાસંગ્રહ ‘તુલસીની માળા’ને સંભારીને મારા દિલ સાથે દોર સાંધી લીધો; તેથી સંકોચ દૂર થયો ને વાત માંડી :

“પરમારસાહેબ, આપણે ગુજરાતીના પાઠ્યપુસ્તક અંગે ચર્ચા કરીએ છીએ ત્યારે શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાની ઝાંખી પડતી પ્રતિષ્ઠાની પણ ચિંતા કરવી જોઈએ; એમ નથી લાગતું ?”

“ખરી વાત છે; શિક્ષણ તો માતૃભાષામાં જ હોય. દેશમાં અંગ્રેજી ભાષાનું ગૌરવ થાય છે તે દાસપણાનો વારસો છે. વાત વાતમાં બે ગુજરાતીઓ અંગ્રેજીમાં બોલે ત્યારે હું વ્યથા અનુભવું છું.”

“હાલના શિક્ષણમાં આપને શું નથી ગમતું ?”

“ઘણુંય નથી ગમતું ! ઈશ્વરભાઈ, શિક્ષણ બોજારૂપ ન હોવું જોઈએ. પોતાનાં બાળકોની કેરિયર ઘડવા માટે માબાપ તેમને ટોકટોક કરે છે તે બરાબર નથી.”

“કદાચ આપના અંગે લખવાનું બને ત્યારે કામ લાગે; શિક્ષકો માટે એક સંદેશ કહો ને ?”

“સંદેશો આપનાર હું કોણ ?..... પણ હું માનું છું દેશને દિશાદોર માત્ર શિક્ષક જ આપી શકે. જો દેશનો શિક્ષક બગડ્યો તો દેશનું આવી બન્યું ! .... શિક્ષક પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક ને પ્રસન્નતાપૂર્વક બજાવે. તેઓ વિદ્યાર્થી, વિષય અને શાળાને ચાહતા રહે તો વિદ્યાર્થીનું જીવન તો ઉજ્જવળ બને જ; સાથે શિક્ષક પોતે આત્મસંતોષ પ્રાપ્ત કરી શકશે... શિક્ષક કે અધ્યાપક પોતાના ગામ કે નગરના સાંસ્કૃતિક જીવનનું મહત્ત્વનું અંગ છે. આ પ્રવૃત્તિઓમાં તેણે સહભાગી થવું જોઈએ એમ હું માનું છું.”

“એક વડીલ તરીકે, આજની યુવા પેઢી માટે વિશેષ કઈ બાબતે આપને ફરિયાદ છે ?”

“કોઈ ફરિયાદ નથી. તેમનું ઋણ કયા ભવે ચૂકવીશ તે વિચાર્યા જ કરું છું.... આથી જ મને શિક્ષક થવાનું ભવોભવ ગમે.”

આ મુલાકાત પછી, ‘સર’ નહીં પણ શિક્ષણના સરતાજ તરીકે અનુભવતા ‘ગુરુજી’ સાથે પત્રવ્યવહાર થયા કર્યો. એમના ભૂતપૂર્વ વિદ્યાર્થી ને મારા એક માર્ગદર્શક સહઅધ્યાપક પ્રા. ભગવતીપ્રસાદ પાઠક સાથે એમને સંભારવાનું થયા કર્યું છે. પ્રા. પાઠકને તેઓ ‘ભગવતી’ કહે છે. શ્રદ્ધેય પ્રા. તખ્તસિંહજી પરમારનો શિક્ષણસંદર્ભનો એક પત્ર :

પ્રિય ઈશ્વરભાઈ,

તમારો સ્મૃતિપત્ર મળ્યો.

.....શિક્ષણજગતની આજની પરિસ્થિતિ ભારે ચિંતાજનક છે. વિદ્યાર્થીને ભણવું નથી. માબાપ બેપરવા છે. શિક્ષકોને ભણાવવું નથી, એમ કહેવું હોય તો કહી શકાય. અલબત્ત, ત્રણેયમાં થોડા ઊજળા અપવાદો મળી આવે.

સરકારી તંત્ર અત્યંત બૂઠું છે, એમ કહી શકાય. શિક્ષક-સંગઠનો, એ પ્રાથમિક ક્ષેત્રે હોય, માધ્યમિક ક્ષેત્રે હોય કે કહેવાતા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે હોય, શિક્ષકને એવી સપાટીએ મૂકી આપે છે કે તેને કોઈ કાંઈ કહી શકે નહીં, પછી એ ભણાવો કે નહીં. વર્ગમાં જાય છે કે નહીં, ગામમાં હાજર રહે છે કે નહીં, તેની કોઈ ચિંતા નહીં. અંકુશ માત્ર ચાલ્યો ગયો છે. આત્મશાસનથી શાસિત હોય તે શિક્ષક કામ કરે.

અધ્યાપનમંદિરો, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયો, સ્ટાફ કૉલેજ - આ બધી સંસ્થાઓ, શિક્ષણ સારી રીતે કેમ આપવું તે શીખવવા પ્રયત્ન કરે છે; તેમ નિષ્ઠાવાળું જીવન જીવવા વિદ્યાર્થીને કેમ પ્રેરવો, અત્યારના કળણમાંથી એને કેમ બહાર કાઢવો તે પણ તેઓ ભણાવે. પોતે વર્તે. દાખલારૂપ બને.

આશાનું ચિહ્ન જણાતું નથી એવું લાગે પણ રાતડ ફૂટ્યા પહેલાં અંધારું ઘણું હોય એ કુદરતનો ક્રમ અહીં પણ સાચો પડે તેવું ઈચ્છીએ. આ અંધકાર પછી પ્રકાશની ટશર ફૂટે તેવી આશા રાખી, એ ટશર હું જોઈ શકું તેવું પ્રાર્થું.

કુશળ હશો.


ભગવતીને સ્મરણ......


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ગાંધીજીની ૧૫૦ સદી - લિયો ટૉલ્સ્ટોયની મહાત્મા સુધીની યાત્રા

**હીરજીભાઈ નાકરાણી**

મો. ૯૪૨૭૬૫૨૦૯૯/૯૧૦૬૦૭૭૦૭૬



જે વસ્તુ પર આપણને વધુ પ્રીતિ હોય તેનો જ્યારે અતિરેક થઈ જાય છે ત્યારે તેના તરફ અભાવ કે નફરત પેદા થાય છે. બસ આવું જ કંઈક રશિયન સાહિત્યકાર અને તત્ત્વચિંતક મહાત્મા ટૉલ્સટોયના જીવનમાં બન્યું છે. ભગવાન બુધ્ધનો સંન્યાસ પણ તેની સાક્ષી પૂરે છે.

જીવનમાં હોમહોમ સાયબી ભોગવી, ધનદોલતમાં સતત આળોટનારને પણ ક્યારેક તો અભય કે નફરત પેદા થાય છે. લિયો ટૉલ્સટોય રશિયાના સમૃધ્ધ સાહિત્યકાર, જમીન જાગીરદારમાંના એક હતા. વિશ્વના સમૃધ્ધિ સાહિત્યકારની કલમમાં શાહી સુકાઈ ગઈ અને ભૌતિક સુખ સમૃધ્ધિ તરફ અભાવ પેદા થઈ ગયો અને છેવટે જીવનમાં ઓછામાં ઓછી જરૂરિયાતો અને ત્યાગમય જીવનમાંથી જ સાચા સુખ અને શાંતિનો અનુભવ થયો તથા સાચો આનંદ પ્રાપ્ત થયો.

ગાંધીજી શૂટ, બુટની સંસ્કૃતિમાંથી નાનકડી પોતડી પર કેમ આવી ગયા ? ટૉલ્સટોયનો ત્યાગ ધરાઈ ગયા પછીનો છે તો ગાંધીનો ત્યાગ એકાદશીનો છે. કરુણામાંથી જન્મેલો નિર્મળ-પવિત્ર ત્યાગ છે. બંનેના ત્યાગનું અંતીમ ધ્યેય તો એક જ છે. અહીં આપણે આ સંદર્ભમાં મહાત્મા ટૉલ્સટોયની ખાટી-મીઠી જીવનરેખા વિનાશના માર્ગમાંથી કેવી રીતે બચી જઈ, વિકાસના માર્ગ પર કેવી રીતે નવી રેખા દોરાય છે, તે અંગે આપણે જોઈએ.

રશિયન સાહિત્યના સૂર્યસમા અતિ તેજસ્વી સાહિત્યકાર લિયોનો જન્મ ૧૮૨૪ની ૯મી સપ્ટેમ્બરે પૂર્વ રશિયાના એક સામાન્ય પરગણા યાસ્યના-પોલ્યાનામાં થયો હતો. આ ગામ મોસ્કોથી ૨૨૫ કિ.મી. દૂર હતું. પિતા નિકોલસ બહુ જ મોટા જાગીરદાર હતા. સામાન્ય રીતે જાગીરદારો માથાભારે અને જુલ્મી હોય છે. પણ પિતા નિકોલસ પોતાને આશ્રિત નોકર ચાકરો પ્રત્યે માનવતાભર્યો વ્યવહાર કરતા હતા. તેઓ સ્વભાવે ઉદાર હતા. ધર્મભાવે સંત, સાધુઓને તેમના ઘરે સદ્‌ભાવ પૂર્વક આવકાર મળતો હતો. માતા મેરી પણ પ્રેમાળ અને શિક્ષિત હતી. તે પાંચ ભાષા પર પ્રભુત્વ ધરાવતી હતી.

બાળક લિયોના દુર્ભાગ્ય કે તેને બે વરસનો મૂકીને પ્રભુને પ્યારી થઈ ગઈ. આ નમાયા નિરાધાર બાળકને ઉછેરવાની જવાબદારી પિતા નિકોલસ પર આવી પડી. તેમણે લેફ્ટનન્ટ કર્નલનો લશ્કરી ખિતાબ મેળવ્યો હતો. તેમણે બાળકોને ઉછેરવા માટે પિતરાઈ બહેન તાતન્યાને બોલાવી લીધી. તેના પર બાળઉછેર અને ઘરસંભાળની જવાબદારી નાખી દીધી. તે ખૂબ પ્રેમાળ હતી. બાળકો તેને ખૂબ ગમતાં હતાં તેથી તેણે બાળકોને માની ખોટ ન સાલવા દીધી. લિયોએ મોટા થઈને પોતાની ડાયરીમાં નોંધ્યું હતું "તાતન્યાના દય મારફત મને પ્રેમનું શિક્ષણ મળ્યું હતું."

સૌને માટે ઘરના બારણા ખુલ્લા રહેતા હતા તેથી સગાવહાલા અને અન્ય સંબંધીઓની ઘરમાં ચહલ-પહલ બહુ રહેતી હતી. નાસ્તો અને ભોજન ભેગા મળીને કરતા હતા. તે વખતે જેને પિયાનો વગાડવાની ઈચ્છા થાય તો વગાડી શકતા હતા. કોઈ નાટક કરવાની ઈચ્છા થાય તો છૂટ હતી. જેને રશિયન કે જિપ્સી લોકગીતો ગાવાની ઈચ્છા થાય તો છૂટ હતી. જેને રશિયન કે જિપ્સી લોકગીતો ગાવાની ઈચ્છા થાય તો ગાઈ શકતા હતા. આમ સંપૂર્ણ લોકશાહી ઢબે ઘરનું વાતાવરણ સર્જાયેલું હતું. લિયોને નાનપણથી જ વાંચનનો શોખ હતો. તેમના ઘરના પુસ્તકાલયમાં વીસેક ભાષાઓના લગભગ વીસ હજાર કરતા વધુ પુસ્તકો હતા.

ઉંમર થતા લિયોને શાળા શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો પણ ચાર દિવાલથી બંધિયાર શાળામાં ભણવાનું દિલ

લાગતું નહોતું. તેને તો મુક્ત રીતે રમવું, કૂદવું, દોડવું અને ખેતરો કે જંગલોમાં રખડવું બહુ જ ગમતું. ઘોડે સવારી તો તેને બહુ જ ગમતી. વતનમાં રસ પડે તેવા શિક્ષણનું કોઈ ઠેકાણું નહોતું. એટલે આગળ અભ્યાસ માટે મોટા દીકરા નિકોલસ અને લિયોને લઈને પિતા નિકોલસ મોસ્કો આવી ગયા. પિતાને એમ હતું કે મોસ્કોની સારી સ્કૂલમાં દાખલ કરી દઈએ પણ નવ વર્ષના લિયોને મૂકીને તેઓ પણ પ્રભુને પ્યારા થઈ ગયા. લિયોને ખૂબ આઘાત લાગ્યો. આશ્વાસ ન દેનારા દાદીમા જીવતા હતા તે પણ બે વર્ષ પછી ગુજરી ગયા. હવે શું કરવું. જિંદગીમાં શૂન્યાવકાશ છવાઈ ગયો. બંને ભાઈઓ નિરાધાર થઈ ગયા એટલે પાછા યાસનાયા આવી ગયા. અહીં પાંચ વર્ષ રહીને ભણ્યા પછી ૧૮૪૧માં કઝાન યુનિવર્સિટીમાં પ્રવેશ લેવાની તૈયારીમાં પડી ગયા. અંતે ૧૬ વર્ષની ઉંમરે તેમને કઝાન યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો. અહીં પણ બે વર્ષ પછી આગળ ન વધી શક્યા. તરુણ અવસ્થા પૂરી થઈ રહી હતી. યુવાની ઉછાળા મારતી આવી રહી હતી.

અન્ય જાગીરદારોના યુવાનિયાને સંગે તેને પણ રંગ લાગવા માંડ્યો. કહેવત છે ને કે કાળિયા સાથે ધોળિયાને બાંધો તો વાન ન આવે પણ સાન તો આવે જ. આવું જ કંઈ લિયોનું થયું. મિઝબાની માણવાનું, દારુ પીને નાચગાન કરવાનું, છોકરા બનીને બે ફામ વર્તન કરવાનું તેમજ વેશ્યાગમ કરવાનું મન થઈ આવ્યું. તેઓ ભણવામાં સાધારણ હતા પણ બારેક ભાષાનું વર્કિંગ નોલેજ તેમની પાસે હતું. જુગારમાં બહુ મોટી રકમ હારી ગયા. ક્યાંયથી કોઈની પાસેથી દેવું ભરપાઈ કરવા મદદ મળે એમ નહતું એટલે ૧૮૪૭માં ડિગ્રી લીધા વગર અધૂરા ભણતરે યુનિવર્સિટી છોડી દીધી. અને પાછા વતનમાં આવી ગયા. અહીં આવીને દેવું ભરપાઈ કરવા માટે જમીન જાયદાદનો કેટલોક ભાગ વેચી નાખ્યો. ખૂબ શરાબ પીને અધમ માણસોની સંગાથે સબડ્યા કરતા હતા. તેમની કોઈ તાતન્યા તેમને વારંવાર ચેતવણી આપતા રહ્યા પણ તેની અસર ન થઈ. તેઓએ પોતાની ડાયરીમાં નોંધ લખી : "અત્યારે હું સદંતર નિમ્ન કક્ષાના જીવનમાં જીવી રહ્યો છું. દારૂમાં સંપૂર્ણપણે ડૂબી ગયો છું."

સંગ તેવો રંગ બરાબર લાગી ગયા પછી જે દશા બેઠી તેનાથી તેઓ બહુ જ ઉબાઈ ગયાહતા આવા વિલાસી જીવનનો કંટાળો આવવા લાગ્યો. તેના તરફ સખત દુર્ભાવ થવા લાગ્યો હતો. પોતાના વતન આવી ગયા પછી એક દિવસ તેનો મોટોભાઈ નિકોલસ રજા ગાળવા કોકેશિયન આર્મમાંથી તે પણ વતન આવે છે. બંને ભાઈઓ અહીં ભેગા થાય છે. તેમણે કોકેશિયન પ્રદેશની રમણિયતાની ખૂબ પ્રશંસા કરી તેથી લિયોને પણ મોટાભાઈ સાથે જવાનું મન થઈ ગયું. જિંદગીમાં પરિવર્તન લાવવાની તક ઝડપી લીધી. બંને ભાઈઓ રશિયાની દક્ષિણે આવેલ કોકેશસ પ્રાંત રજા પૂરી થયે ઉપડી ગયા. અહીં તેમણે બીલકુલ વૈભવ વગરનું પ્રવાસી જીવન જીવવાનું શરૂ કરી દીધું. પહાડો ર ફરવા જવું, સીધા-સાદા લોકોને મળવાનું, તેમની સાથે સુખદુઃખની વાતો કરવાનું વધુને વધુ ગમવા લાગ્યું. નજીકનો લગાવ ઊભો થઈ ગયો. અહીંના લોકજીવન, સમાજજીવનના સંપર્કમાં આવ્યા પછી તેમના માનસમાં ખળભળાટ થવા લાગ્યો એટલે ૨૪ વર્ષની ઉંમરે હાથમાં કલમ પકડી પરિણામે પ્રથમ નવલકથા ચાઈલ્ડ (૧૮૫૨) કોઈ સામયિકમાં ધારાવાહીક રૂપે પ્રગટ થવા લાગી. લોકોમાં તેની ખૂબ પ્રશંસા થઈ એટલે લિયોને વધુ ચાનક ચડી પરિણામે બોયહૂડ (૧૮૫૪) અને યૂથ (૧૮૫૭) માં પ્રગટ થઈ. હવે તેઓ જાણીતા અને પ્યારા લેખક બની ગયા.

બોયહૂડ લખ્યા પછી તેઓ એજ વરસે ક્રિમિયાના યુધ્ધમાં એક અદના સૈનિક તરીકે જોડાઈ ગયા. યુધ્ધકાળ દરમિયાન તેમને વર્તમાન સમાજ જીવનની સારી-નરસી બંને બાબતોનો અનુભવ થયો. વળી પાછા નઠારી બાબતમાં સરી પડે છે. દારૂપીવો, જુગાર રમવું, નાચગાન અને પરસ્ત્રીગમનમાં ફરી ફસાઈ પડ્યા. તેઓ પોતે આત્મનિરીક્ષણ કરી દરરોજ રાત્રે સુતા પહેલા ડાયરી લખતા હતા. મનમાં પેદા થતા કુવિચારોનું નિત્ય ઘમાસાણ યુધ્ધ

થયા કરતું હતું. તેઓ ડાયરીમાં નોંધે છે "ભૌતિક જીવનની પેલે પાર રહેલું સુખ મેં પ્રભુ પાસે માગ્યું અને મારા અપરાધોની ક્ષમા માગી. પૃથ્વી રસાતાળ જશે તો પણ મારું અંતઃકરણ ચલિત થશે નહીં. આમ બૂરાઈમાંથી સારપ તરફની યાત્રામાં પગલાં માંડવાનું શરૂ થયું.

યુધ્ધમાં થતા અનિષ્ટો જોઈને યુધ્ધ પ્રત્યે નફરત થવા લાગી છેવટે તેમને લાગ્યું કે યુધ્ધ કરતા શાંતિનો માર્ગ જ જગત માટે હિતકર અને શ્રેયસકર છે. ક્રિમિયાના યુધ્ધનો અંત આવતા તેમણે ૧૮૫૫માં લશ્કરની નોકરી છોડી દીધી. એજ વરસે એક ભાઈ ટી.બી.નો ભોગ બન્યો. તે પછી મોટાભાઈ નિકોલસનો ભોગ પણ ટી.બી. એજ લીધો. ૧૮૬૦માં તેનું અવસાન થયું. લિયો ખૂબ હતાશ થઈ ગયા, ક્ષુબ્ધ થઈ ગયા. ક્રિમિયાના યુધ્ધનો અંત આવતા તેઓ પેટ્રોગ્રેડ એટલે કે આજના લેનિનગ્રેડમાં જઈને રહ્યા. થોડો સમય રહીને મોસ્કો આવ્યા. ત્યાં પણ મન મુંઝાતુ રહ્યું. એટલે પોતાના વતન યાસનામા, પોલ્યાના આવી ગયા.

અહીં તેમણે ખેડૂતોના બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. પણ તેમાંય તેઓ નિષ્ફળ રહ્યા છો તેમણે બધા વળગણ છોડી યુરોપમાં પ્રવાસ શરૂ કર્યો. યુરોપના શિક્ષણનો અભ્યાસ કર્યો. શાળાઓમાં જાતે જઈને નિરીક્ષણ કર્યું અને શિક્ષકો સાથે શિક્ષણગોષ્ઠીઓ કરી.

યુવાન અને પરિણીત ઉમરાવ તરીકે તેઓ અમાથીભર્યું જીવનજીવી રહ્યા હતા. એક જગાએ તેમણે લખ્યું છે, "મેં યુધ્ધમાં ઘણા માણસોના જીવ લીધા, જુગારમાં પૈસા ગુમાવ્યા. ખેડૂતો પર અત્યાચાર કર્યો. ચરિત્રહિન સ્ત્રીઓ સાથે સંબંધો બાંધ્યા અનેક પુરુષોને છેતર્યા, જૂઠું બોલ્યો, લૂંટફાટ ચલાવી. દારૂ પીધો, હિંસા આચરી, વ્યભિચાર કર્યો, હત્યાઓ કરી વગેરે અનેક ગુના કર્યા છતાંય સારા માણસમાં ગણાયો. મારી ગણના સમાજમાં નીતિમત્તા ધરાતા માણસ તરીકે થતી રહી. જિંદગીના દસ વર્ષ મેં આવી રીતે કાઢ્યા.

રશિયાના રાજા ઝાર સામે પ્રજાનો રોશ ખૂબ ભભૂકી રહ્યો હતો. હિંસાઓ થયા કરતી હતી. લિયોને આ બધું હવે પસંદ નહોતું. તેઓ તો રાજા અને પ્રજા વચ્ચે સુમેળ સધાય તેવું માનસ ધરાવવા લાગ્યા હતા. તે માટે તેમણે યુરોપ ખંડના વિવિધ દેશોનો પ્રવાસ કરી રાજકીય પરિસ્થિતિનો અભ્યાસ સુધારવાની જરૂર છે. તે માટે પ્રવાસમાંથી પાછા આવીને આજુ-બાજુ વસનારા લોકોના બાળકો માટે શાળા શરૂ કરી. મન લાગ્યું નહીં. આત્મચિંતન શરૂ થયું. બાળકનું શિક્ષણ તો બાળક માતાના ગર્ભમાં હોય ત્યાંથી શરૂ થાય છે. એટલે શાળા થકી જ બાળકનું શિક્ષણ શરૂ થાય છે એ વાત ખોટી છે. ઘરમાં રહેતા માતા-પિતા, ભાઈ, બહેન, દાદા, દાદી વગેરે પરિવારના તથા શેરીમાં રહેતા પડોશીઓ તરફથી પણ બાળક સવારે ઊઠે ને રાત્રે સુવે ત્યાં સુધી શિક્ષણની પ્રક્રિયા તો સતત ચાલ્યા જ કરે છે.

પોતે શાળા તો શરૂ કરી પણ મન લાગતું નહોતું. તેમને લાગ્યું કે આત્મશુધ્ધિ વગર પોતે હાથ ધરેલા કામમાં સફળ થવાય નહીં, શિક્ષણની ખરી અસર થાય નહીં એવું લાગતા તેઓ ડાયરીમાં લખે છે "મારા જીવનની એક દિશા સાવ અકબંધ છે. તે તરફ મારે જવું જોઈએ એટલે કે લગ્ન કરી ગૃહસ્થ જીવન સ્વીકારું તો જ મને જીવનમાં કંઈક પૂર્ણતા મળે."

લિયોનું જીવન હવે વાસ્તવિક જીવન ધારા તરફ ગતિમાન થયું. ૧૮૬૨માં ૨૩ સપ્ટેમ્બરે ચોત્રીસ વર્ષની વયે પોતાના એક મિત્રની ૧૯ વર્ષની બહેન સોફિયા સાથે લગ્ન થયા. તે પછી બત્રીસ વર્ષમાં તેમને ત્યાં ૧૧ સંતાનો રમતા થયા. પતિ-પત્ની એક બીજાને માન-સન્માન આપી પ્રેમથી રહેતા હતા. પોતાનો પતિ વિશ્વ વિખ્યાત સાહિત્યકાર છે તેનું તે હંમેશ ગૌરવ લેતી હતી. જો કે તે પોતે પણ સુશિક્ષિત અને પ્રખર બુદ્ધિ પ્રતિભા ધરાવતી હતી. લગ્ન પછી તેઓ બંને ૧૬ વર્ષ સુધી યાસનામાં રહ્યા. અહીં સોફિયાએ પણ લેખન અને ઘરકામ સિવાય બીજું કામ કર્યું નહોતું. સોફીયા બાલપ્રેમી હતી. તેને બાળકો વચ્ચે રહેવું બહુ ગમતું હતું. તે બાળકોને જાતે નવડાવતી, કપડાં પહેરાવતી, ખવડાવતી, રમાડતી વગેરે કામો જાતે

અને સાથે રહીને કરતી હતી. તે માટે ઘરમાં કોઈ આયા કે નોકરાણી રાખી નહોતી. બાળકોનાં કપડાં જાતે સીવીને પહેરાવતી હતી. લિયો પણ બાળકોને એટલો જ પ્રેમ આપતા હતા. બાળકો સાથે પોતે રમતા અને રમાડતા, બાળકોને ફરવા લઈ જતા, બાળકોને વાર્તા કહેતા, ગીત ગવડાવતા વગેરે તેઓ રસથી કરતા હતા અને સોફિયાને ઘરકામમાં મદદ પણ કરતા હતા.

ઢોરનું કોઢિયું સાફ કરવું, ગમાણ ચોખ્ખી કરવી, અવાડાનું પાણી ચોખ્ખું રાખવું, પીવાનું પાણી ભરવું વગેરે તમામ કામો તેઓ જાતે જ કરતા હતા. સાચા સુખી જીવનમાં તેમના મનમાં ક્યારેક ઉણપ લાગ્યા કરતી હતી તે આધ્યાત્મિક જીવની, સંસારનું ચીલાચાલુ જીવન કંટાળારૂપ અને બોજારૂપ લાગવા માંડ્યું હતું. પરિણામે તીવ્ર મનોમંથન શરૂ થયું. તેઓ પોતાની જાત પ્રત્યે વધુ ને વધુ ઊંડા ઉતરવા લાગ્યા. જીવનનું તટસ્થ અને નિર્દયપણે નિરીક્ષણ કરીને સત્યને માર્ગે જીવનને લઈ જવાની મથામણ શરૂ થઈ તેઓ આ સંદર્ભમાં લખે છે, "મારું શરીર બળવાન હતું, મારી પાસે અખુટ ધન હતું, બાળકો હતા, કીર્તિ હતી પરંતુ આવી સ્થિતિમાં પણ મને જીવન શૂન્ય લાગતું હતું." આગળ લખે છે, "મારી ઉંમર પૂરા પચાસ વર્ષની થઈ હતી. સુશીલ, પ્રેમાળ અને વ્યવહારુ કુશળ મને પત્ની મળી હતી. બાળકો પણ સમજુ અને કહ્યાગરા હતા. મારી પાસે હજારો એકર જમીન હતી. મારાં સ્વજનો મને ખૂબ આદર સત્કાર આપતા હતા. સામાન્ય જનસમાજ મારા વખાણ કરતો હતો. પણ મારા જીવનનો સાર શો ? પચાસ વરસના જીવનમાં જીવનનો તટસ્થપણે વિચાર કરું છું તો મને તેમાં અંધારુ જ દેખાય છે."

ટોલ્સટોયના જીવનના આધાર સ્થંભ બે હતા. પ્રથમ કુટુંબપ્રેમ અને બીજો સાહિત્ય પ્રેમ. કુટુંબના સ્વજનોને વળગી રહી ખૂબ લખવાની લાલસાએ તેમને પોતાના સ્વને ઓળખવા દીધો નહીં. જીવનનો મોહ અને સાહિત્ય ભલે જીવનનું ઘરેણું હોય તો પણ આ બંને ઉપરનો મોહ ઓછો થઈ જાય પછી શું ? જેમ સમુદ્ર મંથનમાં રવૈયો ફરે છે તેમ તેમના માનસમાં સતત રવૈયો ફરવા લાગ્યો. છેવટે તેમને શ્રીમંત અને સુશિક્ષિત કહેવાતા માણસોનો જન્મ નિરર્થક લાગ્યો અને હંમેશાં તનતોડ મહેનત કરીને જીવન ગુજારતા લોકોનું જીવન સાર્થક લાગ્યું એની ખાતરી થઈ ગયા પછી સમસ્યાનો ખરો જવાબ તેમને મળી ગયો. તેમની શંકાનું સમાધાન થઈ ગયું. આજ સુધી તેઓ માત્ર પોતાની જાતનો જ વિચાર કરતા હતા. એશ-આરામ અને અમન-ચમનમાં રહેતા હતા માણસોના જીવનનો સરવાળો શૂન્યમાં જ આવે એ સમજાઈ ગયું. શ્રીમંત લોકો બહુ થોડા હોય છે. તેના જીવન ઉપરથી નહીં પણ કરોડો માણસોના જીવન ઉપરથી જ માનવ જીવનનો સાર તારવી શકાય અંતે ટોલ્સટોય લખે છે,

"ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારવું એ જ જીવન છે તેને ભૂલી જવો એ મૃત્યુ છે. મારા ચિત્તને આટલી ખાતરી થયા પછી મને અંદર અને બહારથી સર્વત્ર પ્રકાશ દેખાવા લાગ્યો કહે છે;

પ્રથમ તો એશ આરામી અને બેઠાડુ જીવન અને પારકાના શ્રમ ઉપર જીવનારા શ્રીમંતોનો સંગ છોડ્યો.

ભૌતિક સંપતિ ભેગી કરવી, તેને સાચવવા માટે સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી એ બધાથી પ્રભુ હજાર ગાઉ દૂર રહે છે એની પણ મને ખાતરી થઈ ગઈ.

અંતઃકરણને પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમથી ભરેલું રાખવું.

બીજાની ભૂલો નભાવી દેવી.

નાશવંત પદાર્થનો સંગ્રહ કરીને તેના ઉપર મમતા ન રાખવી.

આમ સર્વ પ્રકારે સારા માઠા અનુભવે સાચું જીવનઘડતર થતું રહ્યું. તેમજ કર્મના કસાભમાં પણ પરિવર્તન આવતું ગયું. તેઓ નરમ, પ્રેમાળ, ક્ષમાશીલ અને ત્યાગી-વૈરાગી અને સાધુ પુરુષ તરીકેનું જીવન જીવતા રહ્યા. જીવનમાં ધાર્મિકતા વધતી ગઈ અને નૈતિક મૂલ્યોમાં ઉદાત્ત પરિવર્તન આવતું ગયું.

લિયો પોતાના યુગમાં અહિંસાના પ્રખર હિમાયતી અને પ્રવર્તક રહ્યા હતા. આ બાબતમાં તેમણે જેટલું સાહિત્ય


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સર્જન કર્યું તે તમામ  દયસ્પર્શી સાહિત્ય હતું, તેના જેવું કોઈએ લખ્યું નથી. તેમની વાણીમાં તેજસ્વી પ્રતિભા જળકી ઊઠી છે. તો વિચારો અને વર્તનમાં ત્રિવેણી સંગમ થયો છે. આ વસ્તુ તો તેમણે બધું છોડીને પોતાના ખેતરમાં સખત મહેનત મજૂરી કરીને જે પસીનો વહાવ્યો હતો તેમાંથી જે સાહિત્ય સર્જાયું તે ઉત્તમોત્તમ અને  દયસ્પર્શી બની શક્યું છે. તેમાં કલા એટલે શું ? દિવસભરની સખત મજૂરી કરતા કરતા જે સમય બચ્યો હતો તેનું એ સંતાન છે. મજૂરી કરવાથી શરીર ન ઘસાયું પણ બુધ્ધિ જરૂર ઘસાઈને ઉજળી થઈ ગઈ હતી. તે આ સંદર્ભમાં લખે છે, "શરીર શ્રમથી મનની શક્તિ વધે છે. દિવસના લગભગ આઠ કલાક ખેતરમાં સખત જાત મહેનત કરવામાં જતો હતો તો પણ પાંચ કલાક બૌદ્ધિકામ સારી રીતે થઈ શકતું હતું. શરૂથી જ જો આ કુદરતી નિયમ મેં પાળ્યો હોત તો જે લખાણ લખવામાં મારા ચાલીસ વર્ષ વીત્યા તે ફક્ત ચૌદ વર્ષમાં જ લખી નાખ્યું હોત."

ટોલ્સટોય પ્રેમાળ તો હતા જ પણ તેથી વિશેષ તેઓ નિખાલસ અને વિશ્વાસુ હતા. તેઓ હંમેશ ડાયરી લખતા હતા તેમાં કોઈ વાત છુપાવ્યા વગર પોતાની જાતને ખુલ્લી કરી દેતા હતા. તેમને એવું લાગ્યું કે સોફિયા તેને સંપૂર્ણપણે સમજે અને જેવા પોતે છે તેવા સ્વીકારે. આથી તેમણે પોતાની ડાયરી સોફિયાને વાંચવા આપી. તે પણ સાહિત્ય રસિક તો હતી જ તેથી તેને ડાયરી વાંચવામાં બહુ રસ પડતો. તેને લિયોનું લખાણ બહુ જ ગમતું હતું. ઘણી વખત લખવાના કામમાં તે મદદરૂપ પણ થતી હતી. લિઓએ ડાયરીમાં જે કંઈ લખ્યું હતું તે વાંચીને સોફિયા એક વખત સ્તબ્ધ થઈ ગઈ. તેમાંથી બહાર આવતા તેને ખાસ્સો સમય લાગ્યો. બંને વચ્ચે તીરાડ પાડનાર તત્વ ઉમેરાયું.

પતિ-પત્ની વચ્ચે વિચાર ભેદ તો હોય, તે સહજ છે. પણ આંતરિક ઈર્ષા અને ટેન્શનથી પૂરેપૂરા નિર્મળ ક્યારેય ન થયા. અલબત્ સોફિયા લિયોને પત્રવ્યવહાર કરવામાં મદદ કરતા તેમજ જમીન જાયદાદના ધંધામાં સહભાગી થતા હતા. ઘણી વખત લિયોના અસ્ત-વ્યસ્ત પડેલા કાગળો બરાબર ગોઠવી આપતી હતી. કેટલીક વખતે લિયોના કાચા લખાણને નવેસરથી ભૂલ સુધારીને લખી આપતી હતી.

ટોલ્સટોયના સોફઈયા સાથે લગ્ન થયા તે વર્ષથી તેમણે મહાનવલ યુધ્ધ અને શાંતિ લખવાનું શરૂ કર્યું. ૧૮૬૯ સુધી એટલે કે પૂરા છ વર્ષ સુધીમાં છ ભાગ પ્રસિદ્ધ થયા. ૧૮૭૨માં તેમણે એના કેરેનીનાં લખવાનું શરૂ કર્યું. આ નવલકથા પહેલું જ વાક્ય આવે છે, "બધા સુખી પરિવારનું સુખ એક જેવું હોય છે, જ્યારે તમામ દુ:ખી પરિવારો પોતપોતાની રીતે દુ:ખી હોય છે." આ સનાતન સત્ય આજે પણ ઝાંખવાણું નથી પડ્યું.

લિયોને જીવનન ઉત્તરાર્ધમાં જિંદગીમાં જે ખાટાં-મીઠાં અનુભવો થયા તેને અંતે જીવનનું સત્ય લાધ્યું એટલે શ્રમ પ્રધાન અને ત્યાગમય જીવન અપનાવી લીધું. તેથી તેમના સ્વજનો બહુ દુ:ખી થઈ ગયા. ખાસ કરીને પત્ની સોફિયા. તેને સૌથી વધુ પોતાના અને સંતાનોના ભવિષ્યની ચિંતા થવા લાગી. સોફિયા પોતાના સંતાનોને ભણાવવા મોસ્કો રહેતી હતી અને લિયો યાસનાયાની જાગીર સંભાળતા હતા. તેમણે તમામ નોકર-ચાકરને રજા આપી દીધી. ઘરના તમામ કામો જાતે કરવા લાગી પડ્યા હતા. તે સોફિયાને જરાય ગમતું નહીં. નોકરોને રજા આપી દીધી તે જાણીને દુ:ખી દુ:ખી થઈ ગઈ. તે પત્રમાં લખે છે, "તમારા જેવા અસાધારણ બુધ્ધિ શક્તિનો ઉપયોગ ચુલો ફૂંકવામાં જાય, વાસીદુ વાળવામાં, જોડા સીવવામાં જાય તેથી મને ભારે દુ:ખ ઉપજે છે." આ પત્રની કોઈ અસર લિયોના જીવન ઉપર ન થઈ. તેઓ તો કોઈની પરવા કર્યા વગર તેમને જે સત્ય લાધ્યું તે માર્ગે જ ચાલતા રહ્યા. તે સમયમાં રશિયા રાજા ઝારનો પ્રજા ઉપરનો ઝુલમ દહાડે દિ વધતો જતો હતો એટલે ત્રાસીને લોકોએ તેની સામે બંડ પોકારી હિંસક બળવો શરૂ કર્યો, જેમાં ગરીબો, ખેડૂતો, વંચિતો વગેરેની સ્થિતિ વધુ દયામણી બની ગઈ હતી. યુવાનવર્ગથી સહન ન થયું. તેમણે રાજાના ત્રાસમાંથી આમજનતાને બચાવી લેવા રાજા સામે હિંસક બળવો કર્યો. આ બાબત લિયોને બહુ ખટકી. તેઓ નારાજ થઈ ગયા અને સંપૂર્ણ અહિંસાના

પૂજારી બની ગયા. તેઓ પણ ગરીબોનું હિત ઈચ્છતા હતા પણ તેમનો માર્ગ સંપૂર્ણ અહિંસક અને પ્રેમનો હતો. નિર્ભયતાથી જનહિતનો પ્રચાર કરવા માટે તેમણે હાથમાં કલમ પકડી પરિણામ એ આવ્યું કે રાજા અને તેના અધિકારીઓ તથા ધર્મધુરંધરો લિયોના વિરોધી બની ગયા, કારણ કે તેમણે સરકાર અને ધાર્મિક વડાઓની જાહેરમાં ટીકા કરી હતી. તે પણ એટલી હતે કે ૧૯૦૧માં રશિયન ઓર્થોડોક્સ ચર્ચે લિયોને નાત બહાર મૂકી દીધા. તેથી લિયોને કોઈ ફેર ન પડ્યો. કારણ કે તેમની લોકપ્રિયતા એટલી અકબંધ હતી કે તેમાં કોઈ છીંડું ન પાડી શક્યા.

લિયોએ દારૂ, તમાકુ, માંસ મચ્છીનો ત્યાગ કર્યો. પૂર્ણ શાકાહારી બની ગયા. પરિણામે વિચારોમાં સાત્વિકતા આવતી ગઈ. દીન દુખિયા, ગરીબ, પીડીતો, વંચિતો, નિરાધારો પ્રત્યે તેમનું કરુણાભર્યું દય ધબકતું જ રહ્યું. રશિયામાં પેદા થયેલ સંઘર્ષને ટાળવા આ લોકો માટે જ કલમ ઉપાડી હતી. લિયો પોતે ખ્રિસ્તી હતા એટલે ગરીબો અને પીડિતોની સેવામાં બાઈબલની અસર અંતઃકરણને વધુ ને વધુ જકડોરતી રહી. ઈશુના સંદેશ મુજબ "જે મા-બાપ, સ્ત્રી, પુત્ર, ધન, દોલત વગેરે દુન્યવી વસ્તુનો ત્યાગ કરી શકતો નથી તે મારે માર્ગે ચાલી શકશે નહીં. ભગવાન ઈશુના આ વચનનો લિયોના લોહીના કણેકણમાં ઉતરી ગયા હતા. અંતરના ઊંડાણમાં માયલો વારંવાર હથોડી ઠોકીને કહેતો હતો.

સંપૂર્ણ ત્યાગ વગર જીવનનું રહસ્ય પામી શકાય એમ નથી. પરિણામે ભગવાન બુધ્ધની રાહે ગૃહત્યાગ કરવાની અંતરની ઊંડી ઈચ્છા થઈ આવી અંતે ૮૨ વર્ષની જૈફવયે ૧૯૧૦ ને ઓક્ટોબરની ૧૦ મીના રોજ વહેલી સવારે સાંસારિક જીવનને રામ રામ કરી ચાલી નીકળ્યા. પિતાની સંભાળ રાખવા દીકરી એલેકઝાંડ્રા સાથે થઈ. એક સાધવીના મઠે પહોંચ્યા. ત્યાંથી બંને ટ્રેનમાં બેઠા. રસ્તામાં તબિયત બગડી એટલે એસ્તોપોલ સ્ટેશને ઉતરી ગયા. રેલ્વે સ્ટેશન માસ્તર જોઈ ગયો. તે લિયોને ઓળખી ગયો એટલે પોતાને ઘેર લઈ ગયો. તેણે લાગતા વળગતાને જાણ કરી. પેપરમાં પ્રગટ થયું. સોફિયાને તથા પરિવારને જાણ થઈ. પછી તો આપ્તજનો, મિત્રો, સ્નેહીઓ, ચાહકો વગેરે જાણ થતા બહુ મોટો સમુદાય એકઠો થઈ ગયો. ૧૯૧૦ને ૨૦ નવેમ્બરે ન્યુમોનિયાએ તેમને ઘેરી લીધાને ઈશુને પ્યારા થઈ ગયા.

પોતાના મૃત્યુ બાદ કોઈ પણ પ્રકારની વિધિ થાય તેવું તેઓ ઈચ્છતા નહોતા છતાં અંતિમક્રિયા સમયે હજારો માણસો ઉમતટી પડ્યા હતા. પોતાના વતન યાસનાયાના ખેડૂતો સ્મશાનયાત્રામાં મોખરે હતા. તેમણે પકડેલા એક ખેતરમાં, લખ્યું હતું, "અનાથ ખેડૂત વર્ગ આપની સાધુતાને કદી પણ નહીં વિસરે."

તેમને જયાં દફનાવવામાં આવ્યા તે એ જ જગા હતી જ્યાં મોટાભાઈ નિકોલસે તેમને કહ્યું હતું કે તારા સુખનું રહસ્ય અને પીડાઓનો અંત અહીં જ દટાયેલ છે.

લિયો ટોલ્સટોયનું અંતીમ ડેક્લોરેશન.

ટોલ્સટોય પોતાની પત્ની સોફિયાને ૧૮૯૭માં છેલ્લો પત્ર લખ્યો હતો. તે રવાના કર્યા વગર રહી ગયો હતો. બિડાયેલ કવર પર લખ્યું હતું, "મારા મૃત્યુ પછી આપવામાં આવે." પત્રમાં શું હતું ? "મારા ધાર્મિક સિધ્ધાંતો અને મારા જીવન વચ્ચે જે વિરોધાભાસ છે તે મને પીડા આપે છે. હું તને આ જીવનશૈલી છોડવા મજબૂર ન કરી શકું કેમકે મેં જ તને તેમાં ઢાળી છે. હવે હું એ કામ કરવા માંગું છું. જે કરવાની મને તીવ્ર ઈચ્છા છે. તમારા બધાથી વિદાય લઈને ક્યાંક બીજે જવું છે. ઉંમર વધવાની સાથે જીવવું કષ્ટદાયક લાગે છે અને એકલા રહેવાનું મન થાય છે. છોકરાવ મોટા થઈ ગયા હોવાથી હવે હું ઘરમાં ન રહું તો પણ ચાલે. હિન્દીઓ ૬૦ વર્ષની ઉંમરે ઘર છોડી વનમાં જતા રહે છે. હું પણ મારા અંતીમ દિવસો ઈશ્વરના સ્મરણમાં ગાળવા માગું છું. જો હું મારા વિચારોનો ખુલ્લે આમ અમલ કરીશ તો લોકો મને રોકશે, આજીજી કરશે, મને મારા વિચારો અમલમાં નહીં મૂકવા દે. મારી આ હકીકતથી તમને તકલીફ પડી હોય તો મને માફ કરી દેજો. રાજીખુશીથી મને જવાની પરવાનગી આપી દો. મને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શોધશો નહીં અને મને દોષ પણ ન દેશો.''

અંતે આવું લખાણ કરી કવરમાં ભંડારીને ૧૦મી નવેમ્બરે ૧૯૧૦ના રોજ કોઈને પણ જણાવ્યા વગર ઘર છોડીને ચાલી નીકળ્યા હતા. રસ્તામાં મળતા લોકો સાથે તેમણે આત્મસંયમ, ત્યાગ, શરીરશ્રમ, માનવસેવા, ભાઈચારો, શાંત અને અહીંસા જેવા વિષયો પર પેટ ભરીને વાતો કરી ચર્ચા કરી હતી.

૧૮૮૧માં ૫૩ વર્ષની ઢળતી ઉંમરે લિયો યાસનાય-પોલ્યાના છોડીને મોસ્કો આવ્યા ત્યારે તેમણે મોસ્કોમાં શું જોયું?

મોસ્કોના અમીર ઉમરાનો, ધનિકો, જાગીરદારો અને સરકારી અધિકારીઓને ખૂબ સુખી સંપન્ન જોયા. ભોગ વિલાસમાં ગળાડૂબ થયેલાની બૂરી દશા જોઈ. સાથે સાથે બીજા અનેક કચડાયેલા તરછોડાયેલા ગરીબ, કંગાલ, ભિખારી જાગીરદારો અને જમીનદારો વેઠિયા ખેડૂતો, ગુલામો અને રૂપજીવીઓની અદ્‌ભૂત દુનિયા પણ જોઈ, એટલું જ નહીં પણ કેટલાંક અનુભવો તો તેમણે કોલેજ કાળની યુવાનીમાં મેળવ્યા હતા તેનાથી ઉબાઈને ગામડે જતા રહેલા પણ ફરી પાછા ૫૩ વર્ષની ઉંમરે આવ્યા ત્યારે તેમણે મોસ્કોની ગલીઓમાં શું જોયું?

જાહેરમાં ભીખ માંગવાની સરકારે મનાઈ કરેલી છતાં પણ કેટલાક ભીખારીઓ ભીખ માગતા જોયા, તેને કોઈ રોકતું નહોતું, પકડતુંય નહોતું, વળી ભીખારીઓ હટ્ટાકટ્ટા, સાજા, સારા, તંદુરસ્ત પણ હતા. ગામડાનાં ખેડૂતોને શહેરમાં ભીખ માગતા જોઈને લિયોને આશ્ચર્ય થયું.

કેટલાંક મિત્રોએ તેમને મોસ્કોની ખરી કંગાલિયત જોવા માટે ખિત્રોવ બજારની ચાલી જોવાની સલાહ આપી. તેઓ આ ચાલી જોવા નીકળ્યા તો ત્યાં તેમણે શું જોયું?

ફાટેલા, તૂટેલા ટોપાવાળી, પોલકા, ચણિયા અને બૂટ પહેરેલી બેહૂદી વેશ કાઢેલો છતાં બીલકુલ શરમ સંકોચ નહીં. કેટલીક જુવાન અને ઘરડી બાઈઓ બજારમાં બેઠી-બેઠી કાંઈક ને કાંઈક વેચતી હતી. આંટા મારતી હતી અને ગાળા-ગાળી કરતી હતી.

મોસ્કોની ગલીઓમાં રહીને ગરીબીમાં સબડતી એક પ્રજા હતી તો બીજી બાજુ તવંગરોને રહેતા જોયા. તેમજ મોસ્કોની ગલી ગલીમાં ભમીને જે ગંગાલિય નજરે પડી તે જોયા પછી દયા અને કરુણાનું લખલખું તેમને આવી ગયું. ધીરે ધીરે પોતાની જાત તરફ અણગમો પેદા થવા લાગ્યો, અકળામણ થવા લાગી. તેમને અંતર્નાદ બોલી ઊઠ્યો;

''મારી આસપાસ જે લોકો રહે છે તેઓ ઝેનોવ ચાલીમાં ન રહેતા શહેરનું સુંદર લતાઓમાં પોતાના આલીશાન હવેલીમાં રહે છે. રોટી તથા ત્રણ માંસને બદલે ભાત-ભાતની સ્વાદિષ્ટ વાનગીઓ ખાય છે. તેમ છતાં તેઓને પણ પોતાની ચાલુ સ્થિતિમાં પેલાના જેટલો જ અસંતોષ છે. તેઓ પણ પેલાની જેમ જ ભૂતકાળનો અફસોસ અને ભવિષ્યની સારી સ્થિતિની ઝંખના કરે છે. આ ઝંખનામાં પણ પોતાને ઓછામાં ઓછું કામ કરવું અને બીજાની મહેનતનો વધારેમાં વધારે પ્રમાણમાં લાભ લેવો કેવી રીતે શક્ય બને તેના જ પ્રયત્નો થાય છે.

બીજો એક વર્ગ તો બદચલન સ્ત્રીઓનો કે વેશ્યાઓનો ઝેનોવ ચાલીમાં આવીને અનેક નાની મોટી દરેક પ્રકારની સ્ત્રીઓ જોવા મળી. જેમાં કેટલીકને જોતા જ ચીતરી ચડે એવી કુબડી બુઢ્ઢીઓ જોવા મળી. આ ઘરડી ઠચરીઓમાં તો મનુષ્યનો આકાર પણ રહ્યો નહોતો.

મોસ્કોની ગલીઓમાં ભમી ભમીને લિયોએ શહેરનું દોઝખ જીવન જોયું, અનુભવ્યું અને પછી તેના તરફ હમદર્દી પેદા થઈને આ દોઝખ જીવનને સુધારવાનું વિચાર્યું પણ પછી અંતરની ખોજ ગણા શરૂ થઈ. પરિણામે પોતાના જીવનમાં પેસી ગયેલી બદીઓ દેખાવા લાગી તેથી કહે છે; ''બીજાને સુધારવા જતા પહેલા મારે પોતે સુધરી જવું જોઈએ. શહેરના લોકો માટે હું કંઈ પણ નહીં કરી શકું કારણ કે એક જગાએ પારાવાર લોકો ભેગા થયેલા હોય છે અને બીજું કારણ એ કે શહેરના ગરીબ લોકો ગામડાનાં ગરીબ લોકો કરતા જુદી જ જાતના હોય છે કેમકે ગામડામાં જેમને રોટલો મળી શકે છે તે બધા અહીં આવીને ભરાય છે અને ધનિક લોકો ફરતા વીંટળાઈને રહે છે. રોટલો

કમાવા માટે આમ કરવું પડે છે. અહીં શહેરમાં તો કેટલીક લોભામણી લાલચથી પ્રેરાઈને આવતા હોય છે.

લિયો પોતે આત્મમંથન કરીને તારવે છે કે હું એક પરોપજીવી નકામો જીવ છું. અમુક જાતની પરિસ્થિતિમાં જ જીવી શકું એમ છું. હજારો લોકો મહેનત કરીને મરી જાય છે ત્યારે જ મારું આ બમાણું જીવન ટકી શકે તેમ છે. ઝાડના પાંદડાંને ખાઈ જતો વંદો હું છું તેમ છતાં મારે હાથે તે ઝાડને રોગીષ્ટ થાય તે સારી રીતે વધે તથા ફાલેફૂલે એવી ઈચ્છા ધરાવું છું.

આમ લિયો પોતાની જાતને વંદાની કક્ષાએ મૂકીને વાસ્તવિક હકીકતનો સ્વીકાર કરવામાં ક્યાંય અહં આડે નથી આવતો. તેમને પોતાને દંભ સતત ખટકી રહ્યો છે અને પોતાની જાતને 'હરામી' કહેતા અચકાતા નથી તેમની આ નમ્રતામાં નગ્ન સત્ય પ્રગટ થાય છે.

"પોતાના પસીનાની કમાઈ બીજાને આપી દેવી તે ખરી સેવા છે. પણ મેં તો કરી નહોતી કોઈની સેવા કે નહોતી કરી કોઈને મદદ હું સારી રીતે જાણું છું કે મારું ધન મારા પસીનાનું નથી તેથી એવું લાગે છે કે "પૈસામાં પૈસાની ધણી થવામાં જ કંઈક હીન અને અનિતિમયપણું લાગ્યા કરે છે. લિયોએ કરેલો કર્મો તેમને પીકી રહ્યા છે અને આત્મખોજની યાત્રા કરતા કરતા સમગ્ર જીવન પલટાઈ જાય છે અને કેટલાંક સંવેદનો, વિચારો આ રીતે રજૂ કરે છે જે પ્રેરણાદાયક છે.

ગુલામી, લશ્કરની જોહુકમી, જમીનનો કબજો અને કરવેરા આ ત્રણેમાં તેમણે જીવનના સત્યોને ઉજાગર કર્યા.

બીજા માણસના પરિશ્રમનો કે મજૂરીનો લાભ લેવો એટલે પરિશ્રમના ફળરૂપે જે તેમને મળે તે છીનવી ન લેવું એવું નક્કી કર્યું.

પોતાની જીવન જરૂરિયાતો ઘટાડી દેવી.

પોતાનું કામ જાતે કરવું, બીજા પાસે ન કરાવવું.

પહેલા વિચાર્યું કે બીજાને દુઃખો દેવાનું બંધ કરવું અને માણસને ગુલામ બનાવવામાં ભાગ ન લેવો.

આવું નક્કી કર્યા પછી પોતાના આચરણમાં શું મૂક્યું ?

પહેલા તો તમામ ગુલામોને મુક્ત કરી દીધા અને છેક ઉપલા સ્તરમાંથી સાવ નીચલા થર પર આવી ગયા. આવી હિંમત લિયો સિવાય બીજું કોણ કરી શકે ?

જીવન જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાખી.

પોતાના કામો જાતે કરવા શરૂ કર્યા. પોતાના કામો બીજા પાસે કરાવનારને દ્રોહી ગણવા જોઈએ એવું વિચાર્યું. ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે : "ફોગટ ખાવે ચોરકહાવે, ગીતા કી આવાજ હૈ."

અહિંસાના સંદર્ભમાં લિયોનું દર્શન સ્પષ્ટ છે, "આજીવિકા મેળવવામાં હું ભાગ ન લઉં અને બીજાની મજૂર પર જીવું તેમાં તો બીજાની હિંસા જ રહેલી છે." લિયોનો આ વિચાર ગાંધીજીને સુક્ષ્મ અહિંસા તરફ દોરી જાય છે. છેક વિચાર, વાણી અને વર્તનની પવિત્રતા સુધી લઈ જાય છે, જેમાંથી તરી આવે છે કે "મારી વાણી એજ મારું જીવન."

લિયોએ પોતાના તમામ કામો જાતે કરવાનું સ્વીકાર્યું ત્યારે મનમાં એક સવાલ ઊભો થયો; "જાતે કામ કરવામાં વધુ સમય પસાર થઈ જતા માનસિક પ્રવૃત્તિ કરવાનો સમય નહીં મળે તો ? આ સવાલના જવાબ રૂપે કહે છે કે શરીરને જેમ જેમ વધુ શ્રમ આપતો ગયો તેમ શરીરની આળપંપાળ ઘટતી ગઈ. છેવટે આખા દિવસમાં આઠ કલાક શરીર શ્રમમાં જતાં હતાં. છેલ્લા ૧૦ વર્ષ સુધી મજૂરો સાથે ખભેખભા મિલાવીને સખત શ્રમમાં જોતરાયેલા રહ્યા. તેઓ કહે છે : "અનુભવે એટલું સમજાયું કે શરીરશ્રમ કરવાથી માનસિક કામ વધારે સારું થઈ શક્યું અને ઉચ્ચ કોટીના ગુણવાળું થાય છે. તેમજ કામમાં ખૂબ ઉત્સાહ આવે છે. જેમ જેમ ખેતીની કઠણાઈ ભરેલી મજૂરીમાં હું વધુ ડૂબતો ગયો તેમ તેમ મને વધુ આનંદ મળવા લાગ્યો. લોકો સાથેનો મારો સંબંધ વધુ માયાળુ અને ઘનિષ્ટ થતો ગયો. જિંદગીનું સુખ મને વધારે મળવા લાગ્યું આ બધાનું પરિણામ એ આવ્યું કે :

મારા માટે શરીરશ્રમ સહજ થતો ગયો. આળસ ઓછી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

થઈ ખર્ચાળ જરૂરિયાતો તો આપોઆપ ખરી પડી.

સાદો ખોરાક અપનાવ્યો તેથી મસાલાવાળા ખોરાકની જરૂર ન પડી.

મહેનતુ જીવનને કારણે જીવન જરૂરિયાતો ઘટતી ગઈ.

જેમ જેમ વધુ મહેનત કરવાની ટેવ પડતી ગઈ તેમ વધુ આવડતું ગયું.

મારી મહેનત ફળદાયી બનતા બીજાની મહેનતની મારે ઓછામાં ઓછી જરૂર પડવા લાગી અને જીવન વધુ સારું બનતું ગયું.

મહેનતથી તબિયત સુધરતી ગઈ અને બગડતી અટકી ગઈ.

ઉત્તરાવસ્થામાં તેમના જીવનમાં આવેલ આચાર-વિચારના પરિવર્તનથી યુરોપની ધાર્મિક, નૈતિક અને અલ્પાંશે આધ્યાત્મિક ભૂખ ભાંગનાર બની. ખૂબ શ્રીમંતાઈ ભોગવ્યા પછી, શ્રીમંતોના ખૂબ નજીકના સંપર્કમાં આવ્યા પછી ગરીબ, દીન, દુખિયા, કંગાલોનો સમાજમાં શું સ્થાન છે તે સગી આંખે જોયા, અનુભવ્યા પછી સંપૂર્ણ ખાતરી થઈ ગઈ હતી કે સમગ્ર માનવ સમાજને સત્યાનાશને માર્ગે લઈ જનાર અમીર-ઉમરાવોની વિલાસી ટેવો જ જવાબદાર છે. આ વિલાસી ટેવોમાં સ્વાદજય અને આત્મસંયમ વગર જીવનનો સાચો ઉત્કર્ષ થવાનો જ નથી તેની સંપૂર્ણ ખાતરી થઈ ગઈ.

લિયોની ઉત્તરાવસ્થામાં કલાનું સ્થાન સત્યે લઈ લીધું હતું. સત્યના પરમ ભક્ત અને આદર્શવાદી લિયો પ્રત્યે સમગ્ર યુરોપમાં બહુ થોડાની સહાનુભૂતિ તેમના પ્રત્યે હતી છતાં આદર્શવાદી ટોલ્સટોયના સાહિત્ય સર્જન ઉપર તો આખું યુરોપ વારી ગયું હતું.

અમીર ઉમરાવોના ભોગવિલાસ અને બેજવાબદાર આડંબરો સામે કંગાલ, દલિત, ભૂખે મરતા ખેડૂતોના પશુ કરતાં ભૂંડા જીવનનો લિયોના સાહિત્ય સર્જનમાં પ્રકાશ અને છાયાની પેઠે ચિતરાઈ ગયેલા છે. લિયોનું યથાર્થ દર્શન ભક્તિ હોવા છતાં ઉચ્ચ ભૂમિકાએ રહેલું હોવાથી તે વિકારોનું પોષક અને પાપનું પ્રેરક નથી બનતું. લિયો સમગ્ર જીવનને સાવ નિર્લેપભાવે હસ્તકમલવત જોઈ શક્યા છે. હાથીની પેઠે સ્વૈર વિહાર કરી શક્યા.

## લોકમિલાપની વિદાયનો છેલ્લો દિવસ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ છે. ત્યાં સુધી તમામ પુસ્તકોમાં ૨૦% વળતર સુલભ છે.

કેટલાંક મિત્રોના સુચનથી એક યોજના શરૂ કરી છે.

ગુજરાતના પછાત, ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ઉત્તર બુનિયાદી વિદ્યાલયો શિક્ષણનું સરસ કામ કરે છે. એમને સારા પુસ્તકોની જરૂરિયાત હોય છે. જે મિત્રો આ શાળાઓને પુસ્તકો ભેટ મોકલવા ઈચ્છે તેમણે રકમ લોકમિલાપને મોકલવાની. પુસ્તકોની પસંદગી તથા શાળાને ટપાલમાં મોકલવાનું કામ અમે કરીશું. દરેક શાળાને સૂચન કરીશું કે પુસ્તકો મળ્યાની પહોંચ રકમ આપનારને સીધી મોકલે.

*અમે રૂ. ૧૨૫૦ ની છાપેલ કિંમતના*
*પુસ્તકોનો સંપુટ જે તે શાળાને મોકલશું.*
*આપે અમને રૂ. ૧૧૦૦ મોકલવાના.*

રૂ. ૧૨૫૦ - ૨૦% વળતર (૨૫૦ રૂ.) = રૂ. ૧૦૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦૦ = રૂ. ૧૧૦૦.

રૂ. ૧૧૦૦નો ચેક Lokmilapના નામનો લોકમિલાપ, સરદારનગર, ભાવનગર ૩૬૪૦૦૧ પર કુરિયરથી આપના નામ-સરનામાં સાથે મોકલી શકશો. રૂ. ૧૧૦૦ મોબાઈલ નંબર ૯૯૧૩૧૧૧૬૬૬ પર PAYTM પણ કરી શકાશે અને એ જ નંબર પર મોકલનારનું નામ-સરનામું Whatsapp કરવાનું રહેશે. બેંક ટ્રાન્સફરની વિગતો પણ Whatsapp પર મળશે.

**સંપર્ક: ગોપાલ મેઘાણી (૦૨૭૮) ૨૫૬૬૪૦૨**

ડૉ. અરુણ જે. કક્કડ
બી-૪૦૩, મોતીપેલેસ પ્લસ, વંથલી રોડ, ટીંબાવાડી, મુ. જૂનાગઢ.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

# શિક્ષકો માટેનું ભાતું

ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૮૦ સુધીમાં મૂળશંકર મો. ભટ્ટ દ્વારા કેળવણીનાં જુદાંજુદાં પાસા પર જે લખાણો લખાયાં તેમાંથી કેટલાંક 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' સંગ્રહરૂપે પ્રગટ થયાં છે. આમાના કેટલાક લેખો અગાઉ 'કોડિયું'માં પ્રસિદ્ધ થયેલા.

શ્રી મૂળશંકર ભટ્ટે નોંધ્યું છે કે લગભગ પચાસ વરસના મારા શિક્ષક જીવનના અનુભવો, પ્રયોગો, સફળતાઓ, નિષ્ફળતાઓ, ચડાવ-ઉતાર, આઘાતો વગેરેમાંથી ચળાઈ-ગળાઈને જે કંઈ ચિંતનરૂપે પછીની પેઢીના શિક્ષકોને પથ્ય બનશે તેવા ખ્યાલથી લખાયું તે અહીં રજૂ કર્યું છે. પણ આ વ્યવસાયને મારો ધર્મ સમજીને અને જીવનની સાધનાનું એક માધ્યમ સમજીને કામ કરતા-કરતા જે કંઈ અનુભવમાં આવ્યું તે છૂટકછૂટક ને કંઈક તૂટકતૂટક રજૂ થયું છે.

શિક્ષણનાં વ્યવસાયમાં કામ કરતા-કરતા, વાચન-મનન અનુભવ કરતા-કરતા, કોયડાના ઉકેલ માટે મથતા-મથતા લેખકને જે કંઈ મળ્યું તેની નોંધરૂપ આ પુસ્તક છે. આ પુસ્તકમાંથી દરેક સાચા શિક્ષકને કંઈક વિચારવા માટેનું કે પોતાની મુશ્કેલીઓ માટેના ઉકેલનું ભાતું મળી રહે છે.

શિક્ષક પાસે જીવનને, પોતાનાં કામને, વિષયને, છાત્રોને જોવાની વિશિષ્ટ એવી દૃષ્ટિ હોવી જરૂરી છે. આ વાત 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' સંગ્રહના લેખોમાં જુદીજુદી રીતે મુકાઈ છે. લેખકશ્રી મૂળશંકર મો. ભટ્ટના મત મુજબ 'કેળવણી એ જીવનદૃષ્ટિ છે.' તેથી નઈ તાલીમ પાછળની જીવનદૃષ્ટિ આ લેખમાં દેખાઈ આવે છે. તાણ વગરનું સંયમી જીવન, સંતુષ્ટ એવું કુટુંબ જીવન, કષ્ટોને ધૈર્યથી ઝીલવાની વૃત્તિ, આદરયુક્ત સામાજિક સંબંધો, સ્વધર્મનિષ્ઠામાંથી ઊભો થતો અદ્વૈતભાવ, આ બધાં લક્ષણોને પ્રગટ કરતો શિક્ષકવર્ગ ઠેરઠેર કામ કરતો હોય એવા સમાજને ને કાળને જોવાની લેખકની ઝંખના છે. આ ઝંખનાને પોષે એવી શિક્ષકોની પેઢી ઊભી થાય, તેનાં પ્રયત્નમાં આ પુસ્તકમાંના વિચારો અમૂલ્ય ફાળો આપી શકે તેવા છે.

શિક્ષણનું વિકૃત સ્વરૂપ ધીમે-ધીમે દેશભરમાં છતું થતું જાય છે. શિક્ષણ એક વિધિ બન્યું છે. એક બજારુ વસ્તુ બન્યું છે. વિનિમયમનું એક સાધન બન્યું છે. જ્યારે બીજે છેડે શિક્ષણ દ્વારા સમૂળીક્રાંતિની વાતો પણ માથું ઊંચકી રહી છે. શિક્ષણ દ્વારા રાષ્ટ્રને કેવળ નોકરી શોધતાં લાચાર યુવક યુવતીઓ જ મળતાં હોય, જે શિક્ષણ લેનારાઓ કેવળ ભભકાભર્યા જીવનની મોહજાળમાં ફસાવીને નિરાશા અને વૈફલ્યનો ભાવ કેળવવામાં જ ખપ લાગતું હોય તેવા નિકૃષ્ટ શિક્ષણનાં વાતાવરણમાંથી દેશને છોડાવવાનો પ્રયત્ન કરવાનો આગ્રહ થવો જોઈએ. આજે સમાજમાં શિક્ષકની પ્રતિષ્ઠા નથી. શિક્ષકમાં પોતાનાં કામની નિષ્ઠા નથી. આથી જાણે સમાજ અને શિક્ષક બંને એકબીજાની સામેની છાવણીમાં ઊભેલા દેખાય છે. શિક્ષકને જ્યાં સુધી પોતાનાં જીવનના યોગક્ષેમ ચલાવવા માટેની અનુકૂળ નિશ્ચિતતા સમાજ કે સરકાર નહીં આપી શકે ત્યાં સુધી તે ધંધામાં મોટે ભાગે લાચાર માણસો જ ભેગા થવાના. શિક્ષણનું કાર્ય શિક્ષકો અને મા બાપોનું સહિયારું કામ બનવું જોઈએ.

મનુષ્યમાં રહેલ ઉત્તમ તત્ત્વોનો જ આવિષ્કાર થાય એ તરફ જો કેળવણીનો ઝોક રહે તો આપોઆપ જ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

લોકશાહી તંત્રને મદદ કરવાનું બને. લોકશાહી સમાજની રચનામાં શિક્ષણ મદદરૂપ બને. શિક્ષણ દ્વારા પોતાનો અને સમાજનો અખંડ વિકાસ કરવો તે નાનાભાઈ ભટ્ટનું તપ હતું. પોતાના અખંડ તપ દ્વારા તેમણે ગુજરાતી ભાષા બોલનારાઓમાં શિક્ષણનો દરજ્જો ઊંચો લીધો. આ ઉપરાંત તેઓએ શિક્ષણને જ સ્વધર્મ માનીને જીવનારા કાર્યકરો પણ ઊભા કર્યા. જેમાંના એક સાથીદાર તે મૂળશંકર મો. ભટ્ટ.

શ્રી મનુભાઈ પંચોળીએ નોંધ્યું છે કે મૂળશંકર મો. ભટ્ટને "પોતાની આજુબાજુની સૃષ્ટિમાંથી શૈક્ષણિક મૂલ્યો સિવાય બીજા મૂલ્યો આકર્ષી શક્યાં નથી. આવી નિષ્ઠાને કારણે તેમના શિક્ષણવિષયક વિચારો ઊંડાણવાળા અને સ્પષ્ટ હતા."

આ સંગ્રહમાં કુલ ૨૮ લેખોને ચાર વિભાગમાં સમાવાયા છે : (૧) સિદ્ધાંત, (૨) વ્યવહાર, (૩) છાત્રાલય, (૪) પ્રકીર્ણ.

પ્રથમ વિભાગ 'સિદ્ધાંત'માં કુલ અગિયાર લેખો છે. પ્રથમ લેખ 'શિક્ષકની નિષ્ઠા' વેડછીમાં મળેલ ગુજરાત નઈ તાલીમ સંમેલનમાં પ્રમુખપદેથી આપેલ વ્યાખ્યાન છે. ત્રીસ વર્ષથી શિક્ષક તરીકેનું કાર્ય કરતા-કરતા લેખકના જીવનમાં જે કેટલીક નિષ્ઠાઓ દૃઢ થઈ હતી તેની વાત આ લેખમાં છે. શિક્ષક તરીકેની નિષ્ઠા કઈ હોવી જોઈએ તે વિશે ચિંતન, અનુભવ, અવલોકન અને પ્રયોગોના સારરૂપ વાતમાં 'નઈ તાલીમ'ના રણકારની સાથોસાથ શિક્ષકના દિલનો રણકાર પણ અહીંથી આપણને સંભળાય છે. શિક્ષકના જીવનમાં કયા પ્રકારની જીવનનિષ્ઠા હોવી જોઈએ તેની વાત કરતા લેખક તત્ત્વનિષ્ઠા, સમાજનિષ્ઠા, પ્રેમનિષ્ઠા વિશે વિગતે વાત કરે છે. શિક્ષણ દ્વારા સંસ્કારોનાં સિંચનની પ્રવૃત્તિને તેઓ શિક્ષકો અને કલાકારોની સહિયારી પ્રવૃત્તિ ગણાવે છે. નવા સમાજનું સ્વપ્ન રજૂ કરે છે.

કેળવણીની પ્રવૃત્તિ તે મૂળ તો ચેતન સાથેનો જ વ્યવહાર છે. પ્રકૃતિએ અનેક પ્રયોગો કર્યા પછી, અનેક હાંડલ ફોડ્યા પછી, ઉત્ક્રાન્તિનાં ચાકડા પર જે છેવટનો ઘાટ ઉતાર્યો છે તેમાં ચેતનને સ્ફૂરવા માટે વધુમાં વધુ અનુકૂળ ઘાટ કર્યો છે તે કસોટી રાખી છે. મનુષ્યને વારસામાં મળેલ વાસનાતંત્રમાં પશુસમાનબળોનો વધારો થતાં જ તેમાંથી છૂટવાનો માનવી ચિત્તનો ઘૂઘવાટ અને પ્રયત્ન એટલે યુદ્ધ. જગતનો ઈતિહાસ માનવજાતિની મુક્તિની ઝંખનાનો ઈતિહાસ જ છે. ચેતનનો જડતત્ત્વમાંથી ધીમે-ધીમે છૂટવાનો પ્રયત્ન તે જ મુક્તિ છે. તેના ભયને તે પ્રથમ કુતૂહલમાં અને પછી જિજ્ઞાસામાં ફેરવી નાખે છે અને તે રીતે વિદ્યા મેળવવાની પ્રવૃત્તિની શરૂઆત કરે છે. આ રીતે, આ પ્રથમલેખ ખૂબ સમૃદ્ધ છે. આ લેખના કેટલાક મહત્ત્વના વિચારો ખૂબ ઉપયોગી બને તેવા છે.

કેળવણીની પ્રવૃત્તિ વ્યાપક અર્થમાં સામાજિક પ્રવૃત્તિ છે. લોકશાહીના પાયામાં વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે સંવાદ અનિવાર્ય છે. નાગરિકતાનું ભાવ લાવવાનું કામ કેળવણીએ કરવાનું છે.

પ્રેમ એ સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પણ સંઘર્ષ નિવારણનું એક પ્રબળ રસાયણ બની શકે તેમ છે. શિક્ષકોની પ્રેમપ્લાવિત દૃષ્ટિ ઘણું કામ કરી શકે છે.

શિક્ષકે પોતાના ધંધામાં નિરંતર સજાગ રહેવું જોઈએ. જ્ઞાનના બધા પ્રવાહોથી બને તેટલા પરિચિત રહેવું જોઈએ. પોતાનાથી જુદી જીવનિષ્ઠા ધરાવતા લોકોને પણ સમજવા જેટલી મગજની બારી ખુલ્લી રાખવી જોઈએ. ધીરજ, સહિષ્ણુતા, એ શિક્ષક જીવનની સફળતાની ચાવીઓ છે.

કોઈ પણ સમાજમાં કેવળ શિક્ષકો અને શિક્ષણસંસ્થાઓ સમાજના ગુણ વિકાસનાં કામનો ભાર ઉપાડી ન શકે, એટલું જ નહીં પણ એવો ભ્રમ પણ સમાજ કે શિક્ષકે, કોઈએ ન સેવવો જોઈએ.

બાળકને જીવનનાં મૌલિક વલણો આપનારાં

બળોમાં મા-બાપ, કુટુંબ-સંસ્થા, ધર્મસંસ્થા, સાહિત્ય, કળા, ઉત્સવો એ મુખ્ય છે. બધાં બળોમાંથી જાણ્યે-અજાણ્યે મળતા સંસ્કારોની ચાળણી કરીને તેમાંનાં પોષક અને પાચકતત્ત્વોને રાખીને બીજાઓનો ત્યાગ કરવાની વિવેકબુદ્ધિ આપવાનું કામ શિક્ષણસંસ્થાઓનું છે.

'કેળવણીનું લક્ષ્યબિંદુ' નામના બીજા લેખમાં જણાવે છે કે, જીવનના કેટલાક સનાતન ગુણોને ખીલવવા માટેની તાલીમ એ કેળવણીનું લક્ષ્યબિંદુ છે. આમ છતાં ઘણીવાર કેળવણીને ગમે તે વાદને ઉછેરનારી બનાવી દેવામાં આવે છે. તે વખતે કેળવણી પોતાનું લક્ષ્યબિંદુ ચૂકે છે. જીવનનાં નક્કી કરાયેલાં સનાતન મૂલ્યોને ભોગે થતાં કોઈ પણ મૂલ્યાંકનોની ભભકથી કેળવણીકારોએ બહુ જ ચેતવા જેવું છે. કેમ કે દરેક દેશમાં રાજકારણી, ધાર્મિક અને સામાજિક કાબૂ ધરાવનારાઓએ કેળવણીને પોતાની દાસી બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

ત્રીજા લેખ 'કેળવણીમાં વ્યક્તિત્વનું સ્થાન'માં લેખકે સમજાવ્યું છે કે, વ્યક્તિત્વ એ સામાજિક ગુણોનો અર્ક છે. 'લોકશાહી માટેની કેળવણી' નામના ચોથા લેખમાં લેખક નોંધે છે કે, લોકશાહીતંત્રની ઈમારતનો આધાર પ્રત્યેક વ્યક્તિનાં માનસના બંધારણ પર રહેલો છે અને માનસનો બંધાર બાંધવાનું કામ એટલે જ કેળવણીનું કામ. મનુષ્યમાં રહેલાં ઉત્તમ તત્ત્વોનો જ આવિષ્કાર થાય, એ તરફ જો કેળવણીનો ઝોક રહે તો તે આપોઆપ જ લોકશાહીતંત્રને મદદ કરનારું જ થવાનું.

લોકશાહી શાસનની તૈયારી માટે લોકોમાં રહેલી સ્વાર્થવૃત્તિની પડખોપડખ જ રહેલી યજ્ઞવૃત્તિને પ્રેરે, એ તરફ કેળવણીનું વલણ થવું જોઈએ. 'ડિસિપ્લિન' નામના પાંચમાં લેખમાં લેખક નોંધે છે કે, 'સાચું સ્વાતંત્ર્ય તે જ સાચી શિસ્ત' અંગ્રેજી ભાષામાં 'સ્કૂલ'નો મૂળ અર્થ 'ફાજલ સમય' એવો થાય છે. ભણવું તે નવરાશની પ્રવૃત્તિ ગણાતી હતી. ડિસિપ્લિન શબ્દ પણ 'ડિસાઈપલ' (શિષ્ય હોવું તે) એવો અર્થ ધારણ કરે છે. ગેરશિસ્ત એ માનસિક વ્યાપાર તરીકે એક અભાવાત્મક પ્રતિક્રિયા છે. શિસ્ત એટલે શિષ્ય બનાવવાની કળા.

'સ્વાતંત્ર્યનું શિક્ષણ' લેખમાં સ્વાતંત્ર્યને મનુષ્યનાં સમગ્ર વ્યક્તિત્વના વિકાસનું એક અનિવાર્ય પ્રગટીકરણ માનવામાં આવ્યું છે અને આ કામ શિક્ષણ દ્વારા સારી રીતે થઈ શકે તેમ કહેવાયું છે. 'અધિકારની માવજત : એક દૃષ્ટિમાં અધિકાર વિશેની સાચી દૃષ્ટિમાં જ લોકશાહીમાં રહેલી સત્તા અને જવાબદારીના દ્વન્દ્વ વિશેની સાચી સમજ લોકોમાં ઊભી થવાની છે. શિક્ષકો આમાં કંઈક ફાળો આપી શકે એ દૃષ્ટિએ લેખ લખાયો છે.

'જીવનવ્યવહારમાં સદાચાર : માનવતાની દૃષ્ટિએ' લેખમાં લેખક નોંધે છે કે, સદાચાર એ જીવનવ્યવહારનું લાવણ્ય છે. જે સ્થળે, જે આચરણ કરવાથી વ્યક્તિને કે સમાજના મોટાભાગને સુખ ને લાભ થાય, તે સદાચાર છે એમ ગણવું. સદાચાર તે માનવીનો ધર્મ બને છે. સદાચારી મનુષ્યના માનવીય વ્યવહારમાં માનવ પ્રત્યે આદર પ્રગટ થતો હોય છે.

'શિક્ષક થતાં પહેલાં' લેખમાં કહેવાયું છે કે, શિક્ષણનું કાર્ય એક મોટો કસબ છે. આપણા સૌમાં કુતૂહલ તો કુદરતી રીતે જ હોય છે; પણ તે કુતૂહલવૃત્તિ વિકાસ પામીને જિજ્ઞાસાનું સ્વરૂપ પકડે તેવું બધામાં નથી બનતું. પણ જે નવું-નવું જાણવા મહેનત કર્યા કરતો હોય, તેને માટે શિક્ષકના વ્યવસાયમાં સફળ થવાની શક્યતા ખરી. જે માણસ માનસિક રીતે સ્વસ્થ હોય, સ્ફૂર્તિવાળો હોય, બાળકોનાં જીવનમાં રસ ધરાવતો હોય અને પોતાની વાત બીજાને સ્પષ્ટ રીતે સમજાવવાની આવડત ધરાવતો હોય તે શિક્ષક તરીકે સફળ થાય.

'સાંસ્કૃતિક કટોકટી અને શિક્ષણ' લેખમાં દર્શાવાયું છે કે, 'કોઈ પણ કાળે સંસ્કૃતિના વાહક બનવાની ક્ષમતા ને જવાબદારી કેળવણીને સોંપાઈ છે. સાહિત્ય, ધર્મ, કળા વગેરે દયની તથા ચિત્તની શક્તિઓને ઉન્નત તથા

વિશાળ કરનાર તત્ત્વોએ પણ શિક્ષણનાં તંત્રનો આશ્રય લેવો જ પડે છે.'

અગિયારમાં લેખ 'માનસિક વિકૃત્તિની સામાજિક અસર'માં કહેવાયું છે કે વાસનાઓનું સંસ્કરણ કરવાની પ્રક્રિયા એ માનવીનું એક આગવું લક્ષણ છે. માનસિક વિકૃતિ તે મનુષ્યની વૃત્તિઓના સંસ્કારના પ્રયત્નમાં થતી ભૂલો તથા મળતી નિષ્ફળતાઓનું પરિણામ છે.

પુસ્તકના બીજા વિભાગનું નામ 'વ્યવહાર' છે. તેમાં કુલ છ લેખોનો સમાવેશ થયો છે. આ વિભાગના લેખ 'શિક્ષણની જિવાળી'માં આગવી રીતે કહેવાયું છે કે, તંબૂરના સંગીતમાં પ્રાણ પૂરનાર તાંતણાને જિવાળી કહે છે. એ જ રીતે શિક્ષકે પોતાના ચિત્ત તંત્રની જિવાળી બરાબર ગોઠવવાની છે. પોતાના શિક્ષણનો સાજ બરાબર ગોઠવવાનો છે.

'અભિપ્રાયોનું શિક્ષણ'માં લેખક નોંધે છે કે, 'માણસ બધા વિષયોનું જ્ઞાન પૂરું તો મેળવી શકતો નથી, એટલે તેણે ઘણે અંશે તે વિશેના અભિપ્રાયોનો ટેકો લેવો પડે છે.' પછીના લેખ 'રસ કે રસાભાર ?'માં 'ચિત્તતંત્રમાં રસનું સ્થાન સમગ્ર ચિત્તના વિકાસ માટે જ હોવું જોઈએ' તેમ કહેવાયું છે. રસ એ જીવન વિકાસનું રસાયણ છે. વિષયમાં રહેલા જીવનઉપયોગી - જીવનસ્પર્શી તત્ત્વને પ્રધાન સ્થાન આપનાર શિક્ષક વિદ્યાર્થીને જીવંત રસ લેતો બનાવી શકશે. વિદ્યાર્થી પોતાના જીવનઘડતરમાં આ જુદાજુદા વિષયને ગોઠવી શકશે. એ રસ તેનામાં જ્ઞાન પચાવશે.

'શિક્ષક-વિદ્યાર્થીઓના સંબંધ'ની વાત કરતા લેખમાં કહેવાયું છે કે, શિક્ષક રાષ્ટ્રના ધ્યેય અને નવી પેઢી વચ્ચેની કડીરૂપ છે. તે માત્ર ધ્યેયનો જ વાહક નથી, પણ વિદ્યાર્થીનો ધ્યેય તરફ લઈ જનાર ભોમિયો બની શકે છે. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે હાર્દિકતા એટલે કે ભાવાત્મક જોડાણ ઊભું થવું જોઈએ. કોઈ પણ વિદ્યાર્થીને એમ લાગે કે આ શિક્ષક મારે માટે કોઈ પણ કાળે સુલભ છે. તો પણ તે પૂરતું કારગત નીવડી શકે છે.

'ફરજિયાત ને મરજિયાત' લેખ શિક્ષણ સંસ્થાઓમાં શિસ્ત અંગે ઊભા થતા પ્રશ્નોને ચર્ચે છે. શિક્ષકો ફરજિયાતના પક્ષમાં વધુ હોય છે. વિદ્યાર્થીઓ માટે અને કેળવણીની દૃષ્ટિએ આ સ્થિતિ કેટલી વિષમ અને કૃત્રિમ છે તેની વાત કરતા લેખક નોંધે છે કે : 'મૂળ તો કેળવણીની ક્રિયા જ શિક્ષક અને વિદ્યાર્થીના સ્વેચ્છાપૂર્વકના સહકારમાંથી ઊભી થયેલી હોવી જોઈએ ને તે સહકારભાવના જ્યાં સુધી હોય ત્યાં સુધી જ કેળવણીનું કામ શક્ય બને છે.'

પછીના લેખ 'નઈ તાલીમ અને શ્રમ'માં લેખક નોંધે છે કે, નઈ તાલીમમાં 'શ્રમની નિષ્ઠા' મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પણ શ્રમ વિશેના ખ્યાલો અને તેને કેળવણીમાં કેમ યોજવો તે વિશેના ખ્યાલો જોઈએ તેટલા સ્પષ્ટ નથી. ફિલસૂફીને સીધી ઉતારીને એમ ને એમ શિક્ષણના તંત્રમાં ગોઠવી શકાતી નથી. તે ફિલસૂફીને કેળવણીની ચાળણીમાં ચળાઈને આવવાનું રહે છે. શિક્ષણ કેવળ ફિલસૂફીને પ્રગટ કરનાર સાધન નથી, તે એક કળા છે અને એ રીતે શ્રમના તત્ત્વને શિક્ષણમાં કેમ યોજવું, એ પણ વિચારવાનું રહે છે. કેળવણીની પ્રવૃત્તિની જેમ જ શ્રમ પણ આખા કાર્યક્રમમાં સ્વાભાવિક રીતે વ્યાપી જવો જોઈએ. આપણે કેળવણી દ્વારા શ્રમમાં રહેલ ઉચ્ચ-નીચના ભેદ મિટાવીને શ્રમમાંથી અસ્પૃશ્યતાની ભાવના દૂર કરવી જોઈએ અને શ્રમને સ્વાભાવિક પ્રવૃત્તિનાં સ્વરૂપમાં લાવી દેવી જોઈએ.

આ પુસ્તકનો ત્રીજો ભાગ 'છાત્રાલય' વિશે છે. જેનો પ્રથમ લેખ 'નઈ તાલીમ અને છાત્રાલય' નામનો છે. જેમાં છાત્રાલયમાં રહેનારા છાત્ર વિશે વિચારણા થઈ છે. છાત્રાલયોમાં રહેતો દરેક છાત્ર ઓછી-વત્તી શક્તિ ધરાવતો હોય તેથી સામાજિક દૃષ્ટિએ મૂળભૂત અધિકારોમાં ભેદ પડતો નથી. અલ્પતામાંથી નિરાધારતાનો અનુભવ ન થવો જોઈએ ને મહત્તામાંથી

સત્તાનો અનુભવ ન થવો જોઈએ. સૌ પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાનો વિકાસ કરી શકે ને ઉપયોગી થઈ શકે તેવી મોકળાશ ને હૂંફ છાત્રાલયના વાતાવરણમાં ઊભી કરવી જોઈએ. ગૃહપતિ કેવળ વ્યવસ્થાપક નથી પણ વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીના સંસ્કાર દૃઢ કરનાર શિક્ષક છે. મનુષ્યમાત્ર સુખવાંચ્છુ જ છે એમ નથી, તે શુભવાંચ્છું પણ છે. શુભમાં સુખ છે તેવી પ્રતીતિ કરાવવાનો જેટલો અવકાશ છાત્રાલયોમાં છે, તેટલો બીજે ઓછો છે. 'છાત્રાલય અને કેળવણી' લેખના આરંભે લેખકે છાત્ર શબ્દની વ્યુત્પતિ આપી છે. 'ગુરુના માથા પર વાંસની છત્રી ધરી રાખે તે છાત્ર' ગુરુની સેવા કરવાનું ખાસ કામ કરતાહોય તેવાઓને માટે છાત્ર શબ્દ વપરાતો હશે એમ માની શકાય. પછીથી તે શબ્દ શિષ્યના પર્યાય તરીકે પણ વપરાવા લાગ્યો.

આ લેખમાં છાત્રાલયનું કેળવણીની દૃષ્ટિએ શું મહત્વ છે અને તેને કેળવણીનું એક અંગ બનાવવા કઈ-કઈ બાબતો ઉપર લક્ષ આપવું જરૂરી છે, તે સંબંધે ચર્ચા થઈ છે. છાત્રાલયને કેળવણીની એક સંસ્થા બનાવવા પર ભાર મુકાયો છે. તેનો ગૃહપતિ કેળવણીનો 'જીવ' હોવો જોઈએ. જે માણસ કેવળ સ્વકેન્દ્રી જ છે, તે માણસ કોઈ પણ કેળવણી વિષયક પ્રવૃત્તિમાં પગ જ ન મૂકે તે જોવું ખૂબ જરૂરી છે.

'છાત્રાલયના કેટલાક પ્રશ્નો'ની ચર્ચા કરતાં લેખમાં લેખક નોંધે છે કે, છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીની ઉંમર સામાન્યપણે ૧૧ વર્ષથી નાની ન હોવી જોઈએ. વ્યવસ્થાના પ્રશ્નો, છાત્રોના અંગત પ્રશ્નો, સમાજ સાથેના પ્રશ્નો વગેરેનો કેળવણીના મૂળભૂત સિદ્ધાંતોની દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ. છાત્ર-છાત્ર વચ્ચેની તકરારો, ખોરાકનો પ્રશ્ન, પરસ્પર મૈત્રી સંબંધો, ચોરી વગેરેના પ્રશ્નો આ દૃષ્ટિએ અહીં ચર્ચાયા છે. કામ પ્રેરિત સંબંધોમાં શરૂઆતમાં નાનો વિદ્યાર્થી મોટા વિદ્યાર્થીની હૂંફનાં રૂપમાં જ આ સંબંધોમાં પડે છે અને પછી તે ઘણે અંશે તેમાં પૂરો ભળી જાય છે અને એ રીતે પરંપરા ચાલે છે.

'છાત્રાલયો અને ગૃહપતિના સંબંધો' લેખમાં હાર્દિક સંબંધો પર લેખક ભાર મૂકે છે. ગૃહપતિએ વિવેકપૂર્વક, જાગ્રતપણે ચિત્તમાં રહેલ પ્રેમભાવનાને છાત્રમાં રેડવાની હોય છે. સમૂહજીવન દ્વારા છાત્રનો ગુણ વિકાસ કરવાનું સ્થળ એટલે છાત્રાલય. ગૃહપતિએ ઉત્સાહ, દૃષ્ટિ, પ્રેમભાવને ભેળવી, પ્રેરકબળ બનવાનું છે. 'છાત્રાલયમાં ચોરીનો પ્રશ્ન' ચર્ચતા લેખમાં લેખક નોંધે છે કે, છાત્રાલય એક કેળવણીની સંસ્થા ઉપરાંત એક નાનકડો સમાજ પણ છે અને સમૂહ પણ છે. તેના વ્યવહાર માટે નિયમો પણ ઊભા થયા છે. ચોરી એ અંધારાની પ્રવૃત્તિ છે. ઉલ્લાસનો પ્રકાશ વિદ્યાર્થીનાં ચિત્તમાં પડ્યા કરતો હશે તો ત્યાં ચોરીવૃત્તિ લાંબો વખત ટકી નહીં શકે.

'પ્રકીર્ણ' વિભાગનો લેખ 'ઓલવાયેલા કોડિયાનો પ્રકાશ' નાનાભાઈના મૃત્યુ પ્રસંગે લખાયેલો અંજલિ લેખ છે. સાઠ વરસ સુધી એકધારું, શાંત, સ્વસ્થ તેજ પ્રકાશતો દીપ ૧૯૬૧ના વર્ષમાં અંતિમ દિવસે સ્થૂલ રીતે હોલાયો. પણ તેમણે જે રીતે પોતાનું જીવન જીવી બતાવ્યું છે તેમાંથી નીકળતો પ્રકાશ હોલવાય તેવો નથી. નાનાભાઈ પાસે આદર્શ અને વ્યવહારની વચ્ચે મેળ સાધવાની એક સહજ સૂઝ હતી. ધર્મને સમજવાની અને જ્ઞાન ને કર્મનો સમન્વય કરવાની અસાધારણ શક્તિ હતી. દક્ષિણામૂર્તિથી માંડીને લોકભારતી સુધીનાં ૫૦ વર્ષના ગાળામાં સંસ્થા ચલાવવાની એક વિશિષ્ટ કળા તેમણે સિદ્ધ કરી હતી.

'વ્યક્તિત્વની પ્રતિષ્ઠા' લેખમાં, જૂના સમયે વ્યક્તિત્વને પ્રગટ કરવામાં જાગૃત મોકળાશને બદલે સલામતીવાળી સંકડાશ ગોઠી ગઈ હતી. તેની વાત કરીને પછી માનવસ્વભાવમાં રહેલી વ્યક્તિત્વને પ્રગટ કરવાની ઝંખનાને લેખક દર્શાવી આપે છે.

૧૬ અને ૧૭મા સૈકામાં યુરોપમાં વ્યક્તિત્વને પ્રગટ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કરવા માટે ઉઠાવવામાં આવતાં જોખમો માટે માનવ તૈયાર થવા લાગ્યો. તેની પોતાની ભૌતિકશક્તિઓનું રહસ્ય પણ હાથ લાગ્યું. સ્થાપિત વ્યવસ્થામાં ઝંઝાવાત આવ્યો. આ સંક્રાન્તિએ હજારો માનવીઓના પ્રાણ હર્યા, પણ વિચાર ન મર્યો, જૂની વ્યવસ્થા જ મરી. વ્યક્તિત્વની પ્રતિષ્ઠા થઈ. 'સાબુત પાયો ધરબવા માટે' લેખ ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં આપેલું દીક્ષાન્ત પ્રવચન છે. જે બીજા પાસેથી આપણે ઈચ્છીએ છીએ તે બીજા પ્રત્યેના આપણા વર્તનમાં આવવું જોઈએ. આ પાયાનો આગ્રહ છે. વડીલો પ્રત્યે આદરભાવ, પ્રેમભાવ, મૈત્રીભાવ હોવો જોઈએ. માણસને બહારનું બળ બહુ કામ નથી આવતું હોતું; અંદરથી બળ મળવું જોઈએ.

'લોકનાયક ગાંધીજી' વિશે લેખક નોંધે છે કે 'ગાંધીજીની વાણી કે કલમમાંથી નીકળેલ એકે એક શબ્દ એમના જીવનના આચારની સરાણે ચડેલ છે. દરેક સામાન્ય માનવીમાં અસામાન્ય એવું સત્ત્વ પડેલું જ હોય છે. પણ તે અસામાન્ય સત્ત્વના ટકોરા સાંભળવા જેટલી સચેતના, જાગૃતિ માણસે કેળવવી પડતી હોય છે. આ જાગૃતિ જ માણસને સામાન્યમાંથી અસામાન્ય ભૂમિકાએ ઉઠાવે છે. ગાંધીજી એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. 'પ્રેમનો મસીહા' લેખમાં મહાત્મા ગાંધીની 'માટીમાંથી ઘડીને માનવ બનાવવાની શક્તિનો' પરિચય થાય છે. તેઓ ઈશુના એક નમ્ર અનુજ હતા.

'વીરડાને જીવતો રાખીએ' લેખમાં લેખક નોંધે છે કે મંદિરને એક વાતાવરણ હોય છે. ઈશ્વર જેમ માતાના સ્તનમાં દૂધ મૂકે છે તેમ ઉત્તમ શિક્ષકના  દયમાં જ્ઞાનનો પાયો ચડાવ્યા જ કરે છે.

વીરડો નાનો હોય તેની ચિંતા નથી પણ વીરડાની મોટી લાક્ષણિકતા એ છે કે છાલિયું પાણી લો ત્યાં બીજા છાલિયામાં પાણી આવી જ ગયું હોય. કૂંડી, મોટા હોજ ખાલી થાય પણ વીરડો નહીં થાય. વીરડાને પોતાની એક સ્વતંત્ર આવ છે. વીરડો ચાલુ છે કે નહીં તેની ચિંતા કરો. આખા જગતના જ્ઞાનના સંપર્કમાં રહી સરવાણી ચાલુ રાખવાની છે. શિક્ષકને કોઈ અવગણી શકશે નહીં, જે કોઈ અવગણના થાય છે તે શિક્ષકની નથી થતી પણ તે શિક્ષક 'નથી' માટે થાય છે. જયાં બાળક છે, નવી પેઢી છે ત્યાં શિક્ષકની જરૂર જ છે. 'ધરતીને ધાવજો-ચૂસજો મા' લેખ મણાર લોકશાળામાં અપાયેલ વ્યાખ્યાન છે. લેખકે કહ્યું છે કે, જેણે ધરતીને સાચવી તે પ્રજા જીવી છે, ને જેણે ધરતીમાતાને મારી તે પ્રજા મરી છે. ઈશ્વરે આપ્યું છે તેટલું બરાબર માણીએ અને બીજાને પણ આપીએ. આપી છૂટવામાં જ આનંદ છે.

'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' પુસ્તકના આ બધા લેખોમાં એક સ્વસ્થ જીવનનો પડઘો સતત સંભળાયા કરે છે. લેખકમાં શિક્ષકની ઊંડી માતૃવૃત્તિ છે તે આ પુસ્તકમાં જોવા મળે છે. તેથી આ પુસ્તક માતાના  દયનું છે. આ લેખો કોઈ શાસ્ત્ર રચવાના પ્રયત્નાથી નહીં પણ સહજભાવે લખાયાં છે. શિક્ષણનું ખરું કામ તો સાચું વાતાવરણ સર્જવાનું જ છે, એ વાત આ લેખોમાંથી મળે છે. ભાવિ શિક્ષણની દિશા માટેનું સુચન પણ તેમાં પ્રાપ્ત થાય છે. પૂ. નાનાભાઈની પરંપરામાં મૂળશંકરભાઈ સહજ રીતે પ્રવેશ્યા અને વિકસ્યા. તેમના આ લેખો એક માતૃ  દય ધરાવતા શિક્ષકના તપઃપૂત જીવનની ઉપલબ્ધિ રૂપ છે.

આ લેખોમાં અંતરરસથી છલકાતા શિક્ષકનું સર્વસ્વ ઠલવાયું છે. શ્રી જયોતિભાઈ દેસાઈ નોંધે છે કે, 'આ લેખો શિક્ષક તાલીમની કોઈ નવી દૃષ્ટિ આપવાને લખવાનું ગર્વ કરવા નથી મથતા. માને ધાવણ છૂટે તેવી આ સહજ અને હૈયાધારણા આપનારી જીવન બક્ષનારી પેયધારા છે.' આ લેખો કોઈ સૈદ્ધાંતિક મહાફિલસૂફીનું પાઠ્યપુસ્તક નથી. આ લેખોમાં પ્રતિપાદિત થયેલા વિચારો સહજ છે, પ્રેમથી છલોછલ ભરેલા છે. મનુષ્યને માનવ થવાને ઉપયોગી થવા ઈચ્છનારા સૌ કોઈ માટે ઉત્તમ ભાતું અહીં પ્રાપ્ત છે. તેથી જ જ્યારે પણ માનવ-વિકાસનો વિચાર ચાલશે ત્યારે આ લખાણોને ધ્યાન પર લીધા વગર ચાલવાનું નથી.

'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' - લે. મૂળશંકર મો. ભટ્ટ

# અમૃત ગોઠડી સારસ્વતો તણી...

કેશુભાઈ પટેલ
પૂર્વ આચાર્ય, અસારવા વિદ્યાલય

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ સારસ્વતોનું સંગઠન - સરસ્વતી નાગરિક સમાજે પાઠવ્યું આમંત્રણ ભાવભર્યું. આમંત્રણને મળ્યો અદ્‌ભુત પ્રતિસાદ ને ઉમટ્યા સારસ્વતો સપરિવાર, બનાવવા સ્નેહમિલનને ભવ્ય. ડાલા મથ્થા સાવજ સરીખા શ્રધ્ધેય અને અદ્વિતીય રાજનીતિજ્ઞ સરદાર વલ્લભભાઈ પટેલ જ્યાં બિરાજે છે તે સરદાર પટેલ સ્મારક ભવન બન્યું સાક્ષી આ અવસરનું.

અવસરને અવિસ્મરણીય બનાવવા, યાદગાર બનાવવા વિદ્યામંડળના અમૃત પર્વ (૭૫ વર્ષની ઉજવણી)ની શિક્ષણયાત્રામાં સહભાગી થવા પૂર્વ સારસ્વતોનું તા. ૨૪ નવેમ્બર ૨૦૧૯ રવિવારે ૩ વાગ્યાથી જ સરદાર પટેલ સ્મારક ભવનના પ્રાંગણમાં આગમન શરૂ થઈ ગયું હતું. હર્ષઘેલા સારસ્વતો હોંશથી પોત પોતાનાં પરિચિતોને મળતા હતા, ભેટતા હતા અને ... અને સંસ્મરણોને વાગોળતા હતા. "તને સાંભરે રે ?"... "મને કેમ વીસરે રે..."ની કૃષ્ણ-સુદામાના મિલનની યાદ તાજી થતી હતી. સૌ સારસ્વતોનો ઉલ્લાસ જાણે કહેતો, હતો...

"ચલો બુલાવા આયે હૈ, માતા (સરસ્વતી)ને બુલાયા હૈ,

અપનોં કો અપનોં સે મિલાયા હૈ, દેખો કૈસા મજા આયા હૈ."

તો વળી કોઈ કહેતું હતું...

"અરે દ્વારપાલો આયોજકો સે કહ દો,

કિ દ્વારે પે સારસ્વતો અપાર આયે હૈં."

પોત પોતાના સહપાઠીઓ અને ગુરુવર્યો સાથે ગોઠડી કરવામાં સારસ્વતો હતા ગરકાવ. હતો એક સુખદ પ્રશ્ન, "કેમ કરીને લઈ આવવા આ સારસ્વતોને સભાગૃહમાં. કારગત નીવડી વિદ્યામંડળના મંત્રીશ્રી, સહમંત્રીશ્રી તથા આયોજકોની સમજાવટ. સૌ સારસ્વતો, તેમના પરિવારજનો, ગુરુવર્યો અને આમંત્રિતો ગોઠવાયા સભાગૃહમાં અને થયો શુભારંભ કાર્યક્રમનો મંગલગીતથી...

શાળાના સંગીત શિક્ષકો, કે જેઓ સ્વયં પૂર્વ સારસ્વતો જ હતા, તેઓએ "એક નયા ઈતિહાસ રચે હમ"ના ઈજન સાથે રચ્યો મધુમાસ. મંગલગીત બાદ શુભારંભે સારસ્વત શ્રી અતુલભાઈ એ સમારંભમાં ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી સૌનું ઉષ્માસભર સ્વાગત કરી સૌને મીઠો આવકારો આપ્યો હતો. પૂર્વ સારસ્વત, પૂર્વ શિક્ષકશ્રી દિલીપસિંહ સોલંકીએ "સરસ્વતી નાગરિક સમાજ"ની રૂપરેખા આપી. સંગઠન વિશે વિસ્તૃત માહિતી આપી. પૂર્વ સારસ્વતોને સરસ્વતી નાગરિકના સભ્ય બનવા અનુરોધ કર્યો. વિદ્યામંડળ અને તેના દ્વારા સંચાલિત શાળાઓની તેમાં અભ્યાસ કરતા બાળકોની તથા વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી પ્રસ્તુત કરી. સરસ્વતી નાગરિક સમાજને સક્રિય રાખવામાં જહેમત ઉઠાવનાર વરિષ્ઠ પૂર્વ સારસ્વતોને યાદ કર્યા, તેમના કાર્યને બિરદાવ્યું.

"સરસ્વતી વિદ્યામંડળનું સુકાન મંડળની શાળાઓમાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓ જ સંભાળે" તેવી મુ.શ્રી રઘુભાઈની ઈચ્છાની યાદ અપાવી તેઓએ જણાવ્યું કે મંડળના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવે અને સહમંત્રીશ્રી સજુભા ઝાલા પૂર્વ સારસ્વતો જ છે, જેઓ ઘણાં વર્ષોથી મંડળનું સફળ સંચાલન કરી મુ.શ્રી રઘુભાઈની મહેચ્છાને સાકાર કરી રહ્યા છે. અન્ય સારસ્વતો પણ આ સેવા યજ્ઞમાં જોડાયા છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સારસ્વતી વિદ્યામંડળના પ્રમુખ મુ.શ્રી જશીબેન વિદેશમાં હોવાથી હાજર રહી શક્યા ન હતાં. તેઓશ્રીએ પાઠવેલ શુભેચ્છા સંદેશ મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈએ વાંચી સંભળાવ્યો. પરદેશમાં રહે રહે પણ તેઓશ્રીએ કાર્યક્રમની સફળતા વાંછી હતી અને સૌ સારસ્વતો, તેમના પરિવારજનો, આમંત્રિતો તથા શાળાના સૌ કાર્યકરોને આશીર્વાદ પાઠવ્યા હતા.

સ્નેહમિલનના હાર્દ સમો કાર્યક્રમ હતો; "હસતાં મળીએ, હસતાં રહીએ..." આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદીએ સતત બે કલાક સુધી સૌને હાસ્યના હેલારામાં ધુબાકા લગાવડાવ્યા. સરસ મજાના રમૂજી ટચુકાઓથી હસાવ્યે રાખ્યું સમગ્ર સભાગૃહને. શાળાના છાત્રાલયમાંથી હકાલપટ્ટી, બોર્ડની પરીક્ષામાં બે બે વખત નાપાસ અને પછી દઢ સંકલ્પથી ત્રણ ત્રણ વખત પી.એચડી. થયાની વાત હળવી શૈલીમાં રજૂ કરી ગમ્મત સાથે જ્ઞાન આપતાં તેઓએ જણાવ્યું, "આપણે સૌએ બહુ જલદીથી સમજી લેવું જોઈએ કે જ્યાં સુધી આપણે આપણા દેખાવ સાથે, આપણી જાત સાથે આપણાં મૂળિયાં સાથે પૂરેપૂરા કમ્ફર્ટેબલ નહીં થઈએ ત્યાં સુધી કારકિર્દીમાં સફળ થઈ શકવાની તકો નહિવત્. આપણે આપણા બેકગ્રાઉન્ડ વિશે જેટલા નિખાલસ; લોકોને એટલા વધુ ગમીશું."

ગુરુ-શિષ્યની પરંપરા વિશે જગદીશભાઈએ કહ્યું કે તમારે ત્યાં કવિવર ટાગોરની શિષ્ય પરંપરા છે. રવીન્દ્રનાથ ગુરુ, રઘુભાઈ શિષ્ય. રઘુભાઈ ગુરુ, વિઠ્ઠલભાઈ, જયંતીભાઈ, જશવંતસિંહ શિષ્ય. જશવંતસિંહ ગુરુ, સજુભા શિષ્ય. સજુભા ગુરુ, દિલીપસિંહ અને બીજા ઘણાય શિષ્ય. ગુરુ-શિષ્યની આ પરંપરાને વંદન. હાસ્ય ગુરુ શાહબુદ્દિન રાઠોડનો શિષ્ય હું જગદીશ.

તેમની શુભેચ્છાઓ તો હતી શિરમોર.

"આ જ હૉલ હોય, આ જ પ્રેક્ષકવૃંદ હોય, આ જ આયોજકો, આ જ જ્યોતીન્દ્રભાઈ, સજુભા હોય અને આ જ વિદ્યામંડળ તેનું શતાબ્દી પર્વ (સો વર્ષની ઉજવણી) ઉજવતું હોય અને... અને હું જ હાસ્યરસ રેલાવતો હોઉં... ગમતાનો ગુલાલ કરતો હોઉં! ભાઈ! ભાઈ! જામો પડી જાય બાપલા."

શ્રી જગદીશભાઈના નાનાજીએ તળાવમાં આત્મહત્યા કરવા પડેલ નભાઈનાં મહેણાં ખાતી હરિજન કન્યાના સાચા અર્થમાં ભાઈ બનીને રક્ષાબંધન, ભાઈબીજ જેવા તહેવારો અને બેનના ઘરના સઘળા સામાજિક પ્રસંગોના વ્યવહારો કર્યા હતા. તેમજ આજ દિન સુધી તેમના મામાનું કુટુંબ આ વ્યવહારો કરતું આવે છે તેવી વાત સાથે માનવી માનવી વચ્ચેની સંવાદિતા અને સંબંધોની રખાવટ જ આપણી સાચી સામાજિક મૂડી છે. તેવી સમજ આપતાં કહ્યું, "આવો હસતાં મળીએ, હસતાં રહીએ, સમરસ થતા રહીએ."

સારસ્વત શ્રી મુકેશભાઈએ ઋણ સ્વીકાર કરી સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી. કાર્યક્રમની સફળતા માટે ઉત્સાહિત આયોજકો, સ્વયંસેવકોની પ્રશંસનીય તત્પરતા માટે સરાહના કરી.

સારસ્વતી સંગીતવૃંદની સાથે સૌ સારસ્વતોએ સંસ્થાગીત ગાઈ કાર્યક્રમનું સમાપન કર્યું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરી પ્રાક્ કથનિક શ્રી મૃણાલ ઓઝાએ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા, તેઓ તો છે સાચે જ અભિનંદનના અધિકારી.

ઈ.સ. ૧૯૫૬ની બેચના વરિષ્ઠ સારસ્વતથી લઈને ઈ.સ. ૨૦૧૯ માર્ચ માસમાં બોર્ડની પરીક્ષા આપી પૂર્વ સારસ્વત બનેલા યુવા સારસ્વતોની ઉપસ્થિતિથી કાર્યક્રમ સફળતાને વર્યો.


કાર્યક્રમના સમાપને સૌએ હળતાં, મળતાં, ખાતાં, ખવડાવતાં સ્વાદિષ્ટ મધુરમ્‌ની મજા માણી અને... અને

"છોડિયે શિકાયત, શુક્રિયા અદા કિજીએ, જીતના હૈ પાસ આજ, ઉસકા મજા લિજીએ"નું ગાન કરતાં કરતાં સૌ હસતાં... રમતાં... છુટ્ટા.

તન્મે મનઃ શીવસંકલ્પમસ્તુ.

# મને કેમ વિસરે રે....

હરિત પંડ્યા
૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪



એ સ્ટેશનની બહાર નીકળીને બસ સ્ટેન્ડે આવીને ઊભો રહ્યો. સ્ટેશનને શહેરના માર્ગથી જુદી પાડતી દીવાલને માથે નાનકડાં વાડોલિયાંના કદનાં જાહેરાતનાં પોસ્ટરો પર એની નજર પડી. "જિગરી દોસ્ત...." "નાણાં વગરનો નાથિયો" "કૃષ્ણ-સુદામા", ઉપરાંત બીજાં બે ત્રણ અંગ્રેજી સિનેમાનાં હતાં.

ત્યાં, બસ આવીને આછા ચિત્કાર સાથે ઊભી રહી ગઈ. એણે લાઈનમાં આગળ ખસતાં-ખસતાં એક જણને પૂછ્યું, "આ બસ કૃષ્ણનગર જવાને કે ?"

"બસ, પર લખેલું તો છે." એને જવાબ મળ્યો.

ભલા'દમી એ તો હુંય ક્યાં નથી વાંચી શકતો ! ને છતાંય પૂછ્યું એમાં શું લૂંટાઈ ગયું તમારું ! ખરાં માણસો છે તો આ શે'રનાં !

"હા. કૃષ્ણનગર જવાની. ક્યાં જવું છે તમારે ?" એક ભલા આદમીએ પૂછ્યું.

"મારે ત્યાં જ જવું છે." એણે આભારવશ નજરે પેલા માણસ તરફ જોઈને કહ્યું.

"ત્યારે બેસી જાઓ ચિંતા કર્યા વિના."

ને એ બસમાં ચડ્યો.

"ભાઈ, કૃષ્ણનગર આવે એટલે મને જરા કહેજો હાં ને !" બસ ઊપડી એટલે એણે પેલા ભલા આદમીને કહ્યું.

"હું ત્યાં જ જાઉં છું. હું ઊતરું ત્યાં ઊતરી જજો."

ને એ બેફિકર થઈને ઊલટી દિશામાં હડીઓ કાઢતા શહેરને જોવામાં પરોવાયો.

કૃષ્ણનગરનું સ્ટેન્ડ આવ્યું એટલે એ ત્યાં ઊતર્યો. પછી એણે ખિસ્સામાંથી સરનામાની કાપલી શોધી કાઢી.

"ત્રણ નંબરનો બંગલો કઈ બાજુ આવ્યો ?" એણે એના સહપ્રવાસીને પૂછ્યું.

"આ જ લાઈનમાં સાતમો."

ફરી આભારવશ થઈને પેલા ભાઈ તરફ જોઈને એણે લગીર હસી લીધું.

શે'રમાંય સારા માણસો ક્યાં નથી હોતા !

એણે ત્રણ નંબરના બંગલા ભણી ચાલવા માંડ્યું, પણ એ સાત બંગલા વટાવતાં એને, સાત સમંદર વટાવતો હોય એવું લાગ્યું.

ભાઈ સાએબ છ મહિનાથી દેશમાં આવ્યા છે, તોય મને મળવાની ફુરસદ મળી છે એમને ? કામમાં છું, કામમાં છું એમ લખ્યા કરે છે. ત્યારે અમે શું નવરા છીએ ! તોય બે વાર તો મેં સામે ચાલીને લખ્યું કે હું તને મળવા આવું છું. ત્યારે ભાઈએ લખી નાખ્યું, "મારે બહારગામ જવાનું છે. ફરી ક્યારેક આવવાનું ગોઠવ." આ વખતેય અગાઉથી કાગળ લખ્યો હોત તો એણે જરૂર કશુંક કામ ગોતી કાઢ્યું હોત.

પણ એ પંદર વરસે વિદેશથી આવ્યો છે, તે પહેલાંનો કનૈયો થોડો જ રહ્યો હશે ! મને ઓળખી તો શકશે ને ! કે... આ મારું જૂની ફેશનું પાટલૂન અને ખમીસ જોઈને મારી મશ્કરી કરવા તો નહીં મંડી પડે ને ? ના. ના. એમ છેક તો નહીં બદલાઈ ગયો હોય. બાળપણની દોસ્તી એમ તો કંઈ ભુલાતી હશે ?

આમ તો કનુને મળવા આવતાં એ આટલો સંકોચ ન અનુભવત, પણ નીકળતાં-નીકળતાં જ એને લલિતાએ કહેલું, "તમે કહ્યા કરો છો કે કનુ ભૈ તમારા બાળપણના ભાઈબંધ છે. તો એમને કાનેય વાત નાખી જો જો ને !"

"એ મારાથી નહીં બને. હું દોસ્તીને એ રીતે વટાવવા નથી માગતો." એણે કહેલું.

"ત્યારે વાડીમાં ઊભી કેળોને બળીને ખાખ થતી જોયા કરજો ! કૂવામાં શારડી મુકાવ્યા વના અને પંપ ઉતાર્યા વના પાણી ક્યાંથી લાવવાના છો ? ને આપણે ક્યાં દયા-

દાનમાં લેવા છે ! એકાદ વરસ સારું જશે એટલે એમની પાઈએ પાઈ દૂધે ધોઈને પાછી આપી દઈશું. આ વાડીની કેળોને સમયસર પાણી મળેતો આવતી સાલ જ એમની બધી રકમ પાછી આલી દેવાશે.''

ને. લલિતાની વાતેય સાચી હતી, આજુબાજુના કૂવાવાળાઓએ અણીને વખતે જ એને પાણી આપવાની ના ભણી દીધેલી, એ બીજા કરતાં રૂપિયો વધારે આપવા તૈયાર હતો છતાં. સૂરજના ધોમધખતા તાપમાં એની કેળો પાણી વિના, સરોવરની બહાર ફંગોળાઈ ગયેલી માછલીઓની જેમ તરફડતી હતી.

''પણ કનૈયો ના પાડશે તો મને મરવા જેવું લાગશે.''

''ના પાડે તો ના. પણ એ ના જ પાડશે એમ માની લઈને વાત જ ન નાખવી ? ને વાત કર્યા વિના એમને ખબરેય શી રીતે પડે ! માગ્યા વિના તો માય ન પીરસે. ને લંગોટિયા દોસ્તદાર સામે હાથ લાંબો કરવામાં શરમ શેની ?''

એય ખરું ! ભાઈબંધ પાસે ન મગાય ત્યારે કોની પાસે મગાય ? એની પાસે સગવડ ન હોય તો નાય પાડે. એમાં વળી માઠું શું લગાડવાનું ! બાકી કનુ પાસે હોય તો એ ના પાડે એવો નથી. પછી આ પંદર વર્ષમાં બદલાઈ ગયો હોય તો કોણ જાણે.

ને તોય એનું મન માનતું નો'તું. ને એટલે જ એ બે-ત્રણ રવિવારથી નીકળવાની તૈયારી કરતો ને છેલ્લી ઘડીએ માંડી વાળતો. આજે તો એ હિંમત ભેગી કરીને નીકળી પડ્યો'તો.

બંગલાનો ઝાંપો ખોલતાં એનો હાથ ધ્રુજી ગયો. પગે મણિકા બંધાઈ ગયા. એક ક્ષણે તો એને પાછા વળી જવાની ઈચ્છા થઈ આવી. પણ ત્યાં સુધીમાં તો એ બંગલાના પ્રવેશદ્વારે પહોંચી ગયો હતો. ડોરબેલનું બટન દબાવતાં વળી એનો અંગૂઠો થરથરી ઊઠ્યો.

બારણું લગીર ઊઘડ્યું. બે બારણા વચ્ચેના ખાલીપામાં એક ચહેરો ઊગી નીકળ્યો. ગોરો વાન, લાલ મરચી જેવા હોઠ, બંને ખભા પર પથરાયેલી ભરાવદાર લટો, આંખોમાં ઊંઘનું આછું ઘેન.....

કનુની વહુ હશે. એણે કાગળમાં લખ્યું'તુંય ખરું. જોકે, ફોટામાં જુદી જ લાગતી'તી.

''કોનું કામ છે ?'' અવાજનો રણકો મીઠો હતો.

'' કનુભૈ નથી ?'' એ ઘેર ન હોય તો નિરાંત.

''છે. શું નામ આપનું ?''

''પરભુદાસ. દાસ કે'જોને એટલે ઓળખશે.''

ખરી બાઈ છે ! બારણા બહાર ઊભો રાખીને જ વાત કરે છે. ઓળખતી નથી તેથી શું થયું !આવો, બેસો કે'વામાં શું લૂંટાઈ જવાનું હતું ! તે કનુએ મારે વિશે વાતેય નહીં કરી હોય ?

થોડી વારે બારણું આખું ઊઘડ્યું. ''આવો.''

અંદરની રૂમની સજાવટ જોઈને એ તો આભો જ બની ગયો.

બૂટ કાઢી નાખ્યા ને હાથમાં ઊંધા લટકતા રાખીને, એ ક્યાં મૂકવા એની મૂંઝવણ અનુભવતો બારણામાં જ ઊભો રહી ગયો.

''મૂકોને ત્યાં સ્ટેન્ડ પર.'' કહી કનુની પત્ની એને બેઠકરૂમમાં એકલો મૂકીને પડદા પાછળ અલોપ થઈ ગઈ.

બારણાથી તે સોફા સુધી ગાલીચા પર ચાલતાં એના પગનાં તળિયામાં ગલીપચી થવા માંડી. સોફા પર બેસતાં એ સોફાની ગાદીમાં દોઢ-બે વેંત ઊંડો ઊતરી ગયો. એની છાતી ધડકવા લાગી. એણે ચોમેર નજર દોડાવી. સામેની દિવાલ પર જાહેરાતનાં મોટાં પાટિયાંની સાઈઝના શો કેસમાં દેશ-વિદેશનાં ભાતીગળ રમકડાં ને શો પીસ ચળકતાં હતાં. એની નીચે સરસ કોતરણીવાળા લાકડાના સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલું હતું. એના ગામની ડેરીના ટીવી કરતાંય ખાસ્સું મોટું. રૂમનું રાચરચીલુંય મોંઘુંદાટ હશે. ખૂણેખૂણે ઝગારા મારતી ફૂલદાનીઓમાં મજાનાં ફૂલો શોભતાં હતાં.

પણ, હજુ કનૈયાલાલ કેમ દેખાયા નહીં ? માળાનો ઠાઠ તો દ્વારકાધીશ જેવો જ છે. મારા નામ પરથી એને કદાચ ખ્યાલ નહીં આવ્યો હોય. નહીં તો મારું સ્વાગત કરવા બારણે દોડી આવ્યો ન હોત ! કે પછી એની મોટાઈ

બતાવવા મને રાહ જોવડાવતો બેસાડી રાખ્યો હશે ? ભલા'દમી ભાઈબંધ આગળ તે શી મોટાઈ બતાવવાની !

ભાતીગળ ડિઝાઈનવાળી ટ્રેમાં કનુની વહુ પાણીનો ગ્લાસ લેતી આવી. તબિયત ખુશ કરી દે એવું એકાદ વિલાયતી પીણું લાવી હોત તો લેખે લાગત.

"લો, પાણી લેશો ?" હવે બાઈ બોલતી હતી ત્યારે આછું સ્મિત રેલાવતી હતી. માળાની પસંદગી તો સારી છે.

"ના. નહીં જોઈએ પાણી."

ને એ ટ્રે સાથે પડદા પાછળ સરકી ગઈ. લો, પાણીનોય આગ્રહ નહીં. પરદેશ જઈને લોક પાણીથીય પાતળા થઈ જતા હશે ?

ત્યાં, અંદરની રૂમમાં સ્લિપરની પટાક પટાક સંભળાઈ.

ભાઈ બપોરની ઊંઘ ખેંચતા હશે. ભલું હશે તો એ અને એની વહુ.... બળ્યું મારે શું ?

"અરે દાસ !?" પડદાની બહાર ડોકાતાંની વારમાં કનુ બૂમ પાડી ઊઠ્યો અને પાસે આવીને એનો હાથ ઝાલી લીધો. એ કઢંગી રીતે હસતો રહ્યો. પણ એનું હાસ્ય થોડું ઝંખવાઈ ગયું. પહેલાં તો કનુ શે'રમાંથી ગામડે આવતો ત્યારે એને દૂરથી જોતાંની વારમાં દોટ કાઢતો ને એની પાસે આવીને ભેટી પડતો. પણ વિલાયત જઈને આવ્યો એટલે સુધરી ગયો લાગે છે.

"ઉન્નતિ, આ મારો એકમાત્ર લંગોટિયો મિત્ર દાસ. મેં તેને એના વિશે અનેકવાર વાત કરી છે તે."

જોયું ! માળો મારી આગળેય મગનું નામ મરી પાડે છે ? પાંચ દસ લાખથી ઓછા નહીં ભેગા કર્યાં હોય. પણ મને કહે, ને હું માગી બેસું તો આપવા પડે ને ! કન્યા, બહુ હોશિયારી આવી ગઈ તારામાં, પે'લાં આવો નો'તો.

એટલામાં ઉન્નતિ ચાની ટ્રે લઈને આવી. સાથે નાસ્તોય હતો.

"દાસ, આ કીટલીમાં તૈયાર ચા બનાવેલી છે. આ કીટલી અમારી છે. અમારી કીટલીમાં માત્ર ચાનું ઉકાળેલું પાણી જ છે. તને ફાવે એમાંથી લેજે. ચા ફાવે તો વધારે લેવાની છૂટ. મને તાણ કરતાં નથી ફાવતું."

ને એણે અડધો કપ કહેલો પણ હિંમતથી પૂરો કપ ભરીને ચા લીધી. ચા રકાબીમાં રેડવા જતાં થોડીક ટિપાઈ પર ઢળી.

"વાંધો નહીં." ઉન્નતિએ કહ્યું. એ બંનેની વાતો રસપૂર્વક સાંભળી રહી હતી.

આ બાઈ મારા ગયા પછી મારી મશ્કરી તો નહીં ઉડાવે ને ! એ વિચારે એ જરા વધારે સભાન બની ગયો.

"બોલ દાસ, બીજો શો પ્રોગ્રામ છે ?"

"કંઈ નહીં, આ તને મળવાની ઈચ્છા થઈ તે નીકળી પડ્યો. તને તો શેની નવરાશ મળે !"

"સ્ટીમરમાં આવેલો સામાન છોડાવવા બે વાર મુંબઈ જવું પડ્યું. મકાનમાં થોડું ફર્નિચર-ફિક્સચર કરાવવા મિસ્ત્રી બેસાડેલો. હજુ ઈન્કમટેક્ષનાં લફરાં પત્યાં નથી. આ બધામાંથી નવરાશ જ નથી મળતી. આવીશું નવરાશે. આજે તો રોકાઈશને ?"

"ના યાર, હમણાંની ગામમાં ચોરીઓ બહુ થાય છે, રાત્રે તો કોઈ પણ હિસાબે ઘેર પહોંચી જવું જ પડે."

રોકાઈશ ને ? એમ કોઈ પૂછે તે કંઈ રોકાવાતું હશે !

"તું ચોરીનું કહે છે એટલે મારાથી તને રોકાવાનું ન કહેવાય. સારું સાંજે જમીને જજે."

"એથી કંઈ વધારે છે ? આ નાસ્તો તો કર્યો."

"તું કહીશ તે ઉન્નતિ બનાવશે. બોલ શું જમવું છે ?"

આ માળું સારું. મહેમાનને જ પૂછવાનું, 'શું જમશો ?" એ કંઈ એમ થોડું જ કહેવાનો હતો, "આ બનાવો ને તે બનાવો ?" સાદેસાદામાં પતે ને પાછું કહેવાય કે મહેમાનને, એમને ભાવતું ભોજન જમાડ્યું.

"કેમ બોલ્યો નહીં ?" કનુએ એને ફરી પૂછ્યું.

"જવા દે તો સારું."

"મોડું થતું ન હોય તો જમીને નીકળ. પછી તને ઠીક લાગે એમ."

આ તો સાદા ભોજનમાંથીય વાગી જવાના. ને ઘરે લલિતાને કહીશ, કે જમ્યા વિના આવ્યો છું, તો એ માનશે

નહીં. ને રાત આખી ભૂખ્યા પેટે પથારીમાં પાસાં ફેરવતાં પડ્યાં રહેવું પડશે.

"મોડાનો તો સવાલ નથી પણ.... સારું ચાલને જમીને નીકળું."

"પ્રભુદાસભાઈ, ભાભીને લઈને આવવું હતું ને !" ઉન્નતિએ રસોડામાં જતાં કહ્યું.

"ફરી ક્યારેક નીકળીશું બેય." એણે જવાબ વાળ્યો.

અહીં મારું જ ઠેકાણું નથી, ત્યાં ભાભીની ક્યાં માંડે છે મારી બે !

"બાબો તો મોટો થઈ ગયો હશે, નહીં ?" કનુએ પૂછ્યું.

"હા, હવે તો તારા કરતાંય ઊંચો થઈ ગયો છે."

"તો પછી શું વાંધો છે ! રોકાઈ જા. તને સિનેમા-બિનેમા બતાડીએ."

"રજાને દાડે પાછી ટિકિટ મળીન મળી. જવા દેને યાર !"

"ટિકીટનો સવાલ નથી. ઘેર બેઠાં જ જોઈશું."

"એ વળી કઈ રીતે ?"

"વીડીઓ પર."

"એ શું વળી ?"

"ટેપ રેકોર્ડર જેવું. સિનેમાની ડિશ ચડાવી કે ટીવીના પડદા પર સિનેમા શરૂ. પાંચેક ફિલ્મો પડી છે. બોલ જોવી છે ?"

એટલે ભાઈને સિનેમાય મફતમાં બતાવવી છે, એમ ને ?

"અમે બે આવીશું ત્યારે બતાવજે. કેમ તારો બાબો દેખાતો નથી ?"

"એને અહીંની સ્કૂલમાં દાખલ કરવો છે, તે એડમિશન ટેસ્ટની તૈયારીમાં પડ્યો છે. રોજ ત્રણ-ચાર કલાક ટ્યૂશને જાય છે. હિન્દી, ગુજરાતી માટે ખાસ. મહિને હજાર તો એના ટ્યૂશનના થાય છે." કનુએ કહ્યું.

હિન્દી ગુજરાતી ભણાવવાના હજાર ! હોય ભાઈ, મોટા લોકોની વાત મોટી.

"ગામની બીજી શી નવાજૂની દાસ ?"

"ગામની તો શી નવાજૂની હોય ! દર વરસે બે-ચાર ઘર ઓછાં થતાં જાય છે. હવે તો ઉનાળાની રજાઓમાંય ગામ ખાલી રહે છે. પહેલાંના જેવી મજા નથી રહી. તમે લોકો આવો થોડા દિ' રહેવાય એ રીતે."

"આ.... બાબાના એડમિશનનું પતી જાય એટલે આવવું જ છે, અઠવાડિયું નવરાશ કાઢીને. ઉન્નતિય કહ્યા કરે છે, ક્યાંક જવાનું."

"જરૂર આવો બધાં."

અઠવાડિયું શું કામ ? રહેવાય એટલું રહેજો ને ! અમે તમારી જેમ મહેમાનોને એક ટંક જમાડીને વિદાય નથી કરી દેતાં.

ત્યાં સુધીમાં તો ઉન્નતિએ જમવાનું બનાવી દીધું હતું. ભાખરી ને શાક બનાવવામાં તે કેટલી વાર ! આ લોકો ત્યાં આવ્યાં હોય તો લલિતા આખું ઘર માથે લે. આ બનાવવું છે ને તે બનાવવું છે. ગામમાં વસ્તુ મળતી ન હોય તો મને બહારગામ દોડાવે. પછી ભલેને મારે દસ ગાઉ હેંડવાનું થાય.

ઉન્નતિએ ડાઈનિંગ ટેબલ પર ત્રણ ખાલી પ્લેટો ગોઠવી, ને વચ્ચે ભાખરીઓની થપ્પી અને શાકની તપેલી મૂકી દીધી. બે-ત્રણ જાતનાં અથાણાંય કાઢ્યાં. એક બોક્ષમાં ચાર પાંચ જાતની મીઠાઈ હતી.

"દાસ જોઈએ એટલું જાતે જ લઈ લેવાનું છે. ફાવશે ને ?"

"કેમ નહીં !"

એણે કહ્યું તો ખરું, પણ મીઠાઈ જાતે લેવાનું એને ફાવ્યું નહીં. ભાખરી બાખરી તો જાણે સમજ્યા, પણ.... મીઠાઈ હાથે લેવાતી હશે ?

"લે ને મીઠાઈ, નથી ભાવતી કે શું ? પહેલાં તો બહુ ખાતો."

"ભાવે છે ને." કહી એણે મીઠાઈનો એક નાનકડો ટુકડો ભાંગીને પોતાની પ્લેટમાં મૂક્યો. એનો સ્વાદ એની દાઢમાં રહી ગયો, પણ ફરી જાતે કેમ કરીને લેવાય ! કનુ કે એની વહુ તાણ કરશે ત્યારે મશમોટો ટુકડો લઈ લઈશ,

પણ એ ઘડી આવી જ નહીં. ને એણે હાથ ધોયા.

દીવાલ પરની ઘડિયાળ સાતનો સમય બતાવતી હતી.

"ચાલ, હું જાઉં ત્યારે."

"હા ભૈ.. તું રોકાવાની ના જ પાડે છે પછી શું થાય !"

માળો પાકો અમદાવાદી થઈ ગયો કન્યો. વિવેક ખાતરેય ફરી કહેતો નથી રોકાઈ જવાનું.

"બાબો હજુય ન આવ્યો ને !" એણે કહ્યું.

"એ ટ્યૂશનમાંથી છૂટીને સંગીતના ક્લાસમાં જાય છે. ભાઈને સિતાર શીખવાનો શોખ લાગ્યો છે." કનુએ કહ્યું.

"આ બાબાને આપજો." કહી એણે ખિસ્સામાંથી દસની નોટ કાઢીને ઉન્નતિ સામે ધરી.

"અરે, એમ તે હોય ! ત્યાં આવીએ ત્યારે આપજો." ઉન્નતિએ કહ્યું.

"આવું અને બાબાના હાથમાં કશું મૂક્યા વિના જાઉં તે કેમ ચાલે ?" એણે કહ્યું.

"ઉન્નતિ, લઈ લે. દાસ નહીં માને." કનુએ એની પત્નીને કહ્યું.

. જોયું દાસભૈ ! પૈસા આમ ભેગા થાય. કનુ ભૂંડા, તારા કરતાં તો આ પારકી જણી સારી કે.....

"અમને બંનેનેય કંઈ આપવાનું હોય તો આપી દેજે. ખોટો સંકોચ ના અનુભવતો પાછો." કહી કનુ હસી પડ્યો.

માળો આટલું કમાયો તોય મારી પાસે પૈસા શોધે છે. આ મને શું પરખાવવાનો હતો !

"તમનેય આપીશું. ત્યાં આવો તો ખરાં !" કહી એણે બૂટ પહેર્યાં.

"એક ભાઈએ અગાઉથી ફોન કરીને મારી એપોઈન્ટમેન્ટ લઈ રાખી છે એટલે તને સ્ટેશને મૂકવા નથી આવતો, ને ઉન્નતિને હજુ બરાબર ડ્રાઈવિંગ ફાવતું નથી. ક્યાંક અથાડી મારે ગાડી."

"ના, ના. એની શી જરૂર છે ? સ્ટેશનની બસ તો છે ને હમણાં ?"

"એ તો દસ-દસ મિનિટે મળ્યા કરે છે."

એ કનુના બંગલાનાં પગથિયાં ઊતરતો હતો ત્યારે એનું દિલ ચચણતું હતું. ભૂંડા, અહીં પૈસાની લાલચે શું કામ આવ્યો ? એણે લલિતાનેય બે-ચાર ચોપડાવી દીધી, એને અહીં ધકેલવા બદલ.

એણે ના પાડી તોય કનુ એને બસસ્ટેન્ડ સુધી તો મૂકવા આવ્યો જ. એનામાં બુઝાઈ ગયેલ આશાની જ્યોત ફરી ઝળહળી ઊઠી.

કદાચ એની પત્નીની હાજરીમાં મને આપવાનું એને ઉચિત નહીં લાગ્યું હોય, એટલે જ મેં ના પાડી છતાં બસસ્ટેન્ડ સુધી મૂકવા આવતો હશે. ત્યાં કદાચ.....

પણ એની ધારણા જેવું કશું બન્યું નહીં. પૈસા તો ઠીક, લલિતા માટે એકાદ વિદેશી સાડી કે બાબા માટે પેન્ટ કે ખમીસ સુધ્ધાં એણે પરખાવ્યું નહીં.

બસ ઊપડ્યા પછીય એ દેખાયો ત્યાં સુધી કનુએ 'આવજે' કહેવા હવામાં ઊંચો કરેલો હાથ હલાવ્યા કર્યો. એય એવા વિવેકમાંથી ન ચૂક્યો. સ્ટેશનના સ્ટેન્ડે ઊતરતાં એની નજર ફરીથી પેલાં સિનેમાના પોસ્ટરો પર પડી. "જિગરી દોસ્ત"ના પોસ્ટર પર નજર પડતાં એનાથી લૂખું હસી પડાયું.

ઘેર આવ્યા પછી બે દિવસ સુધી તો એ લલિતા સાથે બોલ્યો નહીં.

સાલીએ મારું નાક કપાવ્યું. ઉપરથી પચ્ચાસ રૂપિયાનું આંધણ થયું એ નફામાં.

ત્રીજે દિવસે ટપાલી એને ત્યાં એક પરબીડિયું નાખી ગયો. સાથે એક નાનું પાર્સલ પણ હતું. કાગળની ગડીમાંથી એક કાપલી સરીને નીચે પડી. કાપલી ઉપર લખેલો આંકડો વાંચતાં એની આંખો પહોળી થઈ ગઈ.

ટપાલીની બૂમ સાંભળીને લલિતાય રસોડામાંથી બહાર દોડી આવી હતી.

"કોનો કાગળ છે ? આ પાર્સલ વળી શેનું ?" લલિતાએ પૂછ્યું.ૅ

એ શું જવાબ આપે !

પેલી કાપલી અને પાર્સલ એની આંખોના ખૂણામાં ઊભરી આવેલ પાણીમાં છબછબિયાં કરતાં હતાં.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# વર્તમાન યુવાઓ માટે ગાંધીની પ્રસ્તુતતા

હરેશ ધોળકિયા
ન્યૂ મિન્ટ રોડ, પેરીસ બેકરી પાસે, ભૂજ-કચ્છ.

મહાત્મા ગાંધીનું એકસો પચાસમું જન્મ વર્ષ પૂરું થયું. ભારત સહિત સમગ્ર વિશ્વ.. તેને ઉજવ્યું. તે નિમિતે અનેક કાર્યક્રમો યોજાયા. અન્ય કાર્યક્રમો તો ઠીક છે, ઉજવવા જોઈએ, પણ આવા લોકોની સાચી ઉજવણી તેમનું યોગ્ય મૂલ્યાંકન કરવું એ જ હોય. તેમણે તેમના સમયમાં જે વિચારો આપ્યા અને જે કાર્યો કર્યાં, તેને સ્થૂળ તપાસવા બદલે કે કાર્યોને સ્થૂળ રીતે અપનાવવા બદલે, આજના પરિવર્તનશીલ સમયમાં, બદલાયેલા માહોલમાં, આ વિચારો અને કાર્યો કેટલાં પ્રસ્તુત છે તે તપાસવાની જરૂર હોય છે. એટલે કે આવા લોકોને તેઓ "આજે" આપણને ઉપયોગી થાય, આજે તેમના વિચારો મદદરૂપ થાય, અને તે પણ માત્ર ભારતના સંદર્ભમાં નહીં, પણ વૈશ્વિક સંદર્ભમાં તે ઉપયોગી થાય કે નહીં તે રીતે ચકાસવાની જરૂર છે. જો તેમના વિચારો તત્કાલીન સંદર્ભમાં જ હશે, તો આજે તે બિનઉપયોગી બનવાના. તો પછી તેને આદર આપી શાંત થઈ જવાનું. પણ જો આજે પણ તેમના વિચાર ઉપયોગી હોય, તો તેને આજના સંદર્ભમાં કેમ ઉપયોગમાં લઈ શકાય તેનું ચિંતન કરવાનું હોય. આ સંદર્ભમાં મહાત્મા ગાંધીને તપાસવાની જરૂર છે.

આ સંદર્ભમાં આજના વિશ્વની પાયાની સમસ્યાઓ કઈ છે તે જાણવી પડે. વિશ્વની પાયાની સમસ્યાઓ છે - જગતમાં હિંસા વધતી જાય છે. નાનાં યુદ્ધો કે ત્રાસવાદ તેનાં ઉદાહરણો છે. બીજું, માણસ ટેકનોલોજીનો ગુલામ થતો જાય છે. માણસ સુખવાદમાં ખૂંપતો જાય છે. માણસ ગ્રાહક બનતો જાય છે. એક બાજુ ભલે વૈશ્વિકરણ વધતું દેખાય છે, પણ સમાંતરે રાષ્ટ્રવાદ, ધર્મઝનૂન, સંકુચિતતા, પરસ્પર પારકાપણું વગેરે પણ વધતાં જતાં જાય છે. વાતાવરણના ફેરફારો-ક્લાઈમેટ ચેન્જ ની સમસ્યા પણ દરરોજ વિકરાળ બનતી જાય છે. આ બધા મુદા આપણા દેશમાં પણ જોવા મળે છે અને વિશ્વમાં પણ ઠેર ઠેર જોવા મળે છે.

આના જવાબો, આજના યુવા જગતને સંતોષ આપે તેવા, મહાત્મા ગાંધીના ચિંતનમાંથી મળી શકે ખરા ?

પહેલી વાત એ સમજવાની જરૂર છે કે ગાંધી સત્યના ઉપાસક હતા. સત્યના ઉપાસક એટલે માત્ર સાચું બોલી સંતોષ પામવું એમ નહીં, પણ સત્યને સમગ્ર રીતે જોવું, જાણવું, સમજવું અને અંગત જીવનમાં તેને જીવવું, એમ ! આવી રીતે કોઈ સત્યને સમજવાનો પ્રયત્ન કરે તો સત્ય તેના સમગ્ર સ્વરૂપમાં તેના સામે પ્રગટ થાય છે. એ સત્ય સાપેક્ષ સત્ય નથી હોતું. તે નિરપેક્ષ સત્ય હોય છે. અને આવું સત્ય ત્રણે કાળમાં ઉપયોગી થતું હોય છે. તેમાંથી જન્મતું કર્મ કદાચ પ્રાસંગિક હોઈ શકે, પણ તેનું તથ્ય સાર્વત્રિક હોય છે. એટલે આવાં સત્યને તપાસવા જતાં કર્મની પ્રાસંગિકતાને નથી જોવાની. તથ્યને જોવાનું છે.

ગાંધીને શું સત્ય મળ્યું ? તેમને મનુષ્યમાં રહેલ સારપતા જોવા મળી. મનુષ્ય ભલે, કોઈ સંદર્ભમાં, નબળો છે, વિવશ છે, પણ તેનામાં અદભુત ક્ષમતા છૂપાયેલ પડી છે. વિવેકાનંદ કહે છે ને કે મનુષ્ય એટલે સુષુપ્ત દિવ્યતા. આ સુષુપ્ત દિવ્યતા ગાંધી જોઈ શકતા હતા. તેમણે અર્ધી સદી સુધી જે અનેક કાર્યો કર્યા તેનો જો સાર જોઈએ તો માણસની સારપને, તેની ક્ષમતાને પ્રગટ કરવાનો જ પ્રયાસ કર્યો. લોકોને પોતાની ક્ષમતાને પ્રગટ કરવાની જ તાલીમ આપી. તે પહેલા હતા જેમણે ઈતિહાસમાં પહેલીવાર સમગ્ર દેશને આ બાબતે તાલીમ આપી. વ્યક્તિગત તાલીમ તો બધા મહાન લોકોએ આપી છે, પણ વ્યાપક સંદર્ભમાં કદાચ ગાંધીએ પહેલી વાર પ્રજાને તૈયાર કરી. તેમના જે સ્વાતંત્ર્ય

સંગ્રામના પ્રયોગો - વિવિધ આંદોલનો હતા, તે હકીકતે લોકોને તૈયાર કરવાના ઉપાયો હતા. ધીમે ધીમે તેમણે ભાષણો અને લખાણોથી નેહરુ અને સરદારથી લઈને ખૂણાના ગામડાના અશિક્ષિત માણસને પણ આ બાબતે તૈયાર કર્યા. માટે જ તેમના આવ્યા પછી ભારતીય સંગ્રામે રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું. તેમના પહેલાં પણ ઉત્તમ નેતાઓ હતા, પણ તે બધાનો પ્રભાવ અખિલ ભારતીય સ્તરે ન હતો. તેઓ પણ સમગ્ર ભારતને જાણતા ન હતા. ગાંધી પહેલા હતા જેમણે સમગ્ર ભારતનાં દર્શન કર્યાં. વાઈસરોયથી લઈ નાનામાં નાના માણસને મળ્યા હતા અને તેમણે પ્રેર્યા હતા. પરિણામે તે ભારતીય ઈતિહાસમાં પ્રથમ રાષ્ટ્રીય વ્યક્તિ બન્યા. એટલે જ સમગ્ર ભારત તેમના આદેશને માનતું હતું. પણ તેમણે, પાયામાં માણસની ક્ષમતાને પડકારી. તેને તાલીમ આપી. તેને સંગ્રામ કરવાની હિંમત આપી. તેનામાં આત્મવિશ્વાસ પ્રેર્યો. તેમના પહેલાં રાજા રામમોહનરાયથી વિવેકાનંદ કે ટિળક સુધીએ લોકોને પ્રેર્યા હતા, પણ ગાંધીએ આ લોકોને લડવા તૈયાર કર્યા. મેદાનમાં ઊભાડ્યા. તેમની મદદથી અંગ્રેજોને હાંકી કાઢ્યા. પણ પાયામાં સત્યનું દર્શન આ કે માણસમાં સારપ છે અને અમાપ ક્ષમતા પણ છે. માત્ર તેને તાલીમ આપો.

તેમની આ પધ્ધતિ આજે પણ એટલી જ ઉપયોગી છે. આજે તો વિજ્ઞાનની મદદથી સમગ્ર પ્રજા સાથે સંપર્ક કરવો સરળ બનતો જાય છે. પણ પાયામાં પ્રજા સાથે અંગત-વ્યક્તિગત-સંપર્ક હોય તે જરૂરી છે. તો આજે પણ પ્રજાના મોટા ભાગનાને આગળ વધવું છે. તેમને પ્રેરણાની જરૂર છે. પણ તેમને તેમના પાસે બેસીને, તેમના જેવા થઈને માર્ગદર્શન આપે તેવા હુંફાળા નેતાની જરૂર છે. આ સત્ય આજે પણ એટલું જ ઉજાગર છે. ઉપયોગી છે. માણસને ગ્રાહક કે મતદાતા કે આંકડા તરીકે ન જોતાં તેને 'ઈશ્વરના અંશ' તરીકે જોવાય તો આજે પણ પ્રજા પ્રગતિ કરવા તત્પર છે. આ પ્રથમ ઉપયોગીતા.

ગાંધીએ એક બીજું અદભુત કામ કર્યું — કદાચ ઈતિહાસમાં પહેલી વાર ! માનવ ઈતિહાસમાં બધી જ પ્રજાઓ એમ જ માનતી રહી હતી કે શૂરવીરતા, પરાક્રમ વગેરે જ મહત્ત્વનાં છે. પૌરુષત્વ જ મનુષ્યનું લક્ષણ છે. પણ આ વિચારે હિંસા અને અહંકારને જન્મ આપ્યો. તેમાંથી યુધ્ધોનો જન્મ થયો. આપણો સમગ્ર ઈતિહાસ યુધ્ધોથી જ ખરડાયેલો છે   આજની પળ સુધી. સમયનો એક પણ ટુકડો શાંત કે સ્વસ્થ દેખાતો નથી. કારણ – અહંકાર અને તેમાંથી જન્મેલ હિંસાને મહત્વ. અને માણસ જેટલો વધારે હિંસક, તેટલું તેનું ગૌરવ વધારે. પરિણામે સમગ્ર ઈતિહાસ પૌરુપત્વને મહત્વ આપતો રહ્યો અને અસ્વસ્થ થતો રહ્યો.

ગાંધીએ આ ચિંતનને બદલાવવાનો પ્રયાસ કર્યો. તેમણે જોયું કે આ પૌરુષત્વ નુકશાનકારક છે. સામાન્ય જીવનમાં પૌરુષત્વની જરૂર જ નથી. માણસે સ્વસ્થ રહેવા માટે તો પ્રેમ અને સ્નેહની જરૂર છે. અને આ ત્યારે જ શક્ય બને જો હિંસાને દૂર કરવામાં આવે. અને હિંસા ત્યારે જ દૂર થાય, જો પૌરુષત્વનો વ્યર્થ ખ્યાલ ઓછો થાય. તેના સામે નારીત્વના ભાવો મહત્વના બને. આ સંદર્ભમાં તેમણે અહિંસાને મહત્વ આપ્યું. અહિંસા કોમળતા લાવે છે. પરસ્પર પ્રેમ જન્માવે છે. સંબંધો વધારે છે. અને તો જ સમાજમાં સ્વસ્થતા આવે છે. ગાંધી માટે અહિંસા કોઈ સાદી ટેકનિક ન હતી. તે સ્વસ્થ જીવન જીવવાની એક ભાવના હતી. સામાન્ય રીતે પ્રેમ, હૂંફ વગેરે કૌટુંબિક બાબતો છે. ગાંધીએ તેને વ્યાપક સ્વરૂપ આપી સામાજિક મૂલ્યો બનાવ્યાં.

આજનો યુવાન કદાચ દલીલ કરે કે પણ કોઈ હિંસક વ્યક્તિ કે સમુહ સામે લડવું હોય તો ? તો સામા હિંસક થવાની જરૂર ન પડે ? તેના જવાબમાં ગાંધીએ "સત્યાગ્રહ" પધ્ધતિ શોધી. સામાન્ય રીતે એમ મનાય છે કે હિંસક વ્યક્તિ બળવા હોય છે. તેના પાસે બળ હોય છે અથવા તો શસ્ત્રો હોય છે. તેના સામે ટકવું અશક્ય હોય છે. પણ ગાંધીએ કહ્યું કે અહિંસક વ્યક્તિ કે સમુહ હિંસક વ્યક્તિ કે સમુહ કરતાં વધારે પ્રભાવશાળી હોય છે. હિંસક વ્યક્તિની શ્રધ્ધા બળ અથવા શસ્ત્ર પર હોય છે. પણ અહિંસક વ્યક્તિની

શ્રધ્ધા પોતાના આત્મવિશ્વાસ પર હોય છે. હિંસક વ્યક્તિ પાસે બળ કે શસ્ત્ર ન હોય તો તે ડરી જાય છે. અસહાય બની જાય છે, પણ અહિંસક વ્યક્ત તો પોતાના આંતરિક બળ પર મુસ્તાક હોવાથી નિડર હોય છે. તેનામાં સાચો અભય હોય છે. એટલે તે કોઈ પણ પ્રકારના હુમલાથી ડરતી નથી. સામી છાતીએ તેના સામે ઊભી રહે છે. કદાચે હુમલો થાય કે માર પડે તો પણ ડરતી નથી. શાંતિથી ઝીલી લે છે. સામો પ્રતિકાર પણ નથી કરતી. વળી હિંસક વ્યક્તિને ધિક્કારતી પણ નથી. આ બધું હિંસક વ્યક્તિને મૂંઝવે છે. આવી વ્યક્તિ સામે કેમ વર્તવું તેની તેને સમજ નથી પડતી. તે તેને મારી શકે છે, નમાવી શકતી નથી. આ તેને હચમચાવે છે. તેના અહંકારને ડગમગાવે છે. પરિણામે સમય જતાં તેને હટવું પડે છે. ગાંધીજીના બધા સત્યાગ્રહોમાં સરકારે થઈ શકે તેટલું દમન કર્યું, અત્યાચારો કર્યા, લોકોને જેલમાં ગોંધ્યા, પણ સત્યાગ્રહીઓ ન જ નમ્યા. સહન કરતા જ રહ્યા. છેવટે સરકારે નમવું પડ્યું. અને અહીં એક બીજી મોટી વાત થાય છે. હિંસક વ્યક્તિને શસ્ત્ર પર આધાર રાખવો પડે છે. અહિંસક વ્યક્તિને તો પોતાના આત્મબળ સિવાય કોઈ પર આધાર રાખવો પડતો નથી. અને આત્મબળ પર આધારિત વ્યક્તિથી સમય જતાં હિંસક વ્યક્તિ ડરવાની જ. એટલે જ જનરલ સ્મટસે ચર્ચીલને કહેલ કે તે ગાંધીના શરીરને પકડી શકશે, હેરાન કરી શકશે, પણ ગાંધીને નમાવી નહીં શકે. તેમના ગયા પછી પણ વિશ્વમાં જ્યાં તેમની પધ્ધતિનો ઉપયોગ કરાયો, ત્યાં સરકારને નમવું જ પડ્યું છે. આજે પણ આ પધ્ધતિ એટલી જ અસરકારક છે. અને એટલે જ ગાંધીના સત્યાગ્રહોમાં ભારતની સ્ત્રીઓએ મહતમ ભાગ લીધો છે. કારણ ? આ જ અહિંસા. દૃઢ કોમળતા.

એટલે અહિંસાને કેવળ એક મૂલ્ય તરીકે નથી જોવાની, પણ એક પધ્ધતિ તરીકે, વૈચારિક ટેકનિક તરીકે જોવાની છે. તે સામાન્યમાં સામાન્ય માણસ પણ ઉપયોગમાં લઈ શકે છે. બધા લોકો શસ્ત્રનો ઉપયોગ ન કરી શકે. તે માટે વિશિષ્ટ તાલીમની જરૂર પડે અને વળી સામુહિક રીતે – હજારોમાં – શસ્ત્રો આપવાં શક્ય પણ નથી હોતાં. પણ સમુહ અભયથી, આત્મશ્રધ્ધાથી જો સામો થાય, તો શસ્ત્રો નિષ્ફળ જાય છે. ભારતીય લોકો લાખોની સંખ્યામાં સંગ્રામમાં જોડાઈ શક્યા તેનું આ જ કારણ. ગાંધી પહેલાં ચળવળ કેવળ ભણેલા લોકોની હતી. અખિલ ભારતીય પણ ન હતી અને સામાન્ય જનતાની પણ ન હતી. ગાંધીએ તેને સામુહિક બનાવી.

અહિંસા મજબૂત ત્યારે બને જ્યારે વ્યક્તિ નીડર બને. ગાંધીજી પાસેથી શીખવા જેવો કોઈ ગુણ હોય તો તે આ નીડરતા છે. તેમના સમગ્ર જીવનનો અભ્યાસ કરીએ તો જોવા મળે છે કે તે કલ્પનાતીત નીડર હતા. એક પળ પણ કોઈથી ડર્યા નથી. તેમને મારવાના અનેક પ્રયાસો થાય છે, છતાં ડર્યા નથી અને પોતાનું કામ ચાલુ રાખ્યું છે. હુલ્લડો વખતે જોખમીમાં જોખમી વિસ્તારોમાં એકલા ગયા છે અને હુલ્લડોને શાંત કર્યા છે. ઉલટું, હુલ્લડ કરનારા ગુંડાઓ તેમને શરણે આવ્યા હતા અને તેમનાં શસ્ત્રો તેમના ચરણોમાં મૂકી દીધાં હતાં. આ હતું તેમની નીડરતાનું પરિણામ. નીડર વ્યક્તિ જ અહિંસક બની શકે. જેના હાથમાં શસ્ત્ર હોય તે તો ડરપોક કહી શકાય. તે પારકી બાબત પર આધાર રાખે છે. શસ્ત્ર વિના તે નિસહાય બની જાય છે. અહિંસક વ્યક્તિ તો પોતાની આંતરિક તાકાત પર જ મુસ્તાક રહે છે. આજના યુવાનોએ તેમના પાસેથી આ ગુણ શીખવાની જરૂર છે.

આ સિવાય પણ તેમના બીજા વિચારો પણ આજે પણ ઉપયોગી છે. આજે ક્લાઈમેટ ચેન્જની ભયાનક અસરો કેમ જોવા મળે છે ? તેનું કારણ છે ભોગવાદ અને ગ્રાહકવાદ. આજે લોકોને જરૂર ન હોય તો પણ ખરીદવાની, વાપરવાની લાલચ અપાય છે. સમગ્ર બજાર આ જાહેરાતના જગત પર ખડું છે. માણસને સતત નવી નવી વસ્તુઓ ખરીદવા, તેને ભોગવવા લલચાવાય છે. તેને કારણે પૃથ્વી પરનાં સંસાધનો ઘટતાં જાય છે. કચરો

વધે છે. ગરમી વધે છે. આ બધાના કારણે પર્યાવરણને નુકશાન થતું રહે છે.

તેને પડકારતાં ગાંધી કહે છે કે "વણજોતું નવ સંઘરવું." જૂની ભાષામાં અપરિગ્રહ. જ્યારે માણસ સાદાઈને સ્વીકારશે, બિનજરૂરી વસ્તુઓનો ઉપયોગ નહીં કરે કે સંગ્રહ નહીં કરે, તો આપોઆપ સમત્વ આવશે અને પર્યાવરણ સ્વસ્થ થશે. આમ પણ એકવીસમી સદીમાં પૃથ્વીને બચાવવા માટે 'અપરિગ્રહ' શબ્દ જ મહત્વનો બનવાનો છે.

તો, આજે પણ આપણા દેશમાં, અનેક સંતો અને ગાંધીના પ્રયાસો છતાં અસ્પૃશ્યતા ચાલુ છે. આજે પણ કરોડો લોકો તેના ભોગ બને છે. એટલે તેને દૂર કરવાની આજે પણ તાતી જરૂર છે. તો જ માનવગૌરવ પુનઃસ્થાપિત થશે. અને આ કામ યુવાનો જ કરી શકે. તેઓ જ જ્ઞાતિવાદ, જાતિવાદ, ધર્મ ઝનૂનને હટાવી શકશે. માણસને કેવળ માણસ તરીકે જ જોતાં તેઓ જ પ્રયાસ કરી શકશે.

ગાંધી પર આક્ષેપ હતો કે તે યંત્રોના વિરોધી હતા. હકીકત એ હતી કે તે ગુલામીના વિરોધી હતા. માણસની તકલીફ છે કે તે જેને અપનાવે છે, તેનો બહુ જ થોડા સમયમાં ગુલામ બની જાય છે. ગાંધીએ તેમના સમયમાં પણ ટેકનોલોજી અને યંત્રો બાબતની માણસની ગુલામી અને પરવશતા જોઈ હતી. તે આ પરવશતાના વિરોધી હતા. ગુલામી માનવ ગૌરવને હણે છે. ટેકનોલોજી જરૂરી છે, ઉપયોગી છે, પણ તે માણસ માટે છે, માણસ તેના માટે નથી. આજે પણ આપણે જોઈએ છીએ કે માણસો ટેકનોલોજીના એટલા ગુલામ થઈ ગયા છે કે તેના વિના એક પળ પણ ચાલતું નથી. એક નાના મોબાઈલ વિના પણ તે રહી શકતો નથી. અકળાઈ જાય છે. તેના પછળ કલાકો બગાડે છે. તેની સર્જકતા ખલાસ થઈ જાય છે. બસ ! આ બાબતના ગાંધી વિરોધી હતા. જીવનમાં સુખ સગવડ વધે એવી ટેકનોલોજી કબૂલ, પણ તેની ગુલામી મંજૂર નથી.

અને આજે ગાંધીના કોઈ પણ વિચારની તાતી જરૂર હોય તો તે છે "સર્વધર્મસમભાવ." ભારત અને વિશ્વમાં ચારે તરફ ધર્મ ઝનૂન વધતું જાય છે. ધર્મના નામે હુલ્લડો અને ત્રાસવાદ વધતા જાય છે. તેનું સૌથી ભયંકર પરિણામ એ દેખાય છે કે માણસ માણસ વચ્ચે અવિશ્વાસ વધતો જાય છે. સામી વ્યક્તિ, બીજા ધર્મનો હોય, તો' પારકો' લાગે છે. આ રોગ આપણા દેશ સહિત સમગ્ર વિશ્વમાં જુદા જુદા નામે પ્રસરે છે. એટલે ધર્મના નામે ત્રાસવાદ ત્રાસ ફેલાવે છે. તેના કારણે બધી જ જગ્યાઓ અસલામત બની ગઈ છે.

ત્યારે ગાંધીનો સર્વધર્મસમભાવ ઉપયોગી બને છે. જો કે ગાંધીએ તો સર્વધર્મસમભાવની જ વાત કરી ન હતી. તેણે તો કહેલ કે બધા ધર્મો આદરપાત્ર છે. બધાને આદર આપવાનો છે, પણ કદાચ એ હદ સુધી જવાની ક્ષમતા ન હોય, તો સમભાવ સુધી પણ પહોંચાય તો પણ પૂરતું છે. આ થશે તો સહિષ્ણુતા કેળવાશે. તો પરસ્પર વિશ્વાસ જન્મશે. તો સલામતી આવશે. પારકાપણું ઓછું થશે. ગાંધી તો તે માટે સમગ્ર જીવન લડ્યા અને તે માટે જ તેમણે પોતાનો જાન ગુમાવ્યો. આજે તે માટે જાન ગુમાવવાની જરૂર નથી, પણ બીજાના જાન જળવાય તે માટે સર્વ ધર્મો પ્રત્યે સમભાવ રાખવાની તાતી જરૂર છે. તો જ દેશમાં અને વિશ્વમાં શાંતિ પ્રસરવાની તક મળશે. એક બાજુ વિશ્વમાં સુખ સગવડો વધે છે. લાખો વર્ષો પછી માણસને સુખેથી રહેવાની તક મળે છે, પણ આવી સંકુચિતતાઓ આ બધાને ભોગવવા નહીં દે. ત્યારે માત્ર ગાંધીના વિચારો જ બધાને સ્વસ્થ રાખી શકે તેમ છે.

અને છેલ્લી વાત. આજે ચારે બાજુ લોકશાહી પ્રસરતી જાય છે. લોકો માટે કામો થાય છે એમ દાવા કરાય છે, પણ હકીકતે જોશું તો સામાન્ય માણસ એકલો પડતો જાય છે. સામાન્ય અને ગરીબનું અત્યારે કોઈ નથી. બધા પોતપોતાના સ્વાર્થમાં મશગુલ છે. સરકારો પણ ધનવાનોની ચિંતા કરે છે. ત્યારે વિવેકાનંદ અને ગાંધી યાદ આવે છે. સ્વામીજીએ પહેલી વાર દરિદ્રનારાયણ શબ્દનો ઉપયોગ કર્યો. ગાંધઈએ તેની

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# 'સંતાનમાં સંસ્કારનું સિંચન કોણ કરશે ?'

ડૉ. ઊર્મિલાબહેન શાહ

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨ ૩૦૪૦૪



'બેન ! તમને સમય છે ? મારે તમારું ખાસ કામ પડ્યું છે."

'એમાં આમ મૂંઝાવ છો શું કામ ? કહો ને ! તમારું કામ હોય અને મને સમય ન મળે એવું હોય ખરું !"

તમારી એ વાત તો બરાબર. પણ આ તો જરા અટપટું છે એટલે આમ હું તમને ડરતાં ડરતાં પૂછું છું. મારી નિકિતાનો મારે IQ અને Aptitude test લેવડાવવો છે.

એમાં શું મોટી વાત છે કે આમ મૂંઝાવ છો !

'બેન ! સાચી વાત કહું ? નિકિતાને તો મેં બી ગ્રુપ બારમામાં લેવડાવી જ લીધું છે. એ નક્કી કરતાં પહેલાં જ મારે આવો ટેસ્ટ લેવડાવવો હતો પણ ક્યાં અને કેવી રીતે લેવડાવવો એ કશું જ શોધી ન શક્યો. પણ હવે તમે આટલું સરસ કામ કરો છો એ માહિતી મળી એટલે મને થયું કે 'Better late than never' એના મમ્મી તો આયુર્વેદનાં ડૉક્ટર છે જ એટલે એમને થયું કે 'હું તો એમ.બી.બી.એસ. ન થઈ શકી પણ નિકિતા જો થઈ શકે તો મારી અધૂરી રહેલી ઈચ્છા પાર પડી શકે ખરી.... અને એટલે એમણે એને 'બી'ગ્રુપમાં એડમિશન લેવડાવ્યું. નસીબ સંજોગે એના માર્કસ્ તો બહુ જ નહોતાં પણ એવા સાવ ઓછાં પણ ન હતાં કે 'બી' ગ્રુપ લઈ ન શકે, એટલે મહેનત કરવાની માનસિક તૈયારી સાથે એને આ જોખમ ખેડાવ્યું છે એવામાં સમાચાર મળ્યાં કે તમે આ ટેસ્ટ લો છો, બેન ! તમે મારા માટે એટલો સમય કાઢી શકશો ને !" અને આમ નિકિતાનો ટેસ્ટ ગોઠવાયો. વર્ષોથી હું સ્કૂલમાં ધોરણ નવની ટર્મિનલ પછી આવો ટેસ્ટ લેતી કારણ કે લગભગ એ ઉંમર પછી વિદ્યાર્થીનાં મગજમાં થોડેઘણે અંશે નક્કી થાય છે કે એણે ભાવિ કારકિર્દી કેવી ઘડવી છે ! પણ એ ટેસ્ટ પછી એના પરિણામથી ચર્ચા માટે હું હંમેશાં માતાપિતાની હાજરીનો આગ્રહ રાખું છું, કારણ કે સંતાનના વિકાસમાં માતાપિતાનો રસ અને એમના નિર્ણયો બહુ મહત્ત્વનાં પરિબળો છે, કારણ કે આજકાલ તો વાલીને સંતાન પાછળ સમય આપવા જેટલી અગત્યતાની ય સમજ ક્યાં હોય છે ! પણ નિકિતાના પપ્પા સાથે મારો જેટલો અને જે પરિચય હતો તે પરથી તો મને માબાપના સહકારનો પૂરેપૂરો વિશ્વાસ હતો. અને એટલે છેલ્લો ટેસ્ટ પતવા આવ્યો ને મેં નિકિતાના મમ્મી પપ્પાને કાઉન્સેલિંગ માટે આવી જવા જણાવ્યું. મમ્મી પપ્પા સમયસર આવી તો ગયા... પણ મમ્મીને મળતાં જ હું જરા આઘાત પામી ગઈ. એના મમ્મીએ જીન્સ અને શર્ટ પહેરેલા. એક વાલી તરીકે તમારા મગજનાં જે ઈમેજ હોય તેનાથી સંપૂર્ણ જુદી જ.... એના મમ્મી પોતે તો આયુર્વેદ કૉલેજમાં લેક્ચરર છે, આ વસ્ત્રપરિધાન ! ક્યાંય કોઈ વિદ્યાર્થી મળી જાય કે સહકાર્યકર મળે તો કંઈક માનની લાગણી થાય એવા તો દેખાવું જોઈને ! મને તરત જ યાદ આવી ગયું. 'એક નૂર આદમી... હજાર નૂર કપડાં.' વસ્ત્રપરિધાનથી વ્યક્તિનું વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય છે, અને તમે જે કોઈને મળો એ તમારી તરફ માનભરી રીતે જુએ એવું તો તમે ઈચ્છો જ ને ! રોજ સવાર પડે અને સમાચાર પાત્રનાં પ્લસનાં પાના ઉપર કૉલેજમાં ભણતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનાં ફોટા જોઉં ને મને મનમાં અકળામણ થાય કે શું આ વિદ્યાર્થીનીઓની માતાઓ એમની દીકરીઓનાં આ ફોટા નહીં જોતી હોય ! આજે ચારે બાજુથી છોકરીઓની છેડતીનાં સમાચારો વાંચવા મળે છે ત્યારે સતત મનમાં મૂંઝવણ થયાં જ કરે છે કે આને માટે જવાબદાર કોણ ? ચલચિત્રો, ટી.વી., સમાચાર પત્રો, મેગેઝીનો અને વળી હવે તો સેલફોન,

આજની ઉગતી પેઢીને સારાં સંસ્કાર આપવા ક્યાંથી ? કેવી રીતે ? શિક્ષણક્ષેત્રમાં રોજેરોજ નવા સુધારા થતાં જ આવે છે અને એટલે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં લખ્યું હોય તેનાં જ માર્ક્સ ઉપરથી તેમનું મૂલ્યાંકન થાય તેવું આપણે ઈચ્છીએ તો ખરાં જ પણ તેને બદલે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તો સારું એવી ધારણા સાથે એંસી માર્ક્સ પેપર લખ્યું હોય તેમાંથી અને વીસ માર્ક્સ એનામાં સંસ્કારનું સિંચન થયું હોય, એનું વ્યક્તિત્વ, આચાર વિચાર રીતભાત બધાંની સમગ્ર છાપ ઉપરથી જ તેનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય લેવાતો ગયો છે અને એટલે માતાપિતાને એ સમજાય એટલા માટે માબાપની મીટીંગ બોલાવી તો એમાં જ એક બે મમ્મી બરાબર આગળ જ એવા કપડાં પહેરીને બેઠી હતી, મને થયું..... અહીં કેટકેટલા વાલી છે ! કેટકેટલા ટીચર્સ છે ! આવા વાતાવરણમાં સંસ્કારીતાની છાપ જ ક્યાંથી પડે ! મને થયું, આવા માબાપ હોય ત્યાં સંતાનમાં સંસ્કારનું સિંચન તો ક્યાંથી થાય ! સંતાનો પણ હવે પહેલાં કરતાં ઘણાં બુદ્ધિશાળી થતાં જાય છે. પાશ્ચામાત્ય સંસ્કૃતિનો એક ઘેરો વંટોળ આપણને વીંટાઈ વળ્યો છે, સવારે છાપું ખોલવું પણ ગમે નહીં તેવા તેમાં ચિત્રો જોવા મળે છે ખરેખર તો સવારથી જ   દયમાં દુઃખ લાગે છે.....

તેમાં ય આવા ભણેલા ગણેલા સુસંસ્કારી એવા લોકો પણ જો એમને જોતા માન થાય એવા કપડામાં જોવા ન મળે ત્યારે તો એમ જ પૂછે કે સંસ્કારીતાને ક્યાં શોધીશું ? સામાન્ય રીતે સંતાન અને નવી ઉછરતી પેઢી માબાપ કહે તેમ નહીં પણ કરે તેમ કરે છે. માબાપને ઈશ્વર મહામૂલું બાળક એનામાં વિશ્વાસ મૂકી ભેટ આપે તે પળથી જ એણે એના રોલ મોડેલ થવાનું છે ને તે માટે સતત જાગૃતિ રાખવાની છે, ઘણું જતું કરવાનું છે. તેને બદલે આવા વસ્ત્રપરિધાન પહેરીને શું તે તેના માટે માન ઉભું કરી શકશે ખરી ? એ માટે તો આપણે આપણા જીવનની પળેપળને સમર્પી દેવી પડે. સાધના વિના શું સિદ્ધિ શક્ય છે ખરી !!!

## વર્તમાન યુવાઓ માટે ગાંધીની પ્રસ્તુતતા

ચિંતા કરવાનો વ્યાપક પ્રયાસ કર્યો. તેના ઉત્થાન માટે સમગ્ર જીવન મથ્યા. અને છતાં આજે પણ ગરીબ તો અસહાય જ છે. ત્યારે આજના યુવાનો જો આ ગરીબો અને સામાન્યો પર ધ્યાન આપે, તેની સેવા કરવા, તેને પ્રગતિના માર્ગે લઈ જવામાં મદદરૂપ થાય, તો બહુ મોટું કામ કરશે. ગાંધીનું દોઢસોમું વર્ષ બીજું કશું ન કરતાં માત્ર ગરીબો માટે કશુંક પણ કામ કરાશે, તેમને આગળ વધવા પ્રોત્સાહિત કરાશે, તેમને આર્થિક સ્વાવલંબી બનાવવામાં હાથ લંબાવાશે, ગરીબ બાળકોને શિક્ષણ મેળવવામાં ઉપયોગી થવાશે, તો આ સાર્ધ શતાબ્દીને તેણે ભવ્ય રીતે ઉજવી છે એમ કહી શકાશે.

ગાંધીનો મુદ્દો એક જ છે – માનવ. તે કહે છે કે માણસનું ગૌરવ ગમે તેમ કરીને જાળવાવું જોઈએ. સ્વતંત્રતા, સ્વાવલંબન-બધું જ માનવ ગૌરવને જાળવવા માટે છે. અને તેની શરૂઆત સમાજના છેલ્લા માણસથી કરવાની છે. અંત્યોદય એટલે જ અંતિમ માણસનો પહેલો ઉદય. જો અંતિમ માણસન પ્રગતિ તરફ આગળ વધશે તો સમગ્ર સમાજ આપોઆપ પ્રગતિ કરશે. દરિદ્રને માત્ર ગરીબ માણસ તરીકે ન જોતાં તેને 'નારાયણ' - ભગવાન - તરીકે જોવામાં આવશે તો તેના તરફ આદર વધશે. અને તેને દરિદ્રતામાં ન રહેવા દઈ તેને પ્રગતિશીલ બનાવવાનો છે. તેને તેના નારાયણ સ્વરૂપનું ભાન કરાવવાનું છે. ગાંધીના બીજા બધા વિચારો કદાચે ભૂલાઈ જવાય, પણ આ વિચારનો અંત્યોદયનો અમલ કરાશે તો પણ માત્ર ગાંધીજી જ નહીં, ભૂતકાળના બધા જ મહાન લોકો ખુશ થશે.

નીડરતાપૂર્વક સત્યનું પાલન કરી, અહિંસક થઈ, સમગ્ર સમાજની સેવા કરી શકાય, સમાજમાં વિશાળતાનો સંદેશ પ્રસરાવી શકાય, તો ગાંધી દોઢસોની સાચી ઉજવણી.

અને આ શક્ય છે, ઈચ્છા હોય તો !

ગાંધી : સનાતન ક્રાન્તિકારીમાંથી સાભાર....


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# પ્રજાસત્તાક દિન

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



જાન્યુઆરી માસ ભારત માટે મહત્વનો ગણાય છે. આ વર્ષે સમગ્ર ભારતમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી ગૌરવભેર થાય છે. ઘણાં વર્ષો સુધી અંગ્રેજોએ આપણાં ઉપર રાજ કર્યું. અંતે ગુલામીમાંથી મુક્ત થઈ આપણે આઝાદ થયા. ભારતના નાગરિકો પ્રસન્ન થયા. બંધારણ અને પ્રજાસત્તાક દિનની સ્થાપના થઈ. પ્રજાનું રાજ અમલમાં આવ્યું. સૌને વિકાસ માટેની તમન્ના જાગી. એ માટે સૌ પ્રયત્નશીલ થયા. સ્વતંત્રતા મળ્યા પછી ભારતે વિકાસના અનેક ક્ષેત્રોમાં ઘણું ઊંચું સ્થાન મેળવ્યું. સ્વતંત્ર બંધારણને કારણે ભારતે વિજ્ઞાન, ટેકનોલોજી, શિક્ષણ, કૃષિ, વાહન વ્યવહાર, ઉડ્ડયન, ઉદ્યોગ, વેપાર-રોજગાર, સંદેશા વ્યવહાર, કલા સાહિત્ય અને પ્રકાશન ક્ષેત્રે ભારતે સારી પ્રગતિ કરી છે. પંચવર્ષીય યોજનાનાં અસરકારક અમલના પરિણામે આજે ભારતના છેવાડાના ગામ સુધી વીજ સેવા પહોંચી શકી છે. પ્રજાની જ સત્તા અને પ્રજાનો એકમત સાધવા લોકશાહી ઢબે આપણું બંધારણ અમલમાં છે. આજે દેશના નાગરિકને પ્રાથમિક સવલત અને સુખાકારી આપવા આપણું બંધારણ પ્રયત્નશીલ છે. પ્રજા દ્વારા સમલમાં આવેલા આ બંધારણે ભારતને રક્ષણ અને વહીવટી વ્યવસ્થા માટે સારી એવી મદદ કરી છે. એથી જ બંધારણનો અમલ એ આપણા ગૌરવની, પ્રજાસત્તાક દિનની સ્થાપના.

એવી ઘણીય બાબતો છે જેમાં બંધારણની ઉપેક્ષા થાય છે તેવું સાંભળવા મળે છે. સાથે સાથે આજે દહેજ, ભ્રષ્ટાચાર, સંગ્રહખોરી, ઓછું કામ કરી વધુ મેળવવાની વૃત્તિ, લાંચ-રૂશવત, આપઘાત વગેરે જેવા અનિષ્ઠો આપણને ચિંતા કરાવે છે.

આજે પ્રજાસત્તાક દિનની ઉજવણી માત્ર કર્મકાંડ બની છે. શિક્ષણ સંસ્થાઓ, સરકારી કચેરીઓ કે અમુક ક્ષેત્રો પૂરતું મર્યાદિત બની રહ્યું છે. આ દિવસે આઝાદી માટેના પ્રેરણાદાયી ગીતો ગવાય છે. ભૂતકાળના દિવસો યાદ કરાય છે. એટલું પૂરતું નથી.

આથી આ દિવસે ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારા ભાઈ-બહેન છે. એવી સમજણ સૌમાં વધારે વિકસે એ માટે સહિયારો પૂરુષાર્થ કરીએ. રાષ્ટ્રપ્રેમ વિકસે એવા પ્રયત્નો હાથ ધરીએ.

પરસ્પરનો ભાઈચારો, કોમી એખલાસ, સહકાર અને બંધારણનું પાલન દેશને સમૃદ્ધ બનાવશે. બધા જ ધર્મોનો આદર એ માનવતાનો આદર છે. તેમ થશે તો જ પ્રજાસત્તાક રાજ્ય-રાષ્ટ્ર વધારે સફળ થશે. દેશનો વધુ વિકાસ કરવા સારું ભણીએ રાષ્ટ્રપ્રેમ કેળવીએ અને દેશને મજબૂત બનાવીએ.

પ્રજાસત્તાક રાષ્ટ્રને સફળ બનાવવા પ્રજાએ જ આગળ આવવું પડશે. આપણાથી શક્ય તેટલું સારું કરવાને પ્રયત્ન કરીએ. ચૂંટણી દરમિયાન મત આપવા જરૂર જઈએ. રાષ્ટ્રની મિલકતનું રક્ષણ કરીએ. બાળમજૂરી, ઘરડાઘર, અનાથાશ્રમ વગેરે ઓછા થાય તેવા પ્રયાસો કરીએ. ભારતની શાન એ આપણી જ શાન છે. તેનો વિકાસ એ આપણો જ વિકાસ છે એવા વિચારોનો પ્રચાર-પ્રસાર કરતા રહીએ...... તો જ.... પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજને નમન કર્યાનું વધારે સાર્થક થશે.

ભારતમાતાના સાચા નાગરિક બની વિશ્વમાં ભારતનું નામ ઊજવીએ.

## સાર્ધ શતાબ્દી વંદના

રમેશ ઓઝા

મુંબઈ

**એક પ્રસંગ : એ રાત!**

શિયાળાની મોસમ હતી. સાંજની વેળાએ ગાંધીબાપુ ફરવા નીકળ્યા. ફરતા ફરતા આશ્રમની ગૌશાળામાં પહોંચ્યા. ત્યાં તેમણે ટાઢે થથરતા એક બાળકને જોયો. એ કદાચ ગૌશાળામાં કામ કરતો હતો.

બાપુએ તેને પૂછ્યું : "ભાઈ, આમ ટાઢે કેમ થથરે છે? કશુંક ઓઢી લે ને."

બાળકે કહ્યું : "બસ આ એક ચાદર મારી પાસે છે. એ જ રાતે ઓઢું છું."

બાપુ ઉદાસ થઈ ગયા. પોતાની કુટીરમાં પાછા વળ્યા. પણ ન બોલે કે ન ચાલે. જલદીજલદી જૂનાં લૂગડાં અને ગાભા એકઠાં કરવા લાગ્યા. કસ્તૂરબાએ પૂછ્યું કે, 'શું કરો છો?' જવાબમાં એટલું જ બોલ્યા કે એક ગોદડું બનાવવું છે. જલદી બનાવવું છે.

બાપુ આમ થોડુંક બોલે ત્યારે કસ્તૂરબા બહુ બોલે નહીં. સમજી જાય કે બાપુએ કશોક પાકો નિશ્ચય કર્યો છે. એમણે ચૂપચાપ ગોદડું બનાવવામાં મદદ કરવા માંડી.

લગભગ મધરાતે ગોદડું બની રહ્યું. એટલે એ ઉઠાવીને બાપુ ચાલ્યા. કસ્તૂરબાને પણ સાથે લીધાં. ગૌશાળામાં ગયાં. ત્યાં પેલો બાળક સૂતો હતો. એને ગોદડું ઓઢાડી દીધું.

પછીને દિવસે બાપુ વળી ફરવા નીકળ્યા. ગૌશાળાએ પહોંચ્યા. પેલા બાળકે હાથ જોડ્યા. કહે કે ગઈ રાતે નીંદર સારી આવી.

બાપુએ એ જ ઘડીએ નિર્ણય કર્યો. આવાં તો અનેક બાળકો ટાઢે થથરતાં હશે. મારે બને એટલાને માટે સારી નીંદરની જોગવાઈ કરવી જોઈએ.

એ શિયાળામાં બાપુએ અને કસ્તૂરબાએ ગોદડાં બનાવવા માંડ્યાં. આશ્રમવાસીઓનેયે કામમાં જોતર્યા. એ વરસે એમણે કુલ ૨૫૦ ગોદડાં ગરીબોને ઓઢાડ્યાં. (શાશ્વત ગાંધી : ૧, પૃષ્ઠ, ૧૮૦)

## પ્રકૃતિના ખોળે રમીએ

રાજેશ બારૈયા 'વનવાસી'

મું.પો. બોરડા, તા- તળાજા,
જિલ્લો - ભાવનગર ૩૬૪૧૩૦

*આવો બાળ-દોસ્તો આપણે,*
*પ્રકૃતિના ખોળે રમીએ,*

*પતંગિયાંની પાંખે આપણે,*
*રંગીન ફૂલે-ફૂલે ભમીએ,*

*વાણિયાનું વિમાન બનાવી,*
*ચાંદા મામાને મળવા જઈએ,*

*આગ્યાને દોસ્ત બનાવી,*
*તારલિયા જેમ ટમ ટમ કરીએ,*

*કરોળિયાની બુદ્ધિ તેમની,*
*જાળમાં આપણે જોઈએ,*

*સુગરી દરજીડાના માળામાંથી,*
*પાઠો તેમની કરામતના શિખીએ,*

*વડ દાદાની વડવાઈએ,*
*આપણે હીંચકા હીંચકા રમીએ,*

*ધરતીનો ખોળો ખુંદી,*
*પ્રકૃતિના ખોળે રમીએ.*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સરસ્વતી વિદ્યામંડળ - અમૃતપર્વની શિક્ષણયાત્રામાં
# સારસ્વતોનું ૭૫મું ભવ્ય સ્નેહમિલન











ઘરશાળા
જાન્યુઆરી-૨૦૨૦

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# ભાષાનો મહિમા

કાલેલકર



જે પ્રાણીઓમાં પોતાના વિચારો, ભાવના, શંકા, અનુમાન, આકર્ષણ, તિરસ્કાર આદિ વ્યક્ત કરવાની સગવડ નથી એમને કેટલી મૂંઝવણ થતી હશે ? સંભવ છે કે એ બધું વ્યક્ત કરવાનું ભાષા જેવું સાધન પાસે ન હોવાથી વિચાર, ભાવના આદિનો વિકાસ પણ ન થતો હોય. બીક, લોભ, આકર્ષણ અને તિરસ્કાર તરત વ્યક્ત થાય છે. મદદ કરવાની કે રક્ષણ કરવાની વૃત્તિ તો તરત પ્રગટ થાય જ છે. પણ ભાષાને કારણે માણસના વલણમાં ઘણી સૂક્ષ્મતા અને સ્પષ્ટતા આવે છે અથવા કેળવાય છે. ગેરસમજને અવકાશ નથી રહેતો. અને તેથી સૂક્ષ્મ તેમ જ ઉત્કટ વિકાસ થઈ શકે છે. ભાષાને કારણે જ વિચારશક્તિ અને ભાવના અસાધારણ ખીલે છે.

પણ એ ભાવનાને કારણે જ આગળ જતાં ગેરસમજો થવાની પણ બીક રહે છે. 'ભાષા તો વિચારો છુપાવવાનું સાધન કે કળા છે.' એમ કહેવાનો વારો આવ્યો છે એ કેટલું આશ્ચર્ય ! મનની વાતો વ્યક્ત કરવાની અનિચ્છા અને સંકોચ એ એક ભારે વસ્તુ માણસ આગળ ઊભી થઈ. ત્યારથી કૃત્રિમતા, મિથ્યાચાર અને દંભને સ્થાન મળી શક્યું. સંસ્કૃતિમાં એને પણ સ્થાન આપ્યા વગર છૂટકો નથી રહ્યો.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.